કુમાર

સંસ્થાપક - સ્વ. રવિશંકર રાવળ

વર્ષ ૫૫મું
અંક ૬ઠ્ઠો
જૂન
૧૯૭૮
સળંગ
૬૫૪
મો અંક

તંત્રી
બચુભાઈ
રાવત



◁
રતિ

(ફોટો : ચન્દ્રકાન્ત ઝવેરી)
યૌવનસભર રૂપના મૂર્તિમંત અંક સમા નારીના દેહલાવણ્યના નિર્માણમાં પ્રાચીન ભારતના શિલ્પીઓની અજબ સિદ્ધિ રહી છે-નાલાસોપારાના એક મંદિરમાં હાથમાં પ્રેમના પ્રતીક રૂપ શુકને ધારણ કરીને અલસ મુદ્રામાં સ્થિત રતિના આભૂષણખચિત પુષ્ટસુંદર દેહની ભંગિમાં શિલ્પીએ જાણે લાલિત્યના પ્રવાહને સ્થિર કરી દીધો છે.



ઘરદીવડો (ચિત્રકાર: જશુભાઈ શાહ) ગાર-મટોડાના ખોરડાને જેમ નાનકડો દીવડો અજવાળે એમ દીકરો માતાના જીવતરને ઉજાળે. ભલે બીજી કોઈ સુખસાહેબી ન હોય પણ દીકરાથી ઘર ભર્યુંભર્યું લાગે. કુમળી કાચી કેરી મોટી થાતાં લૂમેઝૂમે એમ દીકરો ભડભાદર થાતાં કળશી કુટુંબથી ઘર અભરે ભરાય. માના જીવતરની તો એ જ મીઠપ, એના ભવિષ્યની એ જ આશા, રાંકનું એ જ રતન. ચિત્રકારે આ ભાવનાને વ્યક્ત કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે. રંગ-આકારની બુદ્ધિગમ્ય કલાચાતુરીને બદલે એની સહજ સરળ રજૂઆત જૂનવાણી લાગશે, પણ અહીં ચિત્ર દ્વારા એને જે કહેવું છે એ બુદ્ધિને માટે નથી, હૃદયને માટે છે. રાગ-સંગીતના તાનપલટા નહિ પણ અંતરના ભાવનું ગીત સંભળાવવું છે. કલાના વૈયાકરણીઓ માટે નહિ, સામાન્ય ભાવક માટે એ છે. એમાં રંગની ભભક ને આકારોના આટાપાટા નથી, નિતાંત સાદગી છે—માના નિર્મલ વાત્સલ્ય જેવી.

દરેક ભાતના
ભોજન સાથે
ભળી જાય છે



Lijjat PAPAD

લિજ્જત
પાપડ
મસાલા

શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ
(ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન દ્વારા માન્ય)
• જ. રા. માર્ગ મુંબઈ-૨ • નારાયણવાડી, મુંબઈ-૪
• વાંદરા, મુંબઈ-૫૦ • વડાલા, મુંબઈ-૩૧
• કાંદિવલી, મુંબઈ-૬૭ • મુલુંડ, મુંબઈ-૮૦
• પુના • અમરાવતી • વારાણસી • નાગપુર • ઓળોડ
• રામપુરીયા • રાજકોટ • • હૈદ્રાબાદ • કલકત્તા.

જૂન ૧૯૭૮ • અંક ૬૫૪

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે સ્હેજે નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે...

રુક્મિણી મંદિર

જાન્યુઆરી '૭૮ના અંકમાં દ્વારકાના રુક્મિણી મંદિર વિષે જે ઉલ્લેખ થયો તે ઘણો ગમ્યો. આવી રીતે ગુજરાતનાં બધાં જ મંદિરો વિષે 'કુમાર'ના વાચકોએ ચર્ચા કરવી જોઈએ. આ રુક્મિણી મંદિરની એક નોંધપાત્ર વાત જણાવવાની કે તે મંદિર ઉલૂઘખાનને હાથે શિખરભંગ થએલું છે. ગુજરાતના ઇતિહાસમાં હજુ સુધી આની નોંધ લેવાઈ હોવાનું જાણમાં નથી. ઉલૂઘખાને તોડેલું શિખર તે પછી સ્થાનિક બ્રાહ્મણોએ તુરત જ રીપેર કર્યું છે પરંતુ હાલ ઝીણવટથી જોનારને શિખરનો ઉપલો ભાગ પાછળથી બનેલો સ્પષ્ટ દેખાશે. આ મંદિરની બીજી નોંધપાત્ર બીના એ છે કે મંદિર ઊંચી પીઠિકા ઉપર છે. તેના મંડોવરમાં દિગ્પાલો ને અપ્સરાઓનાં શિલ્પો છે તેમ જ બહારના ગવાક્ષોમાં ત્રણ માતૃકા-મૂર્તિઓ છે. આ મૂર્તિઓ કઈ દેવીઓની છે તે હજુ સુધી કોઈએ દર્શાવ્યું નથી. પણ અસલમાં આ મંદિર રુક્મિણી મંદિર નહિ હોય. જો કે આ વિષે શ્રી ઢાંકીભાઈ, શ્રી પલાણભાઈ, શ્રી પ્રફુલ્લભાઈ રાવળ જેવા વિદ્વાનો વિશેષ પ્રકાશ ફેંકશે. ગુજરાતમાં હાલ ત્રણેક રુક્મિણી મંદિરો આવેલાં છે જેમાં દ્વારકા ઉપરાંત બીજું તુલસીશ્યામમાં માધવપુરા મધુવનમાં છે. કૃષ્ણ-રુક્મિણી મંદિરો મહારાષ્ટ્રમાં બહુ જ પ્રચલિત છે. એટલે સંભવ છે કે મહારાષ્ટ્રની અસર નીચે આવાં રુક્મિણી મંદિરો ગુજરાતમાં ઊભાં થયાં હશે. ગુજરાત, રાજસ્થાનમાં રાધાકૃષ્ણ વધુ પ્રચલિત છે. આમ રુક્મિણી મંદિરો વિશેષ સંશોધન માગે છે.

(પોરબંદર) —મોહનપુરી ગોસ્વામી

વૈષ્ણવી દેવીસ્થાનો

છેલ્લા થોડા વખતથી 'કુમાર'માં તેમ જ અન્યત્ર દ્વારકાના રુક્મિણી મંદિર અને રુદ્રમાળ વિષે ચર્ચાઓ ચાલી રહેલ છે. આના અનુસંધાનમાં રુક્મિણી મંદિર વિષે સહેજ વિશેષ લખવાનું મન થાય છે. આ મંદિરનો એક કરતાં વધારે વખત જીર્ણોદ્ધાર થયો છે. શિખરનો ઉપલો ભાગ પાછળથી બન્યો હોવાનું તુરત જ જોઈ શકાય છે. અસલના ભાગના શિખરમાં જાળીઓનું શિલ્પાંકન છે, જ્યારે ઉપરના ભાગમાં લગ્નની ચોરીમાં હોય છે તેવા ઘડાઓનું શિલ્પ જોવા મળે છે. આ ઉપરાંત મારા મિત્ર શ્રી કમલેશ વિસાણીએ 'સ્વાધ્યાય'માં દર્શાવ્યું છે તે મુજબ ગૂઢ મંડપ પણ પાછળથી બનેલો છે. આ મંડપ બન્યો ત્યારે તેની સાથે જ બાજુનું હનુમાન મંદિર અને ખુલ્લી ચોકી બનેલાં છે. આ બધાં બન્યાં એનો શિલાલેખ પણ મંડપના ઉપલા પથ્થરમાં લખાએલો છે. આ શિલાલેખ પોરબંદરના શ્રી મોહનપુરી ગોસ્વામી ઉકેલી ગયા છે, જેની વિગત હજુ જાણવા મળી નથી.

આ ઉપરાંત અત્યાર સુધી નજર બહાર રહી જતી એક વાત એ છે કે રુક્મિણી વૈષ્ણવી શાક્તપીઠ છે તેમ જ આ મંદિરની બરાબર સામે આવી જ બીજી વૈષ્ણવી શાક્તપીઠ આવેલી છે, જે અત્યારે તદ્દન ભગ્ન હાલતમાં છે. આ બધાંનો વિચાર કરતાં વૈષ્ણવી દેવીઓનાં આ સ્થાનો, આપણા દેશમાં વૈષ્ણવ જુવાળ (૧૧–૧૨મી સદી) આવ્યો ત્યારે ઊભાં થએલાં જણાય છે. દ્વારકા મોટે ભાગે વૈષ્ણવ તીર્થ છે અને રુક્મિણી મંદિરનો શાક્તપીઠ તરીકેનો ઉલ્લેખ પુરાણોમાં પણ મળે છે. આ વૈષ્ણવી દેવીસ્થાનો એનાં શિલ્પસ્થાપત્યની દૃષ્ટિએ તથા આજુબાજુના અવશેષો તથા શિલાલેખોની દૃષ્ટિએ અભ્યાસ કરવા જેવાં છે. 'કુમાર'ના વાચક તરીકે ઈચ્છું છું કે આની વિશેષ ચર્ચા થાય.

(દ્વારકા) —રણજિતસિંહ ચાવડા

બરડિયા પાસેનાં મંદિરો

દ્વારકાના રુક્મિણી મંદિર અને રુદ્રમાળના શિલ્પ વચ્ચેના સામ્ય અંગે 'કુમાર'ના જાન્યુ. '૭૮ના અંકમાં પ્રકટ થએલા શ્રી કમલેશ વિસાણીના પત્રના અનુસંધાનમાં શ્રી વિક્રમસિંહ જાડેજાએ 'કુમાર'ના માર્ચ '૭૮ના અંકમાં આ વિષય પર વિદ્વાનો દ્વારા વિસ્તારપૂર્વક ચર્ચા થાય એવી ઈચ્છા પ્રકટ કરી છે એ યોગ્ય જ છે. આ વિષય પર વિદ્વાનો ચર્ચા જરૂર કરશે. પરંતુ એ ચર્ચા શરૂ થાય એ પહેલાં એક મુદ્દો હું ઉમેરવા ઇચ્છું છું. દ્વારકાથી આઠ કિ. મી. દૂર બરડિયા ગામ પાસે આવેલાં સામ્બ-લક્ષ્મણાનાં મંદિરોનું શિલ્પ પણ રુક્મિણી મંદિરના શિલ્પને ખૂબ જ મળતું આવે છે. આ અંગેનો ઉલ્લેખ શ્રી કલ્યાણરાય જોશીએ 'ઓખામંડળના વાઘેરો' પુસ્તકમાં પણ કર્યો છે, અને મેં પણ એ શિલ્પનું નિરીક્ષણ કર્યું છે. આ ચારેય સ્થળોનાં શિલ્પ-સામ્ય વિષે વિદ્વાનો સંશોધન કરી કોઈ નવી વાત શોધી કાઢે એવું ઇચ્છીએ.

(દ્વારકા) —રણજિતસિંહ ચાવડા

ગયા એપ્રિલ માસના 'કુમાર'માં (પૃ. ૧૨૦) 'સામાન્ય રોગોપચાર અંગે સ્પષ્ટતા' કરતા વૈદ્ય નવીનભાઈના પત્રમાં ડૉ. ત્રિવેદીનો ઉલ્લેખ છે તે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી નહિ, પણ જેમના પત્રોનો (જુઓ ડિસે. અંક ૬૪૮, પૃ. ૩૯૯) નવીનભાઈએ ઉત્તર આપ્યો છે એ, રાજકોટના ડૉ. લલિત પી. ત્રિવેદીના નામનો છે. —સં.

ગુજરાતી સાહિત્યનાં પ્રાણવાન છતાં સસ્તાં પ્રકાશનો

(૧) કાવ્યવિશ્વ
સં. ડૉ. સુરેશ દલાલ રૂા. ૩૦
વિશ્વની કવિતાનો સંચય – રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા પુસ્તક

(૨) સાહિત્ય-તત્ત્વ અને તંત્ર
ગુલાબદાસ બ્રોકર રૂા. ૧૫
અભ્યાસી સર્જકની વિચારણાનો વિવેચન ગ્રંથ – મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની પ્રસ્તાવના સાથે

(૩) હયાતી
હરીન્દ્ર દવે રૂા. ૧૫
પ્રસિદ્ધ કવિનાં ઉત્તમ કાવ્યો – મનનીય પ્રસ્તાવના સાથે

(૪) સિમ્ફનિ
ડૉ. સુરેશ દલાલ રૂા. ૫

(૫) સાતત્ય
ડૉ. સુરેશ દલાલ રૂા. ૮

(૬) છાકમછલ્લા
ડૉ. સુરેશ દલાલ રૂા. ૫
પુ. ૪–૫–૬ : કવિતા અને તત્ત્વજ્ઞાનનો સમન્વય કરતાં કાવ્યો

(૭) પરભોમનાં પુષ્પો
ગુલાબદાસ બ્રોકર રૂા. ૧૫
સમર્થ વાર્તાકારની કલમે આલેખાયેલ દેશવિદેશની કલાત્મક નવલિકાનો સંગ્રહ

નવાં પ્રકાશનો
(પ્રેસમાં)

(૧) સમયરંગ : ડૉ. ઉમાશંકર જોશી
સંસ્કૃતિપુરુષ કવિ ઉમાશંકર સાથે ગાઢ પરિચય કેળવવા માટે આ લેખ-સંગ્રહ વાંચવો જ રહ્યો.

(૨) વિજ્ઞાન મુદ્રા : મનુભાઈ મહેતા
'જન્મભૂમિ'ના ભૂતપૂર્વ તંત્રીનું આ વિષય પરત્વે અદ્ભુત માહિતી અને જ્ઞાન આપતું અનન્ય પુસ્તક.

ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ
૨૭૬, દાદાભાઈ રોડ, કોટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૧

સર્જકની ધૃતિ / ઉશનસ્

• ખંડ શિખરિણી •

ગમ થકી ભરેલા તમ થકી
સવારો સર્જે જે સરસ સ્ફૂરતીલાં દ્યુતિમય;
પતઝડ પડેલાં પર્ણથી
બહારો સર્જે જે સુરભિમય રમ્યાકૃતિમય;
વિરત અટકેલી સ્થિતિ થકી
નઝારો સર્જે જે ગતિ રતિ અને સંગીતિમય;
વણખપનું જેને કંઈ નથી
મહાચંબે નામું સરજક તને, હે ધૃતિમય!

મૌન / જિતેન્દ્ર કા. વ્યાસ

• ગઝલ •

મૌન એટલે ઈન્દ્રધનુનું ભાંગી પડવું,
મૌન એટલે નભનું મૂગું મૂગું રડવું.

મૌન એટલે 'હું' ને 'તું'નું બંધ ઝગડવું,
મૌન એટલે 'તે'માં સહુ કોઈનું જડવું.

મૌન એટલે શબ્દોનું આકાશે અડવું,
મૌન એટલે શૂન્યતણું શૂન્યે જ દદડવું.

મૌન એટલે બધા આયનાઓનું તૂટી પડવું,
મૌન એટલે બિંબ અને પ્રતિબિંબનું ભેટી પડવું.

ભ્રમ / લલિત ત્રિવેદી

• ગઝલ •

યાદોનું વરસવું અને ભીના થયાનો ભ્રમ,
છે શુષ્ક દશામાંથી એ છૂટી ગયાનો ભ્રમ.

ધારું છું ખાલી ગ્લાસને રંગોથી તર-બ-તર,
ને ઝૂમતો રહું છું કરીને નશાનો ભ્રમ.

શ્વાસો લઈ રહ્યો છું હજી હું સરસ રીતે,
ચાલ્યા કરે છે આજુબાજુથી હવાનો ભ્રમ.

નિશ્ચેષ્ટ પીળા પર્ણ સમું રક્ત છે હવે,
કોઈ પવનથી પણ ન થાય સળવળ્યાનો ભ્રમ.

લાગે છે રાતે થૈ જ હશે કૈંક સારવાર
અમથો સવારે થાય નહિ સ્વસ્થતાનો ભ્રમ.

તો જુઓ / 'ધૂની' માંડલિયા

• ગઝલ •

સર્પ તો ગયા, લીટાનું જોર તો જુઓ!
બાકી બચેલ કાંચળીનો તોર તો જુઓ!

લાખ લાખ તારલાને તે હણે, છતાં
છે વંદનીય જાગતું પરોઢ તો જુઓ.

જે હેમના પિંજર થકી પીછું સરી ગયું,
ફળિયું ભરી દીધું કરીને શોર તો જુઓ.

હે ઝાંઝવાં ઊઠો જરા જુઓ અટારીમાં,
છે ચાંદની ચગેલ, ભર બપોર તો જુઓ.

આવ્યાં તમે તો કેટકેટલું ય થઈ ગયું,
ઊડી રહ્યો ગુલાલ ચારે કોર તો જુઓ.

આ તોરણની ભૂંગળીઓ રણઝણી ઊઠી,
ઝૂમી ઊઠ્યો છે ટોડલાનો મોર તો જુઓ.

ના કંટકોને વાવણીનું ભાગ્ય પણ મળ્યું,
વારિ વિના જીવી જનાર થોર તો જુઓ.

છું / ડૉ. અશરફ

• ગઝલ •

હું વૃક્ષતાથી આગળ નીકળી ગએલ છું,
છું પાન ઝાડનું અને પાછું ખરેલ છું.

ટોળાંની સ્તબ્ધતા અને તાળીઓ છું હવે,
જાણે કે મદારીએ જમાવેલો ખેલ છું.

અકબંધ ટકોરાઓ હાથમાં જ લઈને
દ્વારેથી ઘણી વાર હું પાછો ફરેલ છું.

મારા વિષે છે દંતકથાઓ ને વારતા,
ખંડેર થઈ ગએલો પુરાતન મહેલ છું.

કલશોર થઈ ગયો છું છૂટેલી નિશાળનો;
સાંજે રજાના વખતે પડેલો હું 'બેલ' છું.

હાઈકુ / કિશોર મોદી

મૌનનાં ગીતો
લઈ ઊભો ચાડિયો
ટહુકા વચ્ચે.

વડલા નીચે
પરબ વાટ જુએ
વટેમાર્ગુની.

ચીંથરેહાલ
ચાડિયો ફરકાવે
લીલો રૂમાલ.

હાઇકુ / મીનાક્ષી દોશી

પગલાં માથે
કેડીની વાટ; નજર
ક્ષિતિજ પાર.

ઊતરે ઊંડાં
અંધારે મૂળ; ફેલાતી
શાખા આભમાં.

ઊતરે આભ
સરવરમાં; મીન
સાવ અજાણ.

કવિલોક

મે-જૂનનો ગ્રીષ્મ અંક થોડા સમયમાં જ પ્રકટ થશે. જુલાઈ-ઑગસ્ટનો અંક 'પ્રયોગ-વિશેષાંક' તરીકે પ્રકટ થશે. ગ્રાહકોને તે નિયત લવાજમમાં મળશે, જ્યારે તેની છૂટક કિ. રૂ. પાંચ. આજીવન લવાજમ માત્ર રૂ. ૧૦૦. વાર્ષિક લવાજમ રૂ. ૧૨. શિક્ષણસંસ્થાઓ અને ગ્રંથાલયો પણ આજીવન ગ્રાહક બની શકશે. આપનું લવાજમ સત્વરે મોકલી આપો. C/o કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આ અંકના મુખચિત્ર 'ઘરદીવડો'ના ચિત્રકાર જગુભાઈ શાહ છે. છાપભૂલથી 'જશુભાઈ' છપાઈ જવા બદલ દિલગીર છીએ.

સહકાર

બહાદુરશાહ પંડિત

એક કથા છે કે એક વાર વિષ્ણુ ભગવાને દેવો અને દાનવોને ભોજન માટે નિમંત્રણ આપ્યું. સૌ આવીને જમવા બેઠા એટલે વિષ્ણુ ભગવાને કહ્યું: 'જમવાનું શરૂ કરતાં પહેલાં દરેક જણે એક શરત ધ્યાનમાં રાખવાની છે. કોઈએ જમતી વખતે કોણીમાંથી હાથ વાંકો વાળવાનો નથી.' બધા આશ્ચર્યચકિત થઈ ગયા. કોણીમાંથી હાથ વાંકો વળ્યા સિવાય તો કોળિયો મોઢામાં મુકાય જ કેવી રીતે? દાનવો તો ખિજાઈને ઊભા જ થઈ ગયા. 'આ તે જમણવાર છે કે મજાક?' એમ બબડતા સૌ દાનવો ચાલ્યા ગયા. દેવો થોડી વાર વિચાર કરતા બેઠા. એકાએક એમને એક યુક્તિ જડી આવી. હાથ સીધો રાખીને પોતાના મોઢામાં કોળિયો મૂકી ના શકાય, પણ બીજાના મોઢામાં તો મૂકી શકાય ને? ને દેવોએ એકબીજાના મોઢામાં કોળિયા મૂકીને નિરાંતે ભોજન કર્યું.

સહકારનું આ કેવું અનોખું ઉદાહરણ છે! માણસે પોતાની બુદ્ધિ દ્વારા પ્રકૃતિમાંથી સંસ્કૃતિ તરફ પ્રગતિ કરી છે, એમ માનવા કરતાં સહકાર દ્વારા પ્રગતિ સાધી છે એમ માનવું વધારે સયુક્તિક લાગે છે. પુરુષે સ્ત્રીનો અને સ્ત્રીએ પુરુષનો સહકાર લીધો અને લગ્ન જેવી સાંસ્કૃતિક ઘટના સર્જાઈ. માનવી સહકારથી જીવતાં શીખ્યો અને સમાજની સુવ્યવસ્થિત રચના થઈ. ગ્રામ, નગર, રાજ્ય, રાષ્ટ્ર અને એ બધી સંસ્થાઓ સહકારના પાયા પર રચાઈ છે.

'વિના સહકાર નહિ ઉદ્ધાર' એ જાણીતા સૂત્રમાં સહકાર દ્વારા સર્વોદય સાધવાનું દુન્યવી ડહાપણ દેખાય છે. 'સંપ ત્યાં જંપ' એ ગુજરાતી કહેવતમાં અને United we stand, divided we fall એ અંગ્રેજી કહેવતમાં પણ સહકારથી જીવવાના ફાયદા સૂચવાયા છે. એક માણસ એકલો બીજા એક માણસનો બોજો ઉપાડી ના શકે, પણ ચાર પાંચ માણસો એકઠા થઈ એક માણસનો ભાર સહેલાઈથી ઉપાડી શકે. એથી કહેવાય છે કે 'પંચની લાકડી ને એકનો બોજ.'

આંધળા અને લંગડાની પેલી જાણીતી બાળવાર્તામાં સહકારના ફાયદાનું અદ્‌ભુત રહસ્ય છુપાયું છે. આંધળો અને લંગડો બે મુસાફરો એક સ્થળે ભેગા થઈ ગયા. બંનેને મુસાફરી કરવામાં તકલીફ પડતી હતી. પછી લંગડો આંધળાના ખભા ઉપર બેસી ગયો અને એના બતાવેલા રસ્તે આંધળો ચાલવા લાગ્યો. બે અપંગો એકબીજાના સહકારથી રસ્તો ઝડપથી કાપી શક્યા.

આમ, સહકારથી માનવજાતિએ પ્રગતિનાં સોપાન સર કર્યાં છે. સહકાર 'ઝાઝા હાથ રળિયામણા'ની ઉક્તિને સાર્થ બનાવે છે. સહકાર એ માનવજાતની વિશિષ્ટ સિદ્ધિ છે. એ સર્વોદય માટેનું સર્વોત્તમ સાધન છે.

માનવ પાસે મન છે, એ એની વિશિષ્ટતા છે. એથી એ સારાસારનો વિવેક કરી પોતાનું અને સૌનું કલ્યાણ સાથે કેવી રીતે સાધી શકાય એ વિચારી શકે છે. પશુઓ અને પંખીઓ સમાજ બનાવી શક્યાં નથી કે કુદરતી સ્થિતિમાંથી એક કદમ પણ આગળ વધી શક્યાં નથી, કારણ કે એમની પાસે મન નથી-મતલબ કે બુદ્ધિ નથી. એથી એમનામાં સહકારથી જીવવાની સમજ નથી.

દલપતરામની એક કવિતામાં આવે છે:

'ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર.'

'ઝાઝી કીડીઓ સાપને તાણે' એ લોકોક્તિમાં પણ સહકારથી અઘરું કામ પણ સિદ્ધ થાય છે એનું સૂચન છે.

ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં અસહકારનાં બૂરાં પરિણામો શોધવા જવાં પડે એમ નથી. મુસ્લિમ આક્રમણકારો સામે રાજપૂતો હારી ગયા એ એમનાં અંદરઅંદરનાં વેરઝેર અને કુસંપનું જ પરિણામ હતું. અંગ્રેજો આપણા દેશમાં સત્તા સ્થાપી શક્યા અને વર્ષો સુધી શાસન કરી શક્યા એના ભીતરમાં આ કુસંપ અને અંગ્રેજોની ભાગલા પાડીને રાજ્ય કરવાની કૂટનીતિ જ કાર્યરત હતાં.

ડેન્માર્કનો ડેરી ઉદ્યોગ વિકસ્યો છે, એની પાછળ સહકારનો સિદ્ધાંત કામ કરી રહ્યો છે. આપણા દેશમાં પણ સહકારના ધોરણે ચાલતી ઘણી સંસ્થાઓએ વિકાસ તરફ આગેકૂચ કરી છે.

વસુધૈવ કુટુંબકમ્‌નો આપણો પ્રાચીન આદર્શ અમલમાં મૂકવો હોય તો દુનિયાના દેશોએ સહકારના માર્ગે આગળ વધવું પડશે. સ્વ+અર્થને જતો કરી સર્વ+ઉદયનો માર્ગ લીધા સિવાય 'યત્ર ભવતિ વિશ્વ એક નીડમ્'નું સોનેરી સ્વપ્ન સાકાર થઈ શકે નહિ. □

હેન્રી મૉર્ટન સ્ટૅનલી

મધ્ય આફ્રિકાનાં અંધારાં ઉલેચનાર છેલ્લો મહાન શોધસફરી

લેખક
અશોક હર્ષ

અસીમ ગરીબીમાં જન્મી એણે જગતનાં અજવાળાં ઝીલ્યાં ન ઝીલ્યાં ત્યાં તો એનું જીવન અંધકારના ઓથારમાં લપેટાઈ ગયું. જન્મ પછીનાં થોડાં જ અઠવાડિયાંમાં પિતાએ પરલોકની વાટ પકડી; બાદ માતાએ આ લોકની પોતાને મનગમતી વાટ પકડી એને નિરાધાર છોડી દીધો! ભૂખે મરતો, હડધૂત થતો ને ચારે બાજુથી દુનિયાનાં ટપલાં ખાતો એ બાળક જગતનો એક મહાન શોધસફરી બની ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી જશે એવી કલ્પના પણ કોને આવે! પરંતુ આફ્રિકાની તળભૂમિની શોધ સાથે જેનું નામ અવિચ્છિન્નપણે જોડાએલું રહ્યું છે, એ હેન્રી મૉર્ટન સ્ટૅનલીએ એ સિદ્ધ કરી બતાવ્યું, અને ખુદ પોતે જ જેને 'અંધારિયા ખંડ'નું નામ આપેલું એ મહાખંડ આફ્રિકાના અંધારા ખૂણાઓને પ્રકાશમાં આણ્યા.

પણ હેન્રી મૉર્ટન સ્ટૅનલી એ એનું જન્મનું નામ ન હતું. એનું જન્મનું નામ તો હતું જૉન રૉલૅન્ડ્સ. વેલ્સના ડેનબાય મુકામે જન્મીને દુનિયાએ રઝળતો મૂકી દેવાએલો એ અનાથાશ્રમમાં ઊછરવા લાગ્યો, અને છ વરસનો થતાં સંત અસફના નામે ચાલતી ધર્માદા સંસ્થામાં તેને મૂકી દેવામાં આવ્યો. અનાથાશ્રમ જેવી જ એ સંસ્થા શાળા અને ઉદ્યોગ-તાલીમશાળા બંને ચલાવતી. સંસ્થાની તોતીંગ દીવાલો વચ્ચે પૂરવામાં આવતાં આ અનાથ બાળકોનું કોઈ ધણીધોરી ન હોતાં તેમના પર ત્રાસ પણ બેશુમાર ગુજારવામાં આવતો. સવારના છ વાગ્યે સૌને ફરજિયાત ઊઠવું પડતું, રાતે આઠે પથારી ભેગા થઈ જવું પડતું. ખાવાનું પણ પેટપૂરતું નહોતું મળતું, જ્યારે મજૂરી તો તેમનાં કુમળાં શરીર તૂટી જાય એટલી સખ્ત કરાવવામાં

આવતી હતી. ઉપરથી મારઝૂડ થતી એ જુદી. શાળાનો શિક્ષક હતો એક હાથે ઠૂંઠો જેમ્સ ફ્રાન્સિસ. વાતવાતમાં તે ફટકારતો, ઊંચકીને પથ્થરની ફરસ પર પછાડતો કે વાંસામાં લાત મારીને બેવડ વાળી દેતો. ભૂખ અને મારના આવા સતત ત્રાસ છતાં જૉનને મોટામાં મોટો ફાયદો એ થયો કે એ લખતાંવાંચતાં શીખી ગયો. વળી એ એક ધાર્મિક સંસ્થા હોઈ તેની છાજલીઓ ધાર્મિક પુસ્તકોથી ભરેલી રહેતી જેનો પણ પૂરો લાભ લઈ એણે વેસ્લી, બનિયન, ફૉક્સ, મિલ્ટન વગેરે કેટલા યે લેખકોની કૃતિઓ વાંચી કાઢેલી. પરિણામે એના મનમાં એ અચળ શ્રદ્ધા બંધાવા પામી કે આ દુનિયામાં જેનું કોઈ નથી તેની સંભાળ લેનારો પરમ પિતા ખુદ ઈશ્વર છે.


અગિયારેક વરસની ઉમરે એ સખ્ત માંદો પડેલો. એમાંથી હજી માંડ બેઠો થયો હશે ત્યાં એક દિવસ એના સાંભળવામાં આવ્યું કે એનો અને એના જેવા કેટલાયનો પ્રિય સહાધ્યાયી વિલી એકાએક મરણ પામ્યો હતો. એને મરી ગયા પછી માણસ કેવો દેખાય છે તે જોવાનું કુતૂહલ થયું. બીજા છોકરાઓએ પણ એમાં સાથ આપતાં કોઈ ન જાણે તેમ સૌ વિલીનું શબ જ્યાં મૂક્યું હતું ત્યાં પહોંચી ગયા. એક જણે વિલીને ઓઢાડેલું કફન જરા ખેંચ્યું ત્યાં એનો ફિક્કો નિસ્તેજ ચહેરો જોઈ સૌ સ્તબ્ધ જ બની ગયા. કોઈકે કફનને વધુ ખેંચ્યું તો વિલીના આખા શરીરે કાળાં ઢીમણાં જોવામાં આવ્યાં. જલદી જલદી કફન પાછું સરખું કરી સૌ ત્યાંથી ભાગ્યા, પણ સૌના મનમાં એ જ ખયાલ ઘોળાવા લાગ્યો કે વિલીના મોતનું કારણ ફ્રાન્સિસ જ હતો.

એવામાં શાળામાં નવા આવેલા ટેબલ પર જાણતાં કે અજાણતાં કોઈના હાથે આંકા પડી ગયા. ફ્રાન્સિસે તે જોયા, અને જોતાંની સાથે વીફર્યો. એક પછી એક બધાને એણે પૂછ્યું, પણ બધાએ પોતાને તેની ખબર ન હોવાનું જણાવતાં એક પછી એકને ઝૂડવા માંડતાં આખું યે વાતાવરણ ચીસો, રુદન અને ડૂસકાંથી ભરાઈ ગયું. જૉનનો વારો આવ્યો, પણ જૉન તો નિશ્ચલ બેઠો જ રહ્યો. શાળાનો તે સૌથી આગળપડતો વિદ્યાર્થી હતો. ફ્રાન્સિસની ગેરહાજરીમાં વર્ગ પણ તે ચલાવતો એટલે આ રીતે માર ખાવામાં તેને પોતાનું ગૌરવ હણાતું દેખાયું. વારો આવ્યા છતાં તે આગળ ન આવતાં ફ્રાન્સિસ બરાડી ઊઠયો: 'અરે, આ શું? હજી તૈયાર નથી થયો? ચાલ, ઉતાર કપડાં!'

'કપડાં નહિ ઊતરે!' એણે લાગલું જ પરખાવી દીધું. કહેતાં તો કહી દીધું, પણ અચાનક આટલી બધી હિંમત પોતાનામાં ક્યાંથી આવી ગઈ એનું એને પોતાને પણ આશ્ચર્ય થયું.

શબ્દો એના મોંમાંથી પૂરા સર્યા પણ નહોતા ત્યાં તો ફ્રાન્સિસ એના પર ભૂખ્યા વરૂની જેમ તૂટી પડયો. જૉનની ફેંટ પકડી તેને ઊંચકીને બાંકડા પર એવો તો પછાડયો કે કરોડ પણ ભાંગી જાય. હજુ એટલેથી ન ધરાતાં એ ફરી તેની ફેંટ પકડવા આગળ ધસ્યો, પણ ત્યાં તો જૉને એવા જોરથી લાત ફટકારી દીધી કે તે બાંકડા પર ફંગોળાઈ ગયો, તેનું માથું નીચે ફરસ સાથે પટકાયું અને તેનાં ચશ્માં તૂટી ગયાં. એ સાથે જ એના હાથમાંથી પડી ગએલી સોટી ઉપાડી જૉને સબોસબ તે ફટકારવા માંડી.

છેવટે પોતે શું કરી રહેલ છે એનું ભાન થતાં જૉન ગભરાયો, કારણ માર ખાતા ફ્રાન્સિસનું શરીર તો જરા ય હલ્યાચલ્યા વિના નિશ્ચેષ્ટ જ પડી રહેલું તેણે જોયું. હવે શું કરવું? મરી તો નહિ ગયો હોય? ડરના માર્યા બધા તેને ઊંચકીને એક ઓરડામાં નાખી આવ્યા. જૉનના મનમાં જે ફાળ હતી તે થોડા વખતમાં દૂર થઈ ગઈ, કારણ થોડીથોડી વારે ફ્રાન્સિસને જોવા જતા છોકરાઓમાંના એકે આવીને કહ્યું કે તે જીવતો છે અને હાથમાં ધૂએ છે. એ જીવતો રહ્યો એટલે હવે આપણને મોતને જ મોંએ ધકેલશે એ બીકે જૉન અને તેનો મિત્ર મોઝ સંસ્થાની તોતિંગ દીવાલો કૂદીને નાસી છૂટયા.



હેન્રી મૉર્ટન સ્ટેન્લી
ઈ. ૧૮૮૬ના એક ફોટોગ્રાફ ઉપરથી

અનાથાશ્રમમાં ઉછેર, ધર્માદા તાલીમશાળામાં ઢોરમાર, જહાજની કાળી મજૂરી, કારમી ગરીબી અને એક અજાણ્યા આદમીના વાત્સલ્યમાંથી જિંદગીના પાયાના પાઠ ભણી ઉત્તરોત્તર આત્મવિકાસ સાધનાર પત્રકાર તથા અંધારિયા આફ્રિકાખંડના હજારો માઈલના અજ્ઞાત વિસ્તારને પ્રકાશમાં આણનાર મહાન શોધસફરી 'બુલા માતારી'

બંને ભાગેડુઓને હતું કે બહાર ક્યાંક પોતાને આશ્રય મળી રહેશે, પણ સંત અસફની સંસ્થાનો એમનો ગણવેશ જોઈને મોટેરાંઓ તો શું પણ કિશોરો સુધ્ધાં એમનાથી મોં ફેરવી લેતા. થાકથી લેવાએલા અને ભયથી થથરતા તેમણે ચૂનાની એક ભઠ્ઠી પાસે રાત ગુજારી અને સૂરજ ઊગતાં ફરી નાસવાનું શરૂ કર્યું. નાસીનાસીને એમનાથી નસાય પણ કેટલું? ભૂખથી તો આંખે અંધારાં આવવા માંડયાં હતાં. શરમ નેવે મૂકી એમણે ભીખ પણ માગવા માંડી. એક વૃદ્ધાએ તેમની દયા ખાઈ બ્રેડના થોડાક ટુકડા આપ્યા જે ખાઈને રાતે ઘાસના પૂળા પર સૂઈ રહ્યા.

વળતે દિવસે બંને ડેનબાય પહોંચ્યા. મોઝનાં તો સગાંસંબંધી ડેનબાયમાં હતાં જેમને ત્યાં તેને થોડોઘણો પણ આશ્રય મળે તેમ હતું, પણ જૉનનું તો ત્યાં કોઈ જ નહોતું. રઝળતો રવડતો એ જેમતેમ કરી લિવરપૂલ પહોંચ્યો. અહીં પોતાને કામ મળી રહેશે એ આશાએ તેણે બધે પૂછવા માંડયું, પણ જ્યાંજ્યાં પૂછતો ત્યાંત્યાંથી જવાબ મળતો કે તે હજુ ઉમરમાં બહુ નાનો હતો, અથવા તો એ થોડોક મોડો પડયો હતો. આવા સેંકડો જવાબો પછી એક દુકાનદારે એને અઠવાડિયાના પાંચ શિલિંગ લેખે રોકી લીધો, પણ ભૂખ સાથે સખ્ત વેતરાનો થાક ભળતાં તે માંદો પડયો. દુકાનદારે તેની જરા યે દરકાર ન કરતાં બીજો માણસ રોકી લીધો.

ફરી કામની શોધમાં રઝળતા થએલા તેને લિવરપૂલના બારામાં નાંગરેલા 'વિન્ડરમીઅર' જહાજના કપ્તાનને એક કરડીઓ પહોંચાડવા-



◁
'ડૉ. લિવિંગ્સ્ટન તો નહિ?'
અજાણ્યુ મુલકમાં આઠ આઠ મહિનાની
રઝળપાટ પછી અંતે
ટાંગાનિકા સરોવર પાસે ઉજિજી
મુકામે ગુમ થઈ ગએલા
મનાતા ડૉ. લિવિંગ્સ્ટન અને
એમની શોધમાં નીકળેલા
સ્ટૅનલીની મુલાકાત. આ શોધપ્રવાસ અંગે
સ્ટૅનલીના લખેલા પુસ્તક
'હાઉ આઈ ફાઉન્ડ લિવિંગ્સ્ટન'
પુસ્તકમાં પ્રકટ થએલું એ યાદગાર
ઐતિહાસિક મિલનનું ચિત્ર.

ની મજૂરી મળી. કરંડીઓ કપ્તાનને પહોંચાડી તે એની કૅબિન મુગ્ધપણે જોઈ રહ્યો એટલે કપ્તાને પૂછ્યું: 'અલ્યા, તારે રહી જવું છે જહાજ પર કૅબિનબૉય તરીકે? તને જહાજનો પોશાક ને મહિને પાંચ ડૉલર મળશે?'

જૉન આ પ્રલોભનથી ભોળવાઇને જહાજ પર રહી ગયો. પણ જહાજ ઊપડયું કે તેને કૅબિનબૉય બનાવવાને બદલે તેની પાસેથી મજૂરીનું કામ લેવાવા માંડયું. અહીં એણે એના જેવા બીજા એક છોકરા હૅરીને જોયો. તેની સાથેની વાતચીત પરથી જાણવા મળ્યું કે કપ્તાને તેને પણ કૅબિનબૉય તરીકે રાખવાનું કહી તેને સાથે છેતરપિંડી કરી હતી. જેવા હાલ ફ્રાન્સિસની શાળામાં થતા હતા એવા જ હાલ રીઢા ખલાસીઓના હાથે જહાજ પર નવા જોડાતા છોકરાઓના થતા હતા. એટલે ૫૩મે દિવસે ન્યૂ ઑર્લીઅન્સ પહોંચતાં જ હૅરી સાથે તે ય નાસી છૂટયો. પોતાનાં કપડાંની પોટલી સાથે પોતાનું બાઈબલ પણ તેણે લઈ લીધું.

હવે તે અમેરિકાની નવી દુનિયામાં આવી પહોંચ્યો હતો. લિવરપૂલ કરતાં ન્યૂ ઑર્લીઅન્સનું વાતાવરણ તેને તદ્દન જુદું અને પૂર્ણતઃ મુક્ત લાગ્યું. રાત જ્યાં ત્યાં કાઢી સવાર થતાં તે શહેરમાં ઘૂમવા નીકળી પડયો. ઘૂમતાં ઘૂમતાં ચાપીતુલાસ સ્ટ્રીટમાંના એક સ્ટોર આગળ તેણે એક જણને છાપું વાંચતો બેઠેલો જોયો. એને જ સ્ટોરનો માલિક સમજી લઈ તેણે પૂછ્યુ: 'તમારે કોઈ નોકરની જરૂર છે, સાહેબ?'

'નોકરની? ના, એવી કોઈ જરૂર તો નથી, પણ તું કયાંથી આવે છે? અમેરિકન તો નથી લાગતો.' પેલાએ તેના પર નખશિખ નજર નાખી કહ્યું.

'હું લિવરપૂલથી આવું છું, સાહેબ' તેણે કહ્યું અને પોતાની સમગ્ર કેફિયત કહી સંભળાવી.

'એમ, ત્યારે તો તું આ પરાયા મુલકમાં તદ્દન એકાકી છે, ખરું? અહીં કમાવા માટે આવ્યો લાગે છે. પણ તેમાં હું તને શી મદદ કરી શકું? વારુ, તને લખતાંવાંચતાં આવડે છે? તારા ગજવામાં પેલું પુસ્તક કયું છે?'

'એ તો મારું બાઈબલ છે, સાહેબ. મને લખતાંવાંચતાં આવડે છે.' કહી, ખિસ્સામાંથી બાઈબલ કાઢી તેના હાથમાં મૂકયું.

પુસ્તક હાથમાં લઈ તેણે ખોલ્યું. સારા અભ્યાસ બદલ સંત અસફના લૉર્ડ બિશપ તરફથી તે ભેટ મળ્યાનું તેના પરનું લખાણ વાંચી બાઈબલ તેણે જૉનને પાછું આપ્યું અને પોતાના હાથમાંના છાપાનો એક લેખ બતાવી કહ્યું: 'આ વાંચી બતાવ તો?' જૉન તે કડકડાટ વાંચી ગયો.

'બરાબર: પણ તારા ઉચ્ચાર બિનઅમેરિકન છે. હશે. તને લખતાં પણ આવડે છે ને? તો પણે કૉફીના કોથળા પર, એની જોડેના કોથળા પર જે લખેલું છે તે લખી બતાવ. ખડિયો અને પીછી પણ ત્યાં જ છે.'

જૉને તે લખી બતાવતાં એ બોલ્યો: 'સરસ! હવે બાકીના બધા જ કોથળા પર એ લખી નાખ.'

અને થોડી જ મિનિટમાં સુઘડ રીતે જૉને ત્યાં પડેલા બાકીના વીસેક કોથળા પર એ પ્રમાણેનાં નામ-સરનામાં લખી કાઢયાં.

'ખૂબ સરસ!' તે ખુશ થતો બોલ્યો; 'લાગે છે કે આ વખતે મારો એકે કોથળો ગુમ થવા નહિ પામે. આ સ્ટોરના માલિક મિ. સ્પીક તો નવેક વાગ્યે આવશે. દરમિયાન ચાલ મારી સાથે નાસ્તો કરવા.'

નાસ્તા માટે સાથે લઈ જતાં એ ભલા માણસે તેને શિખામણ આપી કે માણસની પહેલી નજરે પડતી છાપ જ મહત્ત્વની હોય છે, માટે તેણે હજામત કરાવી લેવી ને કપડાં પણ ગડીબંધ પહેરવાં. નાસ્તો કર્યા પછી એ જ જૉનને હજામની દુકાને લઈ ગયો. ત્યાંથી પાછા વળતાં સ્પીક તેના સ્ટોર પર આવી ગએલો હતો, એટલે તેનો હાથ પકડી જૉનથી થોડે દૂર ખેંચી જઈ એણે તેના કાનમાં કંઈક કહ્યું. સ્પીક ચહેરા પર સ્મિતની રેખા સાથે પાછો ફરતો જૉનને સંબોધી બોલ્યો: 'ઠીક તો, છોકરા, એક અઠવાડિયાની અજમાયેશ પૂરતા તને પાંચ ડૉલર આપીશ.'

જૉન રોલૅન્ડ્સની ખુશીનો આ સાંભળી પાર ન રહ્યો. ગરીબીનું કૃતાંત સ્વરૂપ તે જોઈ ચૂકયો હતો, કમ્મરતોડ વૈતરું પણ એ કરી ચૂકયો હતો. એના પ્રમાણમાં કામ અને દામ બંને નજરે આ એક આકર્ષક પ્રસ્તાવ હતો. થોડા જ કલાક પહેલાંના એ રાંક અને લાચાર છોકરામાં આ પ્રસ્તાવે સ્વત્વની ખુમારી પ્રગટાવી અને એ જ ઘડીથી એ કામ પર મંડી પડયો. એની કામગીરી પર સ્પીક ખુશ થઈ ઊઠયો ને અઠવાડિયાની અજમાયશ બાદ મહિનાના ૨૫ ડૉલર લેખે એને રોકી લીધો. જૉન તો આથી પોતાને ન્યાલ થઈ ગએલો માનવા લાગ્યો, કારણ રહેવા જમવાનો ખર્ચ કાઢતાં તેની પાસે મહિને ૧૫ ડૉલર બચતા હતા. કોઈના ઓશિયાળા રહેવાને બદલે પોતાના પગ ઉપર ઊભા રહેવાની સાંપડેલી આ તકે પંદર વરસના જૉનનાં તન અને મન બંનેમાં નવી જ તાકાત પ્રેરી, ને આ નવી દુનિયાના સમાનતાના વાતાવરણે તેની અત્યાર સુધી થઈ રહેલી ભર્ત્સનાને ભુલાવી દીધી.

આ બધું જે ભલા માણસની હમદર્દીને આભારી હતું તેનું નામ હતું હેન્રી મૉર્ટન સ્ટૅનલી. સ્પીકનો એ મિત્ર વેપારીઓનો અને વાવેતરોના માલિકોનો દલાલ હતો. ફરી વાર એક સોદા માટે સ્પીકને મળવા આવતાં તેણે જૉનને કહ્યું કે સ્પીક તેના કામથી ખુશ હતો. જતાં જતાં તે

પોતાનું ઓળખકાર્ડ એને આપતો ગયો અને બીજે દિવસે નાસ્તો પોતાને ત્યાં લેવાનું કહેતો ગયો.

જૉન બીજે દિવસે એ સરનામાવાળા મકાને પહોંચતાં મકાન એને એવું તો ભવ્ય લાગ્યું કે તે અંદર પ્રવેશતાં અચકાયો. પણ બહાર વરંડામાં જ ઊભેલા સ્ટૅનલીની નજર તેના પર ગઈ અને તેને હાક મારી અંદર બોલાવ્યો. નાસ્તાના ટેબલ પર શ્રીમતી સ્ટૅનલી ઉપરાંત બીજાં પણ ડઝનેક જેટલાં માણસો હતાં. આવા ભવ્ય મકાનમાં અને આવા ઉચ્ચ વર્તુળ વચ્ચે બેસવાનો જૉનની જિંદગીમાં આ પહેલો જ પ્રસંગ હતો. એના વિનયે શ્રીમતી સ્ટૅનલીને પણ પ્રભાવિત કરી. પછી તો આ દંપતીએ દર રવિવારે એને પોતાને ત્યાં બોલાવવા માંડ્યો અને તેને પોતાની સાથે દેવળમાં પણ તે લઈ જવા માંડ્યાં.

ઈ. ૧૮૫૯માં સ્પીક બીમાર પડતાં તેણે પોતાનો સ્ટોર વેચી કાઢ્યો, પણ જૉનની નોકરી નવી માલિકી નીચે ય ચાલુ રહી. એક વાર સ્ટૅનલી સેન્ટ લૂઈ ગએલો અને પાછળથી એની પત્ની બીમાર પડ્યાના ખબર એની નોકરડીએ જૉનને આપ્યા. એટલે જૉને તેની શુશ્રૂષામાં રહેવા માટે થોડા દિવસની રજા માગી. નવા સ્ટોરમાલિકે તોછડાઈથી જવાબ આપ્યો: 'રજા રાખવી હોય તો કાયમની રાખી લો.' થોડા મહિના પહેલાં આવા જવાબે જૉનને ઢીલોઢફ કરી નાખ્યો હોત, પણ હવે આ નવી દુનિયાના મુક્ત વાતાવરણે તેનામાં સ્વત્વની ખુમારી પ્રગટાવી હોઈ તેણે રોકડું જ પરખાવી દીધું : 'એમ હોય તો આ ઘડીથી જ છૂટો !' અને ત્યાંથી ચાલતો થઈ ગયો.

શ્રીમતી સ્ટૅનલીની એણે ખૂબ શુશ્રૂષા કરી પણ તે બચી શકી નહિ. હવે તેની પાસે થોડા પૈસા બચ્યા હતા એટલે એ સીધો મિ. સ્ટૅનલીને મળવા સેન્ટ લૂઈ ઊપડી ગયો. પણ ત્યાં 'પ્લાન્ટર્સ હોટેલ'માં તપાસ કરતાં ખબર પડી કે સ્ટૅનલી તો તેના પહોંચ્યા પહેલાં ન્યૂ ઑર્લીઅન્સ ઊપડી ગયો હતો એટલે એ સેન્ટ લૂઈથી પાછો ન્યૂ ઑર્લીઅન્સ પહોંચ્યો.

જૉનની ગેરહાજરીમાં નોકરડી માર્ગરેટે તેણે શ્રીમતી સ્ટૅનલીની કરેલી શુશ્રૂષાની બધી વાત મિ. સ્ટૅનલીને કરેલી, એટલે જૉને જેવો બારણામાં પગ મૂક્યો કે એનો એવો તો પેટના દીકરા જેવો સત્કાર કર્યો કે જૉન એથી ગદ્‌ગદ બની ગયો. પિતા વિહોણા એને જાણે ગેબમાંથી પિતા આવી મળ્યો, અને સ્ટૅનલીને બદલે આ શબ્દો પણ એને જાણે ગેબમાંથી બોલાતા લાગ્યા કે 'હું તને મારા દીકરા તરીકે રાખવા માગું છું. હું તને વેપારમાં પાવરધો કરીશ. આજથી મારું નામ એ જ તારું નામ.' એ આખો યે દિવસ એણે તેના માટે નવાં કપડાં, બૂટ વગેરેથી માંડી દાંત અને નખનાં બ્રશ સુધીનાં એટલાં તો તરેહવાર સાધનોની ખરીદી પાછળ ગાળ્યો કે જેમાંનાં મોટા ભાગનાં સાધનો તેણે જિંદગીમાં એ દિવસે જ પહેલી વાર જોયાં.

આમ જૉન રોલૅન્ડ્સ એ દિવસથી લુપ્ત થઈ હેન્રી મૉર્ટન સ્ટૅનલી તરીકે નવજન્મ પામ્યો. એ સાથે જ એના જીવનના સુવર્ણયુગનો જાણે ઉદય થવા પામ્યો. તેનો આ પાલક પિતા તેને ધંધામાં પાવરધો કરવા પોતાની સાથે જ સેન્ટ લૂઈ, સિનસિનાટી, લુઈ વિલે તથા મિસિસિપી અને તેની શાખાઓના કાંઠા પરનાં અનેક ગામો ફેરવતો રહ્યો. એક વાર ન્યૂ ઑર્લીઅન્સ પાછા ફરતાં સ્ટીમરમાં તેને મેજર ઇંગહામનો ભેટો થઈ ગયો, જે આર્કાન્સાસ મુકામે જબરાં વાવેતરો ધરાવતો. બંને વચ્ચે મૈત્રી સંબંધ બંધાતાં ઇંગહામે તેને આર્કાન્સાસ આવવા કહ્યું અને એ ગયો ત્યાં પાછળ એના પાલક પિતાનું એકાએક અવસાન થવા પામ્યું.

એ જ અરસામાં ગુલામોની મુક્તિના પ્રશ્ન પર યુનાઇટેડ સ્ટેટ્સનાં ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો. આર્કાન્સાસ દક્ષિણનું રાજ્ય હોઈ નવા નામે હેન્રી મૉર્ટન સ્ટૅનલી બનેલો એ પણ દક્ષિણના સૈન્યમાં જોડાઈ ગયો. એની ટુકડીને શિલોહ પર આક્રમણ કરવાનું ફરમાન થયું. પરંતુ ત્યાં પહોંચતાં તો સામે ઉત્તરના સૈનિકો તેમના તરફ આવતા દેખાયા, એટલે જલદી જલદી સૌએ આશ્રય સ્થાનો શોધી લીધાં. આ આશ્રયસ્થાનોએથી એમણે ગોળી વર્ષા ચાલુ રાખી, છતાં ઉત્તરના સૈનિકો તો આગળ ને આગળ વધતા જ રહ્યા. એકાએક ગોળીબારના અવાજો બંધ થતાં સ્ટૅનલીએ પોતે છુપાએલો એ ખાડામાંથી બહાર નીકળી જોયું તો પોતાને ઉત્તરના સૈનિકોથી ઘેરાએલો જોયો. તેની પોતાની ટુકડીમાંનું કોઈ ન દેખાયું, એ લોકો પીછેહઠ કરી ગયા હતા.

'શિ...સા બંદૂક હેઠી મૂક, નહિતર હમણાં વીંધાઈ જઈશ ! જલદી!' સ્ટૅનલીના કાને શબ્દો અથડાયા અને તેણે બંદૂક નીચે નાખી દીધી.

હવે તે યુદ્ધકેદી હતો. એને શિકાગો નજીકની કૅમ્પ ડગ્લાસમાં મૂકવામાં આવ્યો, જ્યાં ટાઈફસ, સંગ્રહણી વગેરેનો ઉપદ્રવ એટલો જોરમાં હતો કે રોજ ખટારા ભરીને યુદ્ધકેદીઓને ઑસ્પિટલમાં અને કબ્રસ્તાનમાં પહોંચાડવામાં આવતા. છાવણીના એક અફસર શિપ્ટને એક દિવસ સ્ટૅનલીને કહ્યું : 'તારે આ ત્રાસમાંથી છૂટવું હોય તો ઉત્તરના સૈન્ય સાથે જોડાઈ જા.' સ્ટૅનલીએ પહેલાં તો ના પાડી દીધી, પણ પછી તેને સમજાયું કે ગુલામીની પ્રથા ચાલુ રાખવા માટે દક્ષિણ નાહકનું તેના જુવાનોનું લોહી વહેવડાવી રહ્યું હતું, એટલે તે ઉત્તરની તોપચી ટુકડીમાં જોડાઈ ગયો.

પણ યુદ્ધકેદીઓની છાવણીએ તેને શરીરથી ભાંગી નાખેલો. તે તાવ અને મરડાથી પીડાવા લાગ્યો. આથી સૈન્યમાંથી તેને છૂટો કરી દેવામાં આવ્યો. ધાણી ફૂટે તેવા તાવ અને ઝાડામાં પડતા લોહી સાથે દમડી વિનાના સ્ટૅનલીને હવે ધરતીનું પાથરણું અને આકાશનું ઓઢણું જ રહ્યું હતું : એ હવે ગમે તે ઘડીએ મોતને ભેટવાની તૈયારી સાથે લથડતો લથડતો એક અઠવાડિયે હૅગર્સટાઉન પહોંચ્યો અને એક ખેડૂત પાસે આશ્રયની માગણી કરી. એ ભલા ખેડૂતે તેને પરાળ પાથરી આપી તે સાથે જ જાણે તે પરથી કદી ઊઠવાનું જ ન હોય તેમ તે એ પથારી પર પડ્યો તે પડ્યો જ. કેટલાક દિવસ પછી ભાનમાં આવતાં તેણે પરાળને બદલે પોતાની નીચે ગોદડું પાથરેલું જોયું, શરીરે પણ નવું ખમીસ ચડાવેલું જોયું. એ ભલા ખેડૂતે તે સાજો થતાં સુધી તેની કાળજીપૂર્વક શુશ્રૂષા કરી, એટલું જ નહિ, સાજા થયા પછી બાલ્ટીમોર પહોંચવાનું ભાડું પણ તેને આપ્યું.

એ પછી અથડાતોકૂટાતો જે કામ હાથ લાગ્યું તે કરતો એ પેટિયું કાઢવા માંડ્યો. એને કોઈ પણ કામ કરતાં શરમ નહોતી લાગતી, કારણ ભૂખમરાની પીડાથી તે પૂરેપૂરો પરિચિત હતો. તે તેના સ્વભાવને અનુરૂપ એવી કોઈ સાહસપ્રચુર કામગીરીની શોધમાં હતો ત્યાં એક અખબારના ખબરપત્રી તરીકેની કામગીરી એને મળી ગઈ. આ કામગીરી અંગે તેને દુનિયાના જુદાજુદા દેશોમાં પહોંચી ત્યાંનાં યુદ્ધો અને ક્રાન્તિઓના અહેવાલો મોકલવાના રહેતા. એના આ અહેવાલોએ 'ન્યૂ યૉર્ક હેરલ્ડ'ના જેમ્સ ગૉર્ડન બેનેટનું લક્ષ ખેંચ્યું, અને ઈ. ૧૮૬૯માં એ જ્યારે સ્પેઈનમાં ત્યાંના બળવાનો અહેવાલ લેવા માટે ગએલો ત્યાં બેનેટનો સંદેશો મળ્યો કે તેણે પારી(સ) આવી પોતાને મળવું.

સ્ટૅનલી તદનુસાર પારી(સ)માં બેનેટને મળતાં બેનેટે પહેલો જ પ્રશ્ન તેને એ કર્યો કે 'લિવિંગ્સ્ટન હજુ જીવતો હોય એમ લાગે છે ખરું?'

'મને ખરેખર તેની કંઈ જ ખબર નથી, સાહેબ,' સ્ટૅનલીએ જવાબ આપ્યો

'મને તો લાગે છે કે તે હજુ જીવે છે. એને શોધી કાઢવો જોઈએ. અને મારો વિચાર એ શોધ માટે તમને મોકલવાનો છે.' બેનેટ બોલ્યો.

'પણ એના ખર્ચનો કંઈ ખયાલ કર્યો છે, સાહેબ?' સ્ટૅનલીએ પૂછ્યું.

'હા. હું અત્યારે જ એક હજાર પાઉન્ડ આપું છું. ખૂટે એટલે બીજા

એક હજાર, એ ખૂટે એટલે ત્રીજા, એમ તમારે ખૂટતા પૈસા માગતા જ રહેવાના, પણ કોઈ પણ ભોગે લિવિંગ્સ્ટનને શોધી કાઢવાનો. બસ, જાઓ, ફતેહ કરો, ઈશ્વર તમારી સાથે રહો.'

આફ્રિકાના દેશીઓએ જેને 'નદીઘેલો' કહેવા માંડેલો એ ડેવિડ લિવિંગ્સ્ટન એક સ્કૉટિશ મિશનરી ડૉક્ટર હતો. ઈ. ૧૮૪૦થી તે આફ્રિકાના ભિન્નભિન્ન પ્રદેશો શોધતો રહેલો. ઈ. ૧૮૬૬માં તે ઝાંઝીબારથી તેની છેલ્લી સફરે ઊપડયા પછી તેના કશા જ સમાચાર પ્રાપ્ત ન થતાં દુનિયાભરમાં તેના માટે ચિંતા ફેલાઈ હતી. સાગરકિનારાથી અંતરાળમાં ૯૦૦ માઈલ દૂર જંગલમાં ટાંગાનિકા સરોવરના કાંઠે આવેલા ઉજિજી મુકામે પડાવ નાખી પડેલા એના વાવડ બહારની દુનિયાને પહોંચાડવાનાં કોઈ સાધન ત્યારે તેની પાસે નહોતાં. તેણે સાથે લીધેલા માણસો પણ ઘણાખરા તેને છોડી ગયા હતા.

આફ્રિકા એટલો વિશાળ ખંડ છે કે બેનેટે સ્ટૅનલીને સોંપેલી કામગીરી ઘાસની ગંજીમાં ખોવાએલી સોય શોધી કાઢવા જેવી હતી. પરંતુ સ્ટૅનલીના સાહસપ્રિય સ્વભાવને એ પુરસ્કારતી હોઈ તેણે તે સ્વીકારી લીધી, અને પોતાની અન્ય જવાબદારીઓમાંથી મુક્ત થઈ ઈ. ૧૮૭૧માં ઝાંઝીબાર મુકામેથી તેણે ૩૧ સશસ્ત્ર દેશીઓ અને ૧૫૩ મજૂરો સાથે પોતાની શોધસફરનો આરંભ કર્યો. મધ્ય આફ્રિકાનો એ અંતરાળ પ્રદેશ બહારની દુનિયાને ત્યારે સાવ અજાણ્યો હતો. એની આખી ટુકડીમાં ગોરાઓ તો માત્ર ત્રણ જ હતા.

પાછળથી ટાંગાનિકા નામે ઓળખાવા માંડેલા એ ગરમ પ્રદેશનાં અડાબીડ જંગલોમાંથી માર્ગ કરતી અને સંખ્યાબંધ નદીનાળાં ઓળંગતી જતી એની એ ટુકડીને ધોધમાર વરસાદમાં કળણભૂમિમાં આગળ વધતાં રોગનો તો ઉપદ્રવ નડેલો, સાથે જુદાજુદા રંગની કીડીઓ, માખીઓ ને કાનખજૂરાથી માંડી નાનાંમોટાં અનેક જાનવરોનો સામનો કરવો પડેલો. નદીનાં પૂરોના ધૂપવાટ અને સિંહોની ગર્જના વચ્ચે માર્ગ વિહોણા જંગલમાં માર્ગ કર્યે જતા સ્ટૅનલીને માણસોની બંડખોરી અને ભાગેડુપણાનો પણ સામનો કરવાનો રહેતો, પણ આવા એકે વિઘ્ન સામે એ જરા યે વિચલિત ન બનેલો, જે એની અસીમ હિંમત અને અચળ નિશ્ચયબળનો પુરાવો છે. માર્ગની કોઈ મુશ્કેલીની એને પડી નહોતી; પડી હતી એક જ વાતની—લિવિંગ્સ્ટનને શોધી કાઢવાની. અને એનું અંતર શાખ પૂરતું હતું કે પોતે અવશ્યમેવ તેને શોધી કાઢવાનો.

આમ આઠઆઠ મહિનાની રઝળપાટ પછી એને પહેલી જ વાર એક કારવાંનો ભેટો થયો. ટાંગાનિકા સરોવરને કાંઠે આવેલા ઉજિજીથી ઊપડેલી એ કારવાંના માણસોએ ત્યાં એક ગોરો આદમી પડાવ નાખી પડયો હોવાના સુખદ સમાચાર આપ્યા, અને સ્ટૅનલીએ પોતાની રોજનીશીમાં ટપકાવ્યું : 'હુર્રે! તો એ લિવિંગ્સ્ટન છે. લિવિંગ્સ્ટન જ હોવો જોઈએ, બીજો કોઈ તે ન હોઈ શકે.'

અને ઈ. ૧૮૭૧ના નવેમ્બરની ૧૦મીને શુક્રવારે, એની શોધસફરના ર૩૬મા દિવસે તે ઉજિજી પહોંચી ગયો. પડાવ તરફ તેને વળતો જોતાં જ કેટલાક દેશીઓ દોડી આવ્યા, જેમાંના લાંબો સફેદ ઝભ્ભો પહેરેલા એક ઊંચા સરખા માણસે લિવિંગ્સ્ટનના ખાસ માણસ તરીકે પોતાની ઓળખાણ આપી. સ્ટૅનલીએ તરત તેને દોડતા જઈ લિવિંગ્સ્ટનને આ સમાચાર પહોંચાડવા જણાવ્યું. એ માણસ દોડતો લિવિંગ્સ્ટન પાસે પહોંચ્યો, અને આગળ વધતા સ્ટૅનલીએ જોયું કે પળિયાં આવી ગએલો અને તબિયતે લથડી પડેલો એક ગોરો આદમી તેના તરફ આગળ વધી રહ્યો હતો. સ્ટૅનલીના હૃદયમાં આનંદનો ઓઘ ઊભરાયો, પણ તે એ આનંદ વ્યક્ત કરી શક્યો નહિ. સામેથી આવી રહેલા લિવિંગ્સ્ટન સામે પોતાનો ટોપો ઉતારી તે માત્ર એટલું જ બોલી શક્યો : 'ડૉ. લિવિંગ્સ્ટન તો નહિ?'

'હા, એ જ.' કહેતાં લિવિંગ્સ્ટને પણ પોતાની ટોપી ઉતારી.

બાદ સ્ટૅનલી પોતાનો ટોપો અને લિવિંગ્સ્ટન પોતાની ટોપી ચડાવી વાતો કરતા આગળ વધ્યા. સ્ટૅનલીએ તેને બહારની દુનિયાની વાતો કરવા માંડી જેનાથી લિવિંગ્સ્ટનનો સંબંધ તદ્દન કપાઈ ગયો હતો, જ્યારે તેને લિવિંગ્સ્ટને આફ્રિકામાંનાં પોતાનાં સાહસો ને વિવિધ શોધસફરોની વાતો કહેવા માંડી. સ્ટૅનલી પોતાને શોધવા જ નીકળેલો એ જાણી લિવિંગ્સ્ટનના આશ્ચર્યનો પાર ન રહ્યો. જગત પોતાના અસ્તિત્વ બાબતમાં આવું ચિંતાકુલ બન્યું હશે એવો તો એને સ્વપ્ને યે ખયાલ નહોતો.

અહીંથી બંનેએ ચચ્ચાર મહિના સુધી સાથે જ પ્રવાસ ખેડયો. સ્ટૅનલીને લિવિંગ્સ્ટન પાસેથી આફ્રિકા વિષે ઘણુંઘણું જાણવાનું મળ્યું. સ્ટૅનલીએ તેને પોતાની સાથે પાછા ફરવા ઘણું જ સમજાવ્યો, પણ તે કોઈ પણ રીતે આફ્રિકા છોડવા તૈયાર ન થયો. તેને પોતાનું મોત હવે નજીક હોવાનો ભાસ થઈ ચૂકેલો, અને મધ્ય આફ્રિકાના પોતાના શોધક્ષેત્ર કરતાં મોતને ભેટવાનું બીજું કયું યોગ્ય સ્થળ તેને મળે તેમ હતું? તેણે આફ્રિકા છોડવાની ચોખ્ખી ના પાડી દઈ પોતાનાં સઘળાં કાગળિયાં સ્ટૅનલીને સોંપી દઈ ભાવપૂર્વક વિદાય લીધી. સ્ટૅનલી ભારે હૈયે તેને વિદાય આપી ૧૮૭૨ના માર્ચમાં પાછો ફર્યો. લિવિંગ્સ્ટન ગયો તે ગયો, ફરી કદી કોઈની નજરે ન પડયો.

લિવિંગ્સ્ટન જીવતો હોવાના વાવડ સાથે લંડન પાછા ફરેલા સ્ટૅનલી પર એક બાજુ અભિનંદનોની વર્ષા થવા માંડી તો બીજી બાજુ એની સામે અનેક શંકાઓ ઠલવાવા માંડી. જાણીતી વિદ્વત્સભાઓના વિદ્વાનો તેની વાત માનવા બિલકુલ તૈયાર નહોતા. ખુદ જ્યોગ્રાફિકલ સોસાએટીનો પ્રમુખ સુધ્ધાં નહિ! એમની દલીલ એ હતી કે સ્ટૅનલી જેવો તદ્દન બિનઅનુભવી માણસ એ પોતે જ્યાં સુધી પહોંચ્યો હોવાનો દાવો કરે છે ત્યાં સુધી પહોંચી જ શકે નહિ. અખબારોએ પણ એક સામાન્ય ખબરપત્રી જગતના મહાન શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનને શોધી કાઢે એ વાતની હાંસી ઉડાવવા માંડી. સઘળા એને બનાવટખોર અને એણે રજૂ કરેલાં લિવિંગ્સ્ટનનાં લખેલાં કાગળિયાંને બનાવટી માનવા-મનાવવા લાગ્યા.

પરંતુ આખરે સ્ટૅનલીની પ્રામાણિકતા પુરવાર થઈ. ખુદ લિવિંગ્સ્ટનનાં કુટુંબીઓએ જ સ્ટૅનલી પાસેનાં કાગળિયાં પર લિવિંગ્સ્ટનના જ હસ્તાક્ષરો હોવાનું જાહેર કર્યું. રાણી વિક્ટોરિયાએ તેના પર અભિનંદન સાથે હીરાજડિત સોનાની એક તપખીરની દાબડી ભેટ તરીકે મોકલાવી આપી. પણ સ્ટૅનલીને હવે પોતાની આ ખ્યાતિ ભારરૂપ લાગવા માંડી, પોતાની હાંસી ઉડાવનાર સુધરેલી ગણાતી દુનિયા તેને નરી દાંભિક લાગી. તેના કરતાં આફ્રિકાનાં જંગલો એને બહેતર લાગ્યાં. એણે પણ પોતાનું બાઈબલ સાથે લઈ એ અંધારા ખંડ પર પ્રકાશ પાથરવાનું જ જીવનધ્યેય સ્વીકારી લીધું. લિવિંગ્સ્ટને એની આખી જીવનદૃષ્ટિ બદલાવી નાખી હતી, પત્રકાર મટી જઈ લિવિંગ્સ્ટનનું જીવનકાર્ય આગળ ધપાવવામાં જ તેને ઈહજીવનની સાર્થકતા જણાઈ.

ઈ. ૧૮૭૪માં ઍંગ્લો-અમેરિકન શોધક ટુકડીની સરદારી લઈ તેણે નાઈલ નદીના વિસ્તીર્ણ પ્રવાહપટની શોધ સાથે તેના ઉદ્‌ગમસ્રોત વિક્ટોરિયા સરોવરની પ્રદક્ષિણા કરી. બાદ ટાંગાનિકા સરોવરની મોજણી પૂરી કરી તે કૉંગો નદીના પ્રવાહપટની શોધ પાછળ પડયો. જંગલી જાતિઓનાં ઝેર પાએલાં તીરો અને મલેરિયા, સંગ્રહણી ને શીતળાથી તેની ટુકડીના માણસો મરવા લાગ્યા, પણ તેણે તો મનથી જરા યે હતાશ થયા વિના આગળ અને આગળ ધપ્યે જ રાખ્યું. એ મહાન નદી પરના પ્રથમ ઉતરાણ પછીનાં બે વર્ષે આખરે તે તેના મુખ સુધી પહોંચી ગયો. ઈ. ૧૮૭૯ના ઑગસ્ટની ૧૫મીના એ દિવસે તેણે પોતાની રોજનીશીમાં કરેલી નોંધ મુજબ—'એનો પહેલો શોધક અને જગતને એની ઉપયોગિતા સાબિત કરી આપનાર હું પહેલો જ (અનુસંધાન પૃષ્ઠ ૨૧૦)

ફ્લાય-ઓવર

—અશ્વિન દેસાઈ—

અહીં રહેવા તો આવ્યાં, પણ કામવાળીનો પત્તો નહોતો લાગતો. નવા ઘરના ઉત્સાહમાં થોડા દિવસ તો પત્નીએ બધું હાથે કરી લીધું, પણ પછી થાકવા માંડી. 'ભઈસા'બ, કંઈ કરો ને!'—કહેવા માંડયું

'શાનું?' હું પગ ઉપર પગ ચડાવીને નવા ફ્લૅટની બાલ્કનીમાં બેસતો.

'આ કામવાળીનું! હું તો મરી જઈશ, આમ ને આમ જ!' પત્ની કકળતી. હું ય વિચારમાં પડી જતો.

પછી થોડા દિવસે, નીચે રસ્તા ઉપર, ચૌદ-પંદર વર્ષની એક છોકરી ઊભેલી દેખાવા માંડી. તેના પગ પાસે ખાલી ટોપલો પડી રહેતો. હું તેને જોઈ જ રહેતો. કલાક-બે કલાક પછી તેને મજૂરીનું કોઈ કામ મળતું. તે પતાવીને ફરી પાછી તે ત્યાં જ ઊભી રહી જતી.

થોડા દિવસ પછી મેં પત્નીને એ છોકરી બતાવી: 'જોયું? રોજ અહીં ઊભી રહે છે. ખાસ કામ મળતું લાગતું નથી. તારો વિચાર હોય તો...'

'એમ રસ્તામાંથી ઊંચકીને કામવાળીને ઘરમાં બેસાડી દેવાય? તમે ય ખરા છો તો!' પત્ની આશ્ચર્યથી મને જોઈ રહી.

'કેમ? એમાં શું છે? આપણે ક્યાં ખાતરી કર્યા વગર—પૂછપરછ કર્યા વગર—રાખવી છે? સારી લાગે તો રાખવી. પૂછી તો જો!'

'એમ કેમ ખબર પડે, કે હાથની કેવી છે, વગેરે...કામ જોઈતું હોય ત્યારે તો બધાં મીઠી મીઠી વાતો કરે પછી હાથ ચલાવે ત્યારે કોને કહેવા જવું?' હું જવાબ દીધા વગર નીચે ઊભેલી એ છોકરીને જોઈ રહેતો.

થોડા દિવસ પછી, અચાનક જ, પત્ની સાથે માલનો ટોપલો લઇને એ જ છોકરી ઘરમાં દાખલ થઈ! હું આશ્ચર્યથી બન્નેને જોઈ જ રહ્યો! ટોપલો ફ્લૉર ઉપર મૂકીને, એ ધીમેધીમે સામાન ફ્લૉર ઉપર ગોઠવવા લાગી. હું જોઈ જ રહ્યો. હશે પંદરેક વર્ષની. ચહેરા ઉપર પારાવાર નિર્દોષતા. સહેજ રતૂમડા ગાલ. વાળ ખાસ ઓળેલા નહિ, અને કાનમાં બે મોટાંમોટાં કુંડળ હલ્યા કરે.

પત્નીએ મજૂરીનું પરચૂરણ આપ્યું ને લઈને ચાલતી થઈ. અને હજી પત્ની ફ્લૅટનું બારણું બંધ કરીને હાશ કરે, ત્યાં તો ફરીથી ડોરબેલ વાગ્યો. પત્નીએ બારણું ઉઘાડયું.

'બહેનજી! આપ કા દસ પૈસા જ્યાદા આ ગયા!' એ જ છોકરી, હસતી હસતી લાંબો હાથ કરીને દસ પૈસા બતાવી રહી! પત્નીએ હસીને દસ પૈસા લઈ લીધા, ને એ પીઠ ફેરવીને જતી હતી તેને સિસકારો કરીને ઊભી રાખી: 'એય! તારું નામ શું છે?'

'લખમી.' તે શરમાઇને નીચું જોઈ ગઈ. 'ક્યાં રહે છે!'

'......' તે મૂગી રહી. નીચું જોઈને જ, શરમાતી શરમાતી સહેજ હસી.

'ઘરકામ કરવું છે?' પત્નીએ હળવાશથી પૂછ્યું. મારા કાન સરવા થયા, પણ વચ્ચે બોલવું ઠીક ન લાગ્યું.

'રાખો તો કરું!' તેણે ઉત્સાહથી ઊંચે જોયું.

'કોઈ જગ્યાએ ઘરકામ કર્યું છે?'

'ના. અમને કોણ રાખે? અમારે કોઈ ઠામ ઠેકાણું નહિ!'

'તો રહે છે ક્યાં?'

'ફૂટપાથ ઉપર જ, કંતાનથી ખોલી બનાવી છે. પણ વાયરો વાય છે ત્યારે ઊડી જાય છે! ચોમાસામાં તો કોઈની દુકાનને ઓટલે બેસી રહીએ!' ને ગુનેગારની માફક નીચું જોઈ ગઈ.

'તે..., સાથે કોણકોણ રહે છે?' પત્નીએ સહેજ સહાનુભૂતિ બતાવી.

'એક નાનો ભાઈ છે, અને મા.'

'તું આપણે ત્યાં કામ કરશે?'

'રાખો તો કરું!' એ જ નિર્દોષતા અને એ જ હળવું હાસ્ય.

'કેટલા લઈશ?' પત્નીએ રસ બતાવ્યો.

'ઠીક લાગે તે તમ તમારે...'

'ના. પછી મારે ભાંજગડ ન જોઇએ. જે હોય તે હમણાં જ બોલી પડ.'

'ભાંજગડ હું ન કરું, બેન! તમે જે મૂઠી વાળીને આપો તે.'

'કામ શું શું કરીશ?'

'તમે કહેશો તે.' અને પગના નખથી જમીન ખોતરવા લાગી. અને લખમીનું ઘરમાં નક્કી થઈ ગયું. પત્નીએ પછી ધીમેથી મને વાત કરી: '...હું એમ કહેતી હતી, કે છોકરી ડાહી લાગે છે. રાખી લઇએ ને?'

'હું ઓળખું છું. રાખી લે.' મેં ઠંડકથી કહ્યું.

'એમ? તમે ઓળખો છો? કેવી રીતે?' પત્ની આશ્ચર્યથી બોલી.

'તું પણ ઓળખે જ છે! થોડા દિવસ પર જ, અહીંથી નીચે જે છોકરી મેં તને બતાવેલી, તે જ આ લખમી! પૂછી જોજે!' હું હસ્યો.

'એમ? મને કેમ ખયાલ ન આવ્યો? હશે. જે હોય તે. મને તો પ્રામાણિક લાગે છે. પછી જેવાં આપણાં નસીબ!'

અને લખમી રોજ જતી-આવતી થઈ ગઈ.

કોઇકોઈ વાર લખમીની સાથે એનો નાનો ભાઈ પણ આવતો: ફાટેલી પાટલૂન અને ઉપરથી ઉઘાડું શરીર.

'તું શું કરે છે, આખો દિવસ અલ્યા? ભણવા જાય છે?' હું છોકરાને પૂછતો અને લખમી તરફ જોતો. લખમી હસ્યા કરતી. છોકરો પણ નીચું જોઈને હસ્યા કરતો. 'લખમી, આને સ્કૂલમાં દાખલ કરી દે ને! મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં કંઈ ફી ન હોય!'

'સાહેબ! પછી ઝૂંપડી કોણ સાચવે? અને હવે તો કંતાન કેટલું મોંઘું થઈ ગયું છે, ખબર છે? આ તો રંગલાલ શેઠે દુકાન કાઢી નાખેલી તે મળી ગએલું! બાકી હવે તો કંતાન છૂટું મળતું ય નથી તો!'

'તે, આ તારો ભાઈ ઝૂંપડીમાં ન બેસે તો કોણ લઈ જાય તારું કંતાન?' મેં કુતૂહલવશ જ પૂછ્યું. 'અરે એક કરતાં અનેક પડેલા સાહેબ! બદમાશોનો ક્યાં તોટો છે? ઘડીના છઠ્ઠા ભાગમાં ઝૂંપડી અલોપ થઈ જાય, એટલે આને તો આખો દિ' બેસાડવો જ પડે!'

'આજે કોણ બેઠું છે?'

'મા ખરીને! એટલે તો આને લઈ આવી! એ પણ આખો દિવસ બેઠાબેઠા કંટાળી તો જાય ને, સાહેબ!'

'એટલે, એનું કામ, આખો દિવસ તમે કામ કરો ત્યારે ઝૂંપડી સાચવવાનું, એમ ને? અને કોઈ એને મારીને કંતાન લઈ જાય તો એ શું કરવાનો હતો?' મેં દલેરાત રજૂ કરી.

'કંઈ નહિ તો રડારોડ તો કરે ને, સાહેબ! અને રડારોડ સાંભળીને તો આજુબાજુથી જતાઆવતા લોકોનું ય ધ્યાન ખેંચાય! અને પછી તો લોકલાજે ય ચોર ભાગી જાય ને?'

હું ઊંડા વિચારમાં પડી જતો. જિંદગીમાં કેટલી પાર વગરની વિટંબણાઓ છે? આપણને ખયાલ પણ ન આવે એવી તકલીફોમાંથી આ તદ્દન ગરીબ વર્ગ પસાર થઈ રહ્યો છે!

એક દિવસ લખમી ખૂબ રસપૂર્વક મારી પત્નીને વાત કરવા લાગી: 'બહેનજી! તમને ખબર પડી કે? અમારી સામેની ફૂટપાથ ઉપરથી હવે

લઘુકથા

જનની

પ્રફુલ્લ રાવલ

આજે આનંદ વર્ગમાં 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ!' એ બોટાદકરનું કાવ્ય શીખવતો'તો ત્યારે પ્રથમ બેન્ચને ખૂણે બેઠેલી નલિની ચોધાર આંસુએ રડતી રડતી કાવ્યનો આસ્વાદ લઈ રહી હતી. તાસ પતી ગયો. બીજે દિવસે અધૂરું કાવ્ય પુનઃ શરૂ થતાં, એ જ દૃશ્ય: આંસુસભર નયને નલિની કાવ્યનો રસાસ્વાદ લેતી હતી. માતાની મહત્તા, જનની વિનાની બાળકની સ્થિતિ ને કાવ્યનો અંત.

યંત્ર જેમ ચાલતા અભ્યાસક્રમ મુજબ 'જનની' પર નિબંધ લખવા કહેવાયું. વિધિવત્ નોટોમાંના નિબંધો તપાસાયા. નલિનીનો નિબંધ માત્ર એક જ અંગ્રેજી વાકયનો હતો. વાકય હતું: I am suffering from my own mother. □

ફ્લાયઓવર બને છે! ખૂબ મોટો!'

'એમ?' મારી પત્નીએ જરા ય રસ લીધા વિના અમસ્તુ જ કહ્યું.

'હા! માપ-બાપ લેવાનું કામ તો પતી ગયું! હવે થોડા દિવસમાં ખાડા ખોદાશે!'

મારી પત્ની સહેજ ચમકી: 'કેમ રે, લખમી! તારો વિચાર ત્યાં કામ પર ચડી જવાનો નથી ને? કામ તો છોડવાની નથી ને?'

'ના રે, બહેનજી! તમારું કામ તે હવે કંઈ છોડું? અને કન્ટ્રાક્ટરો સાથે મજૂરીનું કામ આપણને ન ફાવે! મૂઆ તો ખૂબ નફ્ફટ હોય છે!'

હું પણ સહેજ ચમકીને લખમીને જોઈ જ રહ્યો! હા! હવે લખમી પણ ખાસ્સી યુવાનીમાં પ્રવેશી ચૂકી હતી! 'મજૂરી કેટલી આપે?' મેં અમસ્તી વાત વધારવાના આશયથી જ વચ્ચે પૂછ્યું. લખમી ચમકી. પછી, હું ય વાત સાંભળતો હતો જાણીને સહેજ શરમાઈ. પછી નીચું જોઇને બોલી: 'એવા પૈસાને શું કરવું શેઠજી? ઈજ્જત ના સચવાય ત્યાં ગમે તેટલી મજૂરી મળે તો ય કોને પરવા છે!'

'એમ? એ લોકો એટલા ખરાબ હોય છે?' મને સહેજ આશ્ચર્ય થયું.

'વાત જ ન કરશો. મારી મા તો કહે કે સો રૂપિયા આપે તો ય કન્ટ્રાક્ટર સાથે મજૂરી કરવી નહિ!'

પછી એ ઝડપભેર કામે વળગી ગઈ. અને થોડી વારે મારી તરફ જોયા વિના જ નીચું જોઇને બોલી: 'શેઠજી! તમને તો ખબર જ હશે! અમારી સામે હવે મોટો ફ્લાયઓવર બનવાનો તે! કહે છે કે, છાપામાં પણ આવ્યું હતું! ખુબ મોટો!'

મને સહેજ કુતૂહલ થયું! ફ્લાયઓવર બનવાનો તેમાં લખમી આટલી ખુશ કેમ હશે? પહેલાં તો મને પણ પત્નીની માફક શંકા ગએલી કે કદાચ નવી નોકરીને બહાને લખમી...પણ ત્યાં કામ કરવા જવામાં તો એને રસ નહોતો, તો પછી ફ્લાયઓવરમાં લખમી આટલો બધો રસ કેમ લેતી હશે? મેં અમસ્તો જ એને પ્રશ્ન કર્યો: 'તને કોણે કહ્યું, લખમી, કે તમારી સામે ફ્લાયઓવર બને છે?'

'બધા વાત કરે છે! અને માપ લેવા આવ્યા તે અમે અમારી નજરે જોયું ને! ખૂબ મોટો બનવાનો!' અને એણે હાથના ઈશારાથી, બાલ્કનીમાં આવીને થોડો નવા ફ્લાયઓવરનો અંદાજ મને આપ્યો. હું તો સાંભળી જ રહ્યો!

'સારું! તમારે પેલી બાજુ જવાનું સહેલું થઈ જશે.' મેં એના ઉત્સાહનું રહસ્ય જાણવા વાત મૂકી.

'ના રે, શેઠજી! અમારે ક્યાં ખાસ પેલી તરફ જવાનું હોય છે? મહિનામાં એકાદ વાર ભાગ્યે જ જઇએ!' અને એ કામે વળગી ગઈ. રહસ્ય રહસ્ય જ રહી ગયું!

એક દિવસ એની મા આવી. એ પણ હરખાતી હરખાતી પત્નીને કહેવા લાગી: 'બહેનજી! તમને ખબર પડી કે? અમારી સામે મોટો ફ્લાયઓવર બનવાનો છે! ખાડા પણ ખોદાવા માંડ્યા!'

'હં!' પત્નીએ ઠંડા કલેજે કહ્યું: 'લખમી વાત કરતી હતી ખરી! તું ત્યાં કામે જાય તો ચાલે, નહિ?' પત્નીએ કહ્યું.

'ના રે! મારાથી હવે ક્યાં મજૂરીનું કામ થાય એમ છે? જાત જ ક્યાં ચાલે છે?' ડોશી નિરાશ થઇને બોલી. મને થયું, ડોશીને ય ફ્લાયઓવરમાં આટલો બધો રસ શાના લીધે હશે? પણ કંઈ સમજાયું નહિ!

એક દિવસ લખમીનો ભાઈ આવ્યો. આવીને, બારણામાં નીચું જોઇને ઊભો રહ્યો. પત્નીને ફાળ પડી! દોડીને બહાર આવી: 'કેમ અલ્યા? શું સંદેશો લઇને આવ્યો છે?' છોકરો રડવા જેવો થઈ ગયો: 'બહેનજી! લખમી આજે આવવાની નથી!'

'કેમ? વળી શું થયું? કેટલા ખાડા કરવા છે મહિનામાં?' પત્ની તડૂકી.

તે કંઈ બોલ્યો નહિ. નીચું જોઇને ઊભો જ રહ્યો. પત્ની બબડતી બબડતી રસોડામાં ગઈ. મેં છોકરાને હાથના ઈશારાથી મારી નજીક બોલાવ્યો: 'કેમ? શું થયું છે લખમીને? તાવ આવે છે?'

'હા, સાહેબ! કાલ આખી રાતનો ઉજાગરો છે! અમને બધાંને જ!'

'કેમ? શું થયું ગઈ કાલે?'

'ગઈ કાલે, અમારી બાજુમાં એક ગુંડો રહે છે, જગલો નામનો. તે ખૂબ દારૂ પીને આવ્યો હતો! મારી બેનનો હાથ પકડીને ઝૂંપડામાંથી બહાર ખેંચતો હતો! મારી મા બચાવવા ગઈ, તો બે લપડાક મારી દીધી! હું ગયો, તો મને ગબડાવી પાડ્યો! મારી બહેને પછી બચકું ભર્યું તો એના શરીરમાંથી લોહી નીકળ્યું, એટલે ગાળ દેતો દેતો એ ભાગી ગયો. અમે આખી રાત બીતાં બીતાં બેસી રહ્યાં!' છોકરો ધ્રૂજવા લાગ્યો.

'એ ગયો પછી ય કોની બીક રાખવાની?'

'એ તો, ગમે ત્યારે પાછો આવે, સાહેબ! એનો કંઈ ભરોસો નહિ! ઘણી વાર એ તો આવું જ કરે! અને અમારી ખોલીને બારણું ન મળે ને! એટલે આખી રાત બધાંએ બહેનની રખેવાળી કરવા જાગતા જ બેસી રહેવું પડે!' છોકરો બિચારો રડવા જેવો થઈ ગયો.

'એ પરણેલો નથી?' મેં પૂછ્યું: 'આવું શું કામ કરે છે?'

'પરણેલો છે. બાયડી ભાગી ગએલી. રસ્તા પરની બધી છોકરીઓને હેરાન કર્યા જ કરે! પોલીસથી પણ ન ડરે!' એની આંખો પહોળી થઈ!

'કેમ? પોલીસમાં તમે ફરિયાદ કરો તો?'

'પોલીસ એને કંઈ ન કરે! એનો તો દારૂનો ધંધો છે, સાહેબ!' હું વિચારમાં પડી ગયો! છોકરો પણ વિચારમાં પડી ગયો. પછી બોલ્યો:

'પણ વાંધો નહિ આવે, સાહેબ! થોડા દિવસમાં ફ્લાય ઓવર બની જશે ને! પછી વાંધો નહિ આવે!' છોકરાના ચહેરા ઉપર પણ, એની મા અને બહેનના ચહેરા ઉપર દેખાએલો અપાર ઉત્સાહ અને અપૂર્વ આનંદ જણાયાં! મને વધારે કુતૂહલ થયું: 'કેમ? ફ્લાય-ઓવર બનશે તો શું થશે?'

'કેમ? ફ્લાય-ઓવર બને પછી, અમે એના ખૂણામાં ઝૂંપડું બાંધીને રહેવા ચાલ્યા જશું ને!? લાકડાનું બારણું પણ બનશે ને!?' એ ઉત્સાહથી મને જોઈ રહ્યો! હું કંઈ જ બોલી ન શક્યો. □

શતરંજની એ બુદ્ધિકસ રમતની આધુનિક નવા ઉમેરા સાથેની ત્રીજી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. કિં. રૂ. ૭

દેવગિરિ-દૌલતાબાદ

લેખક · બિહારીલાલ ટાંક



દૌલતાબાદનો કિલ્લો ચાંદમિનાર અને તેની આસપાસના અવશેષોનું ઈ. ૧૮૯૦માં પ્રકટ થએલું એક ચિત્ર

કલ્યાણમાં ભરાએલા સાહિત્યપરિષદના અધિવેશન બાદ નાસિકથી ઔરંગાબાદ જતાં બસમાંથી ચોપાસ દેખાતા સંખ્યાબંધ ડુંગરોની સપાટ ટોચો જોઈ સહેજે જૂના ગઢ-કિલ્લાઓ યાદ આવી જતા હતા. કેટકેટલો ઇતિહાસ આપણા ગઢ-કિલ્લાઓ સાથે સંકળાએલો છે! એના રક્ષણ અને ધ્વંસ સાથે વણાએલી સમર્પણકથાઓ ને શૌર્યગાથાઓ પેઢીઓથી આપણે વાંચતા સાંભળતા રહ્યા છીએ. પ્રાચીન અને મધ્યકાલીન સંસ્કૃતિના અભ્યાસીઓએ એ ગઢ-કિલ્લાની સ્થાપત્યકળા ઉપર કેટલાં યે લેખ-પુસ્તકો લખ્યાં છે, પણ સંરક્ષણની દૃષ્ટિએ થએલી એની અવનવી રચનાઓ પર બહુ લખાયું જણાતું નથી. અલબત્ત, યુદ્ધો સાથે સીધો સંબંધ હોઈ ઘણા કિલ્લાઓ તદ્દન નાશ પામ્યા હશે કે ઘણાનાં માત્ર ભીંતડાં કે રડયાખડયા બુરજ–દરવાજા જ રહ્યા હશે. છતાં દિલ્હી, આગરા, આંબેર, ચિતોડ, જિંજી, અહમદનગર, ગોલકોંડા વગેરે સહિત ઘણા નાનામોટા કિલ્લાઓ હજી યે સાબૂત રહ્યા છે. એમાંના ઘણાની અંદરની વિવિધ ઈમારતોની કલાકારીગરી વિષે ઘણું લખાયું પણ છે, પરંતુ એની વ્યૂહાત્મક રચનાઓ પણ સમજવા જેવી છે.


સંરક્ષણક્ષમતા એ ગઢ-કિલ્લાના બાંધકામનો મુખ્ય ઉદ્દેશ ખરો જ, પણ જેની ધીંગી ઊંચી દીવાલો અને ભવ્ય બિહામણા બુરજો જોઈને એની અંદર વસતી પ્રજાને સલામતીની હૈયાધારણ મળે અને શત્રુ પર એનો પ્રભાવ પડે એ દૃષ્ટિ પણ એની સાથે વણાએલી છે. એના બાંધકામમાં દાખવેલી કલાકારીગરી એના બંધાવનારના સંસ્કાર, વૈભવ અને તાકાતને પણ પ્રકટ કરે છે. ઉપરાંત આક્રમક શત્રુને અંદર પેસતાં ડગલે ને પગલે અવરોધ નડતા રહે એવી ચાતુરીભરી ગઢ-રચનાઓ પણ જોવા સમજવા જેવી છે. બંદૂક ને તોપગોળાનો ઉપયોગ શરૂ થયો એ પહેલાંના ને એ પછીના કિલ્લાઓમાં તફાવત હોય છે. રાજધન કે રાજકેદીઓને રાખવા માટેની ગુપ્ત કે અટપટી વ્યવસ્થાઓ, જરૂર પડયે કિલ્લો છોડીને સલામત રીતે છટકી જવાના ગુપ્ત માર્ગો, અંદર પેઠેલો શત્રુ અટવાઈ મરે એવી ભુલભુલામણીઓ વગેરેની વાતો તો ઘણી સંભળાય છે, પણ એવી રચનાઓ વિષે રીતસર બહુ લખાયું જણાતું નથી.

બસમાંથી દેખાતા ગઢ-કિલ્લા જેવા ડુંગરો જોઈ આવા આવા વિચારો મનમાં ઊઠી રહ્યા હતા. ઔરંગાબાદ હવે બહુ દૂર નહોતું. અચાનક એ ડુંગરોની વચ્ચે વિશાળ સપાટ પ્રદેશમાં મહાકાય શિવલિંગ જેવો એક એકાકી ડુંગર નજરે ચડયો. જરા નજીક પહોંચતાં એની ટોચે ફરકતી ધજા દેખાઈ. ડુંગર ઉપર દેવસ્થાન હોવું એ આપણે ત્યાં સ્વાભાવિક હોઈ એની તો બહુ નવાઈ ન લાગી, પણ ત્યાં તો બધી બાજુથી છોલી નાખ્યાં હોય એવાં એનાં સીધી ઊભી ભીંત જેવાં પડખાંઓએ ખાસ ધ્યાન દોર્યું. અત્યાર સુધી દેખાતા રહેલા ડુંગરોથી એ તદ્દન અલગ પડી જતો હતો. બસ આગળ વધતાં એના ઉપર બીજી ઈમારતો પણ દેખાવા લાગી અને એ પછી તુરત એની તળેટીમાં એક ઊંચો મિનાર પણ જોવા મળ્યો. દૌલતાબાદના કિલ્લાનું અમારું એ પ્રથમ દર્શન હતું.


ઔરંગાબાદની અમારી ખેપ મુખ્યત્વે તો અજંતા-ઈલોરા જોવા માટેની હતી, અને ઔરંગાબાદથી ઈલોરા (વેળુર લેણી) જતાં માર્ગમાં વચ્ચે આ કિલ્લો પણ આવતો હોઈ એ જોઈ લેવા વિચારેલું; પરંતુ એના આ વિશિષ્ટ દર્શને જે કુતૂહલ જગાડયું એથી તો અમારે મન એનું મહત્ત્વ પણ અજંતા–ઈલોરા જેટલું જ બની ગયું.

સદીઓ પછી યે સારી હાલતમાં ટકી રહેલા જૂજ કિલ્લાઓમાં દૌલતાબાદના કિલ્લાની પણ ગણના થાય છે. ઔરંગાબાદથી એ તેરેક કિલોમીટર દૂર છે અને ત્યાં જવા માટે મોટર-બસની સારી સુવિધા છે.


મૂળ તો એનું નામ દેવગિરિ હતું. એનો આદિ ઇતિહાસ કંઈક અસ્પષ્ટ છે. મનાય છે કે રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણે દેવગિરિનો કિલ્લો બંધાવેલો. મહારાષ્ટ્રના સંત એકનાથના ગુરુ જનાર્દન સ્વામી આ ડુંગર ઉપર તપ-ધ્યાન માટે રહ્યા હતા એમ કહેવાય છે. આજે યે એમના ધ્યાનસ્થાનના દર્શનાર્થે બહુ લોકો આવે છે. બારમી સદીમાં ચાલુક્ય રાજ્યનું આધિપત્ય ત્યાગીને એની કેટલીક ઠકરાતો સ્વતંત્ર બની બેઠેલી. એમાંના એક સિંઘને યાદવ નામે રાજવંશ સ્થાપ્યો. આ સિંઘન પહેલાના પૌત્ર ભિલ્લમે



૩



૨


૧


દૌલતાબાદના ગિરિદુર્ગમાં પ્રવેશવા પહેલાં આક્રમક શત્રુઓને જે વાંકાચૂંકો માર્ગ પસાર કરવો પડતો હતો તેની વ્યૂહાત્મક સંરક્ષણયોજના બાજુની આકૃતિઓમાં દર્શાવી છે. આ માર્ગના રક્ષણાર્થે કરેલા બુરજો અને ઘણી ઊંચી દીવાલો તેમાં કાળા રંગે દર્શાવી છે. ગઢ-બુરજની વચ્ચે ચોપાસથી ઘેરાએલા માર્ગના વાંકવળાંક જોતાં શત્રુઓને તેમાંથી પસાર થવું કઠિન થઈ પડતું હશે તે મધ્યકાલીન યુદ્ધરીતિની નજરે જોતાં સ્પષ્ટ સમજાશે. વચ્ચે આવતા બે નાના ચૉક સિવાય આ સમગ્ર માર્ગ પ્રત્યેક તબક્કે વધુ ને વધુ ઊંચે ચડતા ઢાળવાળો ને એકીસાથે બહુ ઓછા સૈનિકો પસાર થઈ શકે એટલો સાંકડો છે. વળી, વચ્ચે આવતા દરેક દરવાજા પણ ઉત્તરોત્તર વધુ ને વધુ નાના થતા જાય છે. આ બધા દરવાજાને તીણા અણિયાળા ખીલા જડેલાં જીંગાં બારણાં પણ હતાં જેમાંના કેટલાક હજી યે જોવા મળે છે. આકૃતિઓ જોતાં એ પણ જણાશે કે દરવાજા પસાર કરી શત્રુ જ્યાં જ્યાં મોકળી જગ્યામાં આવે છે ત્યાંત્યાં એની સામે જ બુરજ ગોઠવાએલા છે. કોઈ પણ એક દરવાજાની બરાબર સામે બીજો દરવાજો રાખ્યો નથી. એટલે આગળ વધવા શત્રુ જોરદાર ધસારો કરે તો યે માર્ગના વળાંકને કારણે તેની એની ગતિ અવરોધાય તેવી રચના છે. મુખ્ય પ્રવેશદ્વાર (આ. ૧) પણ ઢાળની ટોચે અને ખીલા જડેલાં બારણાંથી રક્ષિત છે. અંદરનો માર્ગ પણ ચડણવાળો ને વંકાતો છે, અને તેની દીવાલોમાં ઊંચા ઓટલા પર રાખેલી દોઢીઓમાં ઊભેલા રક્ષકો સાથે લડતાં લડતાં જ પસાર કરવો પડે તેવો છે. તે પછી આવતી થોડી ખુલ્લી જગ્યા બાદનો માર્ગ (આ. ૨) પણ તદ્દન વંકાએલો ને ચડાણવાળો છે. એ પછી આવતો ચૉક પણ બધી બાજુથી ઘેરાએલો જ છે. (આજે ત્યાં નાના પ્રકારની મધ્યકાલીન તોપો પ્રદર્શિત કરેલી છે.) અગાઉ ત્યાં રક્ષક સૈનિકોને રહેવાની વ્યવસ્થા હતી. પછીના બીજા ચોકમાંના બુરજો પરથી શત્રુ પર સામેથી તેમ જ પાછળથી મારો થઈ શકે તેવી રચના છે. આ ચોક પછી આગળ થોડી ખુલ્લી જગ્યા આવે છે ત્યાં 'ચીની મહાલ' વગેરેના અવશેષો છે. એ જગ્યાને સામે છેડે ડુંગરને કોરીને બનાવેલી ઊંડી પહોળી ખાઈ દુર્ગના મુખ્ય વિસ્તારને રક્ષે છે. આ ખાઈ પાર કરવા બનાવેલો પુલ પણ સીધો નહિ, પરંતુ પગથિયાંવાળો છે. (જો કે આજે તેથી બાજુમાં એક બીજો પુલ બનાવેલો છે.) પ્રથમ નીચે ઊતરીને પછી એ ચડવાનો છે ને તેને છેડે તદ્દન સાંકડો જે પ્રવેશમાર્ગ છે તે પણ કાટખૂણે બે વાર વંકાતો છે. ખાઈના પાણીની સપાટી વધારીને આ પુલ તેમાં ડુબાડીને ગોઠવી શકાય તેવી રચના છે. તે પછીનો માર્ગ (આ. ૩) પણ તદ્દન સાંકડો ને વંકાતો છે. આ વળાંકની સામી બાજુએ (ખાઈની આ તરફ) પણ એક બુરજ છે જ્યાંથી આ માર્ગ પરના શત્રુઓ પર મારો ચલાવી શકાય. ખાઈની સામી બાજુએ દુર્ગને કોરીને અત્યંત ઊંચે સુધી જે લીસી ઊભી દીવાલ રચી છે એ કોઈથી યે ચડી ન શકાય તેવી છે. ખાઈમાં મગરો પણ રાખવામાં આવતા હતા. આ અટપટો માર્ગ પણ કોઈ રણબંકા વટાવી દે તો આગળ ઉપર ડુંગરની અંદર કોરેલો આથી યે વધુ ભયંકર અને તદ્દન અંધારિયો એવો ભૂગર્ભ માર્ગ આવે છે, જે કોઈ અજાણ્યા આગંતુકને માટે પાર કરવો અશક્ય છે. □

(ભિલ્લમે) ઈ. ૧૧૮૭માં દેવગિરિમાં પોતાનું પાટનગર સ્થાપેલું. દેવગિરિના જ્ઞાત ઇતિહાસનો અહીંથી આરંભ થાય છે. ભિલ્લમના પૌત્ર સિંઘન બીજાએ (ત્રિભુવનમલ્લે) ચાલુક્યોનો બધો જ પશ્ચિમ પ્રદેશ જીતી લઈને છેક ગુજરાત સુધી પોતાની રાજ્યસીમા વિસ્તારી હતી.

આ યાદવ કાળમાં દેવગિરિ વૈભવના શિખરે પહોંચ્યું હતું. અહીં ઝવેરાતનો મોટો વેપાર ચાલતો. હીરામાણેકને પહેલ પાડવાની ને સોનાચાંદી કામની કારીગરી વિકસી હતી. માર્કોપોલોએ તેરમી સદીના અહીંના વૈભવનો ઉલ્લેખ કરતાં, અન્યત્ર ક્યાંય ન મળે એવી એવી ચીજો પણ અહીં સુલભ હોવાનું નોંધ્યું છે. (મુસ્લિમ શાસનકાળમાં અહીંથી વેરૂળ જતાં વચ્ચે આવતા કાગજપુરમાં જે કાગળો બનતા એ દૌલતાબાદી કહેવાતા. છેલ્લી ત્રણચાર સદીના હસ્તલિખિત ગ્રંથોમાં એ કાગળ સારી પેઠે વપરાએલો છે.) દુર્ગની તળેટીમાં વસેલું દેવગિરિ વિશાળ હતું. એના ૩૧ ભાગ હતા. દુર્ગને 'ટક' કહેતા. એની તળેટીમાં કચેરીઓ ને સરકારી અમલદારોના વસવાટ હતા. નગરમાં વિધવિધ વ્યાપાર અને કલા વિકસ્યાં હતાં. ત્યાંનાં નૃત્યસંગીત માણવા ઘણી વાર યાદવ રાજા લોકો વચ્ચે ઊતરી આવતો એમ ઈબ્ન બતૂતાએ લખ્યું છે.

દેવગિરિમાં સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, જ્યોતિષ, વૈદક વગેરેની ઉપાસના પણ થતી. રાજકાજકુશળ, ધર્મપંડિત ને શિલ્પજ્ઞ એવા હિમાદ્રી, ભાગવતના ભાષ્યકાર વૈયાકરણી બોપદેવ, સંગીતકાર શાર્ઙ્ગદેવ, પ્રબંધ-ગાયક ગોપાલ નાયક, મહાકવિ નરેન્દ્ર વગેરે જેવા અનેક મહાનુભાવોએ દેવગિરિની કીર્તિ વધારી હતી.

નવમા યાદવ રાજા રામચંદ્ર કે રામદેવના સમયમાં—ઈ. ૧૨૯૪માં દિલ્હીના શાહજાદા અલાઉદ્દીન ખિલજીએ દેવગિરિ પર ચડાઈ કરી. દક્ષિણ પરનું એ પહેલું મુસ્લિમ આક્રમણ હતું. અલાઉદ્દીન યુદ્ધમાં તો દેવગિરિનો દુર્ગ જીતી ન શક્યો, પણ એના ઘેરાને કારણે પુરવઠાની ખેંચ પડતાં રામદેવને સંધિ સ્વીકારવી પડી. કહે છે કે ૧૫,૦૦૦ શેર સોનું, ૧૭૫ શેર મોતી, ૫૦ શેર હીરા અને ૨૫,૦૦૦ શેર જેટલી ચાંદી લઈને તથા દર વર્ષે ભારે ખંડણી લેવાની શરતે અલાઉદ્દીને ઘેરો ઉઠાવી લીધો. પણ પછી રામદેવે દિલ્હીને ખંડણી ભરવાની ના પાડતાં હવે તખ્તનશીન થઈ ચૂકેલા અલાઉદ્દીને પોતાના એક સરદાર મલિક કાફૂરને દેવગિરિ પર ચડાઈ કરવા મોકલ્યો. એણે રામચંદ્રને કેદ કરીને દિલ્હી મોકલ્યો ને ત્યાં ફરી સમજૂતી કરીને રામચંદ્ર પાછો ફરેલો. રામદેવના મૃત્યુ પછી એના પુત્ર શંકરદેવ તથા એના જમાઈ હરપાલદેવે ખિલજી સામે બંડ કર્યું. એમણે મુસ્લિમોને હાંકી કાઢ્યા. ઈ. ૧૩૧૮માં ખિલજીના પુત્ર





ચાંદમિનાર પાસેથી દેખાતો દેવગિરિ અને ત્યાંના દુર્ગનો બાહ્ય કોટ. ડુંગરના જમણી તરફના ઢાળ ઉપર મંદિર અને ટોચ નજીક 'બારાદરી' દેખાય છે. નીચે જમણી તરફ દેખાતું દ્વાર એ નગરના કોટ વટાવ્યા પછી ગિરિદુર્ગમાં પ્રવેશવા માટેનું પ્રથમ દ્વાર છે. દુર્ગપ્રવેશ માટેની અટપટી વ્યૂહાત્મક રચનાનો ત્યાંથી આરંભ થાય છે. ફોટોમાં આગળ દેખાતા ઊંચા ઓટલા પર (ડાબી તરફ) છેડે વિશાળ મંદિરમાં ભારતમાતાની પ્રતિષ્ઠા કરેલી છે. જમણી બાજુ: ચાંદમિનાર. દૌલતાબાદના વિજયની યાદમાં બહમની વિજેતાઓએ એ બંધાવ્યાનું મનાય છે. કુત્બમિનાર પછી દેશભરમાં આ સૌથી ઊંચો મિનાર દક્ષિણભારતનાં મુસ્લિમ સ્થાપત્યોમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે. નીચે: ચાર મિનારની સામેનું ભારતમાતાનું વિશાળ મંદિર. પ્રથમ એ મંદિર હતું ને મુસ્લિમ શાસકોએ એનાં શિખર તોડી તથા અન્ય ફેરફાર કરી એનું મસ્જિદમાં રૂપાંતર કરી નાખેલું. કોઈ પણ કોમના દેવની સ્થાપનાના બદલે 'ભારતમાતા'ની પ્રતિષ્ઠા કરેલી છે. (ફોટો: બિ. ટાંક)

સુલતાન કુત્બુદ્દીન મુબારકે ચડાઈ કરીને એમને કપટથી હરાવ્યા અને એમની ચામડી ઉતરડાવી લઈને ક્રૂરતાથી મારી નાખ્યા.

દેવગિરિ પરની આ એક સફળ ચડાઈ સિવાય કુત્બુદ્દીન મુબારકે પોતાનો ચાર વર્ષ ને ચાર માસનો શાસનકાળ નાચરંગમાં જ બરબાદ કર્યો. એના જ એક હલકટ સાથી ખુશરુખાને એને મારીને દિલ્હીની ગાદી હાથ કરેલી અને થોડા જ સમય પછી ખુશરુખાનને મારીને એક તુર્ક સરદાર ગાઝી મલિક તઘલક શાહના નામે ગાદીએ બેઠો. દિલ્હીની આ રાજખટપટોનો લાભ લઈ દક્ષિણે માથું ઊંચકવા માંડ્યું હતું એટલે તઘલક શાહે પોતાના પુત્ર જુનાખાનને મોકલ્યો. ઉત્તર દક્ષિણની મધ્યમાં દેવગિરિના મહત્ત્વભર્યા સ્થાનથી તથા એના દુર્ગની અજબ રચનાથી જુનાખાન ઘણો પ્રભાવિત થયો હતો. દક્ખણમાંથી પાછા ફર્યા બાદ બાપની કપટથી હત્યા કરીને ઈ. ૧૩૨૫માં તે દિલ્હીની ગાદીએ બેઠો. મુહમ્મદ બિન તઘલક કે મહંમદ ગાંડાના નામે ઇતિહાસમાં તે જાણીતો છે. ઈ. ૧૩૩૯માં એની વિચિત્ર શાસનરીતિ સામે દિલ્હીની પ્રજાએ ભર્યા દરબારમાં રોષ પ્રકટ કરતાં એની દાઝ વાળવા એણે ત્રણ જ દિવસમાં દિલ્હી ખાલી કરી નાખવા પ્રજાને હુકમ કર્યો. અને પોતાના અમલદારો અને દિલ્હીવાસીઓના જંગી કાફલા સાથે ૪૦ દિવસની કપરી મજલ ખેડીને એણે દેવગિરિ આવીને તેને પોતાનું પાટનગર બનાવી એને દૌલતાબાદ નામ આપ્યું. પણ એની ગેરહાજરીમાં ઉત્તરમાં અનેકવિધ મુશ્કેલીઓ ઊભી થતાં એને થાળે પાડવા નવું પાટનગર છોડી એને ફરી દિલ્હી દોડવું પડ્યું. એ ગયો એટલે અહીં એણે જીતેલા પ્રદેશોમાં બંડ થયાં અને એમાં ગુલબર્ગાના સૂબા ઝફરખાને દૌલતાબાદ જીતી લીધું. એ પછી ઈ. ૧૫૨૬ સુધી બહમની શાસનમાં એ રહ્યું અને ત્યાર બાદ નિઝામશાહીમાં. ત્યાર બાદ અકબરે તે જીત્યું.

અહમદનગરના પતન પછી ત્યાંના ઍબિસીનીઅન વજીર મલિક અંબરે ખડકીમાં નિઝામશાહીનું પાટનગર સ્થાપેલું. એણે અકબરના કબજામાંથી દૌલતાબાદ જીતી લઈ ત્યાંના દુર્ગમાં કેટલાક ફેરફારો કરાવેલા. ઈ. ૧૬૩૬માં એના પુત્ર ફતહખાન પાસેથી શાહજહાંના સેનાપતિ ખાનખાનાને ફરી એ પાછું મેળવ્યું અને તે પછી દક્ખણના સુબા તરીકે આવેલા શાહઝાદા ઔરંગઝેબનું તેના પર વર્ચસ્વ હતું. ઔરંગઝેબે ખડકીને વધુ વિકસાવી-વિસ્તારીને એને ઔરંગાબાદ નામ આપ્યું. ઔરંગઝેબની તખ્તનશીની થતાં એ દિલ્હી જતાં ફરી દક્ખણમાં સળવળાટ જાગ્યો અને એના મૃત્યુ પછી અસફજાહે મુઘલાઈમાંથી દૌલતાબાદ પડાવી લીધું. આ અસફજાહ એ હૈદરાબાદના નિઝામ વંશનો પહેલો રાજપુરુષ હતો. આ પછી ભારત સ્વતંત્ર થયા બાદ નિઝામની હકૂમત ભૂંસાઈ ગઈ ત્યાં સુધી દૌલતાબાદ એમના તાબામાં હતું. પણ એની રોનક વિલાઈ ગઈ હતી. ઔરંગાબાદના વિકાસ સાથે દૌલતાબાદની પડતી થતી ગઈ અને ગઈ સદીની આખરમાં તો ત્યાં માત્ર થોડા સૈનિકોનો જ વસવાટ રહ્યો હતો. કિલ્લો જોવા જવા માટે પણ પરવાનગીની જરૂર પડતી હતી.

આજે ય ટકી રહેલા મધ્યકાલીન કિલ્લાઓમાં દૌલતાબાદનો ગિરિદુર્ગ ઘણી સારી હાલતમાં જળવાઈ રહ્યો છે. એની રચના અને એનું



સ્થાન જોતાં પોતાના સમયનો એ એક અત્યંત શક્તિશાળી તથા ઘણો ઉપયોગી કિલ્લો હશે એ નિઃશંક છે. આસપાસની દૂર દૂર સુધીની સપાટ ભૂમિમાં વચ્ચે આવેલા લગભગ ૬૦૦ ફૂટ ઊંચા એક એકાકી ડુંગરને કોરીને તથા તેમાં જરૂરી બાંધકામ કરીને એ બનાવેલો છે. હિંદુ શાસનકાળમાં ઉત્તરમાંથી આવતાં આક્રમણોને ખાળવામાં તથા મુસ્લિમ કાળમાં એમણે દક્ષિણમાંથી લૂંટી આણેલી મબલખ સંપત્તિ સંઘરવા માટે આ દુર્ગ અત્યંત યોગ્ય પુરવાર થયો હતો. આ ગિરિદુર્ગની તળેટીમાં વસેલા નગર દેવગિરિની આસપાસ પણ સંરક્ષક ખાઈ સહિતનો ખીંગો કોટ હતો. એને અંબર કોટ કહેતા. નગરમાં યાદવકાલીન અવશેષો તો હવે રહ્યા નથી, પણ તઘલકના સમયનું હમામખાનું અને બીજા કેટલાક સ્થાપત્ય-અવશેષો છે. એ પછી યે અંદર બે બીજા કોટ હતા ને ત્યાર બાદ ગિરિદુર્ગનો સંરક્ષક ગઢ આવે છે. નગરમાંથી ગિરિદુર્ગ જવાના માર્ગમાં ચાંદમિનાર આવે છે. તળમાં ૭૦ ફૂટના ઘેરાવાવાળો અને લગભગ ૨૧૧ ફૂટ ઊંચો આ મિનાર દક્ષિણમાં મુસ્લિમ સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓમાંનો એક ગણાય છે. ઊંચાઈમાં એ ભારતભરમાં કુત્બમિનાર પછીનો બીજા નંબરનો મિનાર છે. અસલ તો આ આખો મિનાર ચળકતી ઇરાની લાદીઓથી મઢેલો હતો, પણ હવે એ રહી નથી, દેવગિરિ જીત્યાની યાદમાં બહમનીઓએ એ બંધાવ્યો હોવાનું મનાય છે.

ચાંદમિનારની સામી બાજુએ એક મસ્જિદ છે. મૂળ તો એ મંદિર હતું પણ એમાં જોવા મળતા ફારસી લખાણ મુજબ ૮૪૯ હીજરી સન (ઈ. ૧૪૪૫)ના અરસામાં એનું મસ્જિદમાં રૂપાંતર કરી નખાએલું. આજે ત્યાં ભારતમાતાનું મંદિર છે. સ્વાતંત્ર્ય પછી હિંદુ મુસ્લિમનો ઝગડો ટાળીને ત્યાં ભારત માતાની પ્રતિષ્ઠા કરી એક ઉમદા તોડ કાઢયાનું આ એક ઉત્તમ દૃષ્ટાંત છે.

ત્યાંથી આગળ જતાં ગિરિદુર્ગના ગઢ-વિસ્તારમાં ચીની મહાલ નામે એક સુંદર આવાસના અવશેષો જોવા મળે છે. કહે છે કે કુત્બશાહીના છેલ્લા રાજા તાનાશાહને ઓરંગઝેબે ત્યાં કેદમાં રાખેલો. કેટલાક એમ પણ માને છે કે સંભાજીના વધ પછી યેસૂબાઈ અને શાહુને એણે અહીં નજરકેદમાં રાખેલાં. આગળ એક ઊંચા બુરજ ઉપર 'કિલ્લા શિકન' નામની ઓરંગઝેબની એક બહુ મોટી તોપ છે. એનો પાછલો ભાગ ઘેટાના મોંના આકારનો છે. આ તોપ ચારે બાજુ ફરી શકે તે રીતે ગોઠવેલી છે. આટલી વિશાળ ને વજનદાર તોપને તળેટીમાંથી અહીં આ ઊંચા બુરજ પર કેવી રીતે ચડાવી હશે એ એક આશ્ચર્ય છે.

ચાંદ મિનાર વટાવ્યા પછી મુખ્ય ગિરિદુર્ગમાં પ્રવેશવા માટેના માર્ગમાં જે વ્યૂહાત્મક રચના કરેલી છે એ અહીં કેટલીક આકૃતિઓ સાથે વિગતે દર્શાવી છે. પણ એ વળોટયા પછી યે શત્રુ જો આગળ વધે તો એને અવરોધવા માટે ડુંગર કોરીને જે ભોંગદા જેવો અંધારિયો ભૂગર્ભ માર્ગ બનાવેલો છે એ જોઇને એના બનાવનારની ચાતુરી પર સહેજે વારી જવાય છે. પ્રથમ તો એનું પ્રવેશદ્વાર તદ્દન નાનું ને સાંકડું છે, એટલે એક સાથે બે પાંચથી વધુ જણ અંદર ધસી શકે જ નહિ. એ અંધારિયા સાંકડા પ્રવેશમાર્ગના સામે છેડે એક સાંકડી બારી છે ને તેની આગળ કાટખૂણે વળતા નાનાશા માર્ગનાં પગથિયાં છે. એક જ જણ પ્રવેશી શકે એવો એ માર્ગ એક અંધારિયા ખંડમાં ખૂલે છે. એની સામે જ ઊંચા અંધારિયા ઓટા ઉપર રક્ષક સૈનિકોને છુપાઈને ઊભા રહેવાની જગ્યા છે. પડખામાં એક માર્ગનો પ્રવેશ છે, પણ એ એક છેતરામણી રચના છે. એમાં ઘોર અંધારામાં પ્રવેશેલો શત્રુ એના ચડઊતર માર્ગમાં આગળ વધતી વખતે એમ જ માને કે પોતે ગઢમાં વધુ અંદર જઈ રહ્યો છે પણ એને છેડે બહાર આવે ત્યારે જ એને ખબર પડે કે એ જ્યાંથી પ્રવેશેલો એ જ ખંડમાં એ પાછો આવ્યો છે! અલબત્ત, આ માર્ગમાં પણ ઊંચી સપાટીએ રાખેલા વિશાળ ગોખમાં રક્ષકો છુપાયા જ હોય. વળી જે ખંડમાં એ પ્રવેશેલો ત્યાં જમીન પર ઝેર પાએલા લોખંડી અણિયાળા ખીલા પણ યુદ્ધ સમયે પાથરી દેવામાં આવતા હતા.

આ જ ખંડમાં એક પડખે એક બીજી સાંકડી બારી પણ છે. ભૂલથી એમાં પેસનાર શત્રુ આગળ વધતાં બહારની પાણી અને મગરોથી ભરેલી ઊંડી ખાઈમાં જ જઈ પડે એવી એની રચના છે. અહીં લડતાં લડતાં મરેલા શત્રુઓનાં શબનો પણ એ માર્ગે જ નિકાલ કરવાની પણ એ વ્યવસ્થા છે. જો કે આજે તો પ્રકાશ માટે આ ખંડને ઉપરથી ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. આ ખંડ પછી એક બીજો અંધારીઓ ખંડ છે, જેના ઉપર અસલમાં બહુ નીચી સપાટીએ એક લોખંડી છાપરું રહેતું. એ છાપરા ઉપર યુદ્ધકાળમાં અગ્નિ પેટાવાતો જેના પરિણામે નીચે ખંડમાં ભયંકર તાપ લાગતો. વળી, એક ચીમની દ્વારા એવી વ્યવસ્થા કરેલી છે કે ઉપર પેટાવેલા અગ્નિનો બધો ધુમાડો પણ એ ખંડમાં ફેલાઈ જાય ને શત્રુ તાપ તથા ગૂંગળામણથી માર્યો જાય. એ ખંડના એક ખૂણામાં બારી જેવડું એક દ્વાર છે જે ચડતાં આ ભૂગર્ભ માર્ગ પૂરો થઈ બહાર ખુલ્લામાં વળાંક લેતાં પગથિયાંની હાર ઉપર ચડે છે. એ ચઢાણને છેડે એક ગણેશ-મંદિર છે. સેંકડો લોકો એના દર્શને આવતાં હોઈ ભૂગર્ભમાર્ગની એક તરફ કેટલુંક બાંધકામ કરીને તેઓ બારોબાર અહીં પહોંચી શકે એવો એક નવો માર્ગ હવે ત્યાં બનાવાયો છે.

આથી યે ઉપર જતાં આજે પણ સારી હાલતમાં સચવાઈ રહેલી 'બારાદરી' નામની એક ઈમારત છે. (બારાદરી = બારહદરી = ચોપાસ બારી દરવાજાવાળો બેઠકખંડ.) અગાઉ અહીં રાજદરબાર બેસતો હશે. બારાદરી પછી યે થોડે ઊંચે 'બાળકોટ' નામે ઊંચું સ્થાન છે. ત્યાં પણ 'ધૂળધાણ' (સર્વનાશ) નામે ઓળખાતી એક જંગી તોપ છે. અહીંથી માઇલો દૂર સુધી નજર પહોંચે છે.

દેવગિરિ કે દોલતાબાદનું ભૌગોલિક સ્થાન તથા એની ચાતુરીભરી અટપટી રચના પરથી એના મહત્ત્વનો અંદાજ આવી શકે છે. સમગ્ર ડુંગરને ચારે બાજુથી કોરી નાખીને શિવલિંગ જેવો બનાવેલો એનો આકાર યુદ્ધ-સ્થાપત્યનો એક અપૂર્વ નમૂનો છે. જે કારીગરોએ વેરુળ-ઈલોરામાં ડુંગર કોરીને 'કૈલાસ' જેવું ભવ્ય સુંદર નિર્માણ કર્યું એ જ કલાવંતોના વંશજોએ કદાચ અહીં વીર, રૌદ્ર ને ભયાનક રસનો સાક્ષાત્કાર કરાવ્યો છે. કોઇએ ખરું જ કહ્યું છે કે કૈલાસ એ લાસ્ય છે તો દેવગિરિ તાંડવ છે. □

અનુસંધાન] ઉપગ્રહ [પૃ. ૨૧૦થી

આ ઉપગ્રહના ટી. વી. કૅમેરા દ્વારા મળનારાં ચિત્રોનો અર્થપૂર્ણ રીતે ઉપયોગ કરી શકાય એ હેતુથી જુદાંજુદાં ક્ષેત્રોમાં 'ભૂમિ-સત્ય' મેળવવા માટે એક વ્યવસ્થિત કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. આ માટે એક 'બહુ-રંગી વિકિરણ-માપક' બનાવવામાં આવ્યું છે, અને વિમાન દ્વારા આ ઉપકરણ વડે ભારતના જુદાજુદા પ્રદેશો માટે 'ભૂમિ-સત્ય' મેળવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, લૅન્ડસેટ ઉપગ્રહ દ્વારા મેળવેલાં ભારતનાં ચિત્રોનો પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

'ઈસરો' ઉપરાંત ૧૯૭૫માં ભારત સરકારના વિજ્ઞાન અને ટૅકનૉલૉજી વિભાગ નીચે સિકંદરાબાદમાં સ્થાપવામાં આવેલી 'રાષ્ટ્રીય દૂર-સંવેદન સંસ્થા' (National Remote Sensing Agency) દ્વારા પણ દૂર-સંવેદન પદ્ધતિમાં વ્યવસ્થિત અભ્યાસ અને સંશોધન કરવામાં આવે છે. આ સંસ્થા અન્ય જાહેર સંસ્થાઓ કે રાજ્ય-સરકારો માટે જુદાંજુદાં ક્ષેત્રોમાં દૂર-સંવેદન પદ્ધતિથી વિમાન દ્વારા સર્વેક્ષણ કરી આપે છે અને તે દ્વારા મળેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરીને જુદીજુદી ભૂ-સંપત્તિ વિષે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. □

'વિનોદ'ની નજરે
[૨૭]

આદિલ મન્સૂરી

—લેખક—
વિનોદ ભટ્ટ



'જનસત્તા' બિલ્ડિંગનાં પગથિયાં પર જ આદિલ મળી ગયો. કહે : 'દાદુ, લાભશંકર પરનો તમારો લેખ 'કુમાર'માં વાંચીને ચકરાઈ ગયો.' પછી મારા ખભા પર હાથ મૂકી ધીમેથી પૂછ્યું : 'આ લેખો લખવા માટે લેખકો પાસેથી કેટલો પુરસ્કાર મેળવો છો?' હું તેની સામે પ્રશ્નાત્મક નજરે જોઈ રહ્યો એટલે તેણે આગળ કહ્યું : 'એને માટેનો કોઈ પુરસ્કાર ઠરાવ્યો હોય તો એ આપવા ય હું ખુશી છું, પણ આપણા વિષે આ સીરીઝમાં કંઈક લખો; કેમ કે તમે અને હું બેય મરી જવાના છીએ. પછી તમને એવો વસવસો ના રહી જાય કે દુનિયામાં કરવા જેવું એક ઉત્તમ કામ કરવાનું ચૂકી જવાયું.'

પછી અમે બાજુમાં આવેલી મિલન રેસ્ટૉરન્ટમાં બેઠા. સિગારેટ કાઢે, સળગાવે, ધરે. ના પાડું. એક કલાકમાં તો દુનિયા આખીની વાત કરી વાતાવરણને આનંદથી ભરી દઈને પાણીના રેલાની જેમ તે ચાલી ગયો.

આદિલ સાથેનો પરિચય ઘણો જૂનો. ચિનુ મોદી સાથે નવતાડની પોળવાળા મારા જૂના મકાન પર એકાદ બે વાર આવી ગયાનું તેને સ્મરણ છે. મને બહુ યાદ નથી. પણ એટલું ખાસ યાદ છે કે આ ગઝલકારને ગુજરાતી ભાષા પર જુલ્મ કરવાનો દુ:ખી વિચાર આવ્યો. એને માટે ચિનુ જવાબદાર છે. પહેલાં તે ઉર્દૂમાં લખતો. કોઈ એક મુશાયરામાં મળી જતાં ચિનુએ જસ્ટ પૂછ્યું કે ગુજરાતીમાં લખો તો? ને આ માણસ જાણે આવા કશા આમંત્રણની રાહ જ જોતો હોય તેમ ગુજરાતી સાહિત્ય પર તૂટી પડ્યો. શરૂઆત પાછી 'કુમાર'થી કરી. બુધ સભામાં જાય. ત્યાં બચુભાઈ કવિઓની રચના વાંચવા આવે, બૂટ કાઢે, લાકડાની ખુરસીમાં બેસે. ટોપી કાઢીને બેઠકની ગાદી નીચે મૂકે. (અસ્ત્રી થઈ જાય એ વાસ્તે). માથા પર હાથ ફેરવી વાળ સરખા કરીને કવિના નામને છુપાવીને કાવ્યવાચન શરૂ કરે. આદિલ, ચિનુ, પ્રબોધ પરીખ વગેરેમાંના કોઈની કવિતા હોય તો પૂર્વયોજિત પેંતરા પ્રમાણે એ લોકો સાચાં-ખોટાં વખાણ કરે. આદિલ તથા તેના એક-બે કવિમિત્રોનો આગ્રહ હમેશાં 'કુમાર'ની સ્ટેશનરીમાં જ કાવ્ય લખવાનો રહેતો, એટલે એ લોકો છાનામાના કાગળો વગેરે તફડાવી લેતા. ક્યારેક સામયિકો–પુસ્તકોનું પણ એ રીતે સ્થળાંતર કરી દેતા. આની પાછળનો એમનો મુખ્ય ઉદ્દેશ તો જ્ઞાન ફેલાવવાનો જ રહેતો! કુમાર કાર્યાલયની ચાર દીવાલો વચ્ચે જ્ઞાન ગૂંગળાઈ ના જાય, એને મુક્તિ મળે, એ માટે જ આ બધું સાહિત્ય તે લઈ જતા. કુમાર કાર્યાલયમાં લખેલા નિયમો તોડવાની સૌથી વધારે મઝા આદિલને આવતી. ધૂમ્રપાન કરવાની મનાઈના બોર્ડ પર જ તે સિગારેટ બુઝાવતો. રસ્તા પર દસ સિગારેટ પીવામાં તેને જે લિજ્જત નો'તી આવતી એ પેલા બૉર્ડ સામે જોઈ એક પીવામાં આવતી. સામાન્ય માણસ, સામાન્ય સંજોગોમાં જે ના કરે એવું કરવાનું તેને વિશેષ ગમતું. (અલબત્ત, બચુભાઈની ગેરહાજરીમાં જ તે આ બધું કરતો.) બચુભાઈના બંગલાના ઝાંપે ઘૂઘરીઓ બાંધવામાં આવેલી. ઝાંપો ખોલી કોઈ કમ્પાઉન્ડમાં પ્રવેશે એટલે ઘૂઘરીઓ ખખડતાં અંદરના રૂમમાં બેઠેલા બચુભાઈને એની જાણ થાય. આ ઘૂઘરી હસ્તગત કરવા ય આદિલે ઘણી કોશિશ કરેલી પણ તેને એમાં સફળતા નો'તી મળી.

પણ પછી આદિલ આણિ કંપનીને બચુભાઈ સાથે બહુ ફાવ્યું નહિ, કેમ કે બચુભાઈ દૃઢપણે માને કે છંદ વગરનું કાવ્ય શક્ય નથી, જ્યારે આ યુવાન કવિઓ જોરશોરથી કહે કે કવિતામાં છંદની જરૂર જ નથી. ને આ મુદ્દા પર પોતાનો ચોકો જુદો જમાવ્યો. 'રે' મઠની સ્થાપના કરી. (જોકે પાછલે બારણેથી 'ગાલિબ ગુજરાતી' ઉપનામે આદિલે પોતાની રચના 'કુમાર'માં છપાવેલી.)

ને આદિલનાં તોફાનો પૂર બહારમાં શરૂ થયાં. આદિલની સમગ્ર છાપ મારા મગજ પર એક તોફાની માણસ તરીકેની જ છે. આદિલનો બીજો અર્થ તોફાન થવો જોઈએ એવું મારું માનવું છે. સહેજ નીલાશ પડતી તેની આંખોમાં ઘૂઘવતા સાગરનાં તોફાની મોજાંની થપાટો મને દેખાયા કરે છે. લાભશંકરના સારંગપુરના દવાખાને 'રે' મઠની ઑફિસ રાખવામાં આવેલી. 'રે' મઠમાં ઉમાશંકર, બચુભાઈ વગેરેનાં પૂતળાં લટકાવવાનો વિચાર આદિલે આપેલો. સારંગપુરને તે સાક્ષરભૂમિ કહેતો. અમુક સ્થળનું સરનામું લખતાં આપણે આસપાસની કોઈ જાણીતી જગ્યાનો ઉલ્લેખ કરીએ છીએ. એ રીતે 'રે' મઠના સરનામામાં 'મૂતરડીની સામે' લખાતું. આ સરનામેથી 'કૃતિ'ના અંકો પ્રકટ થતા ને લેખકોને રવાના કરવામાં આવતા. સૂરતના શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને ય મોકલે. 'મૂતરડીની સામે' વાંચતાં એ ભદ્ર પુરુષ થોડા કોચવાઈ જતા. તેમણે 'રે' કાર્યાલયને પત્ર લખ્યો કે મને તમારો અંક હવેથી ના મોકલશો. આ સરનામું વાંચવું ના પડે એ માટે જ તેમણે આમ કરેલું. પછી આદિલે અંક મોકલવાને બદલે ખાલી રૅપર મોકલવા માંડયું. (જેના પર 'ફ્રૉમ : 'રે' કાર્યાલય, મૂતરડીની સામે, સાક્ષરભૂમિ' એવું મોટા અક્ષરે લખતો.)

'રે'ના ઉત્કર્ષ માટે આદિલજીએ એક કાર્યક્રમ બનાવેલો—બૂટ પૉલિશનો. લૉ ગાર્ડન પાસે બૂટ પૉલિશ કરીને 'રે'-ઈસ્ટ કવિઓએ ભંડોળ એકઠું કર્યું; ને બૂટ પૉલિશના જે પૈસા આવ્યા એનો બધાએ ભેગા થઇને મહેતા રેસ્ટોરન્ટમાં જઇને નાસ્તો કરી નાખ્યો—આદિલની સૂચનાથી.

'રે'ના દરેક તોફાન પાછળ બુદ્ધિ તો આદિલની જ વપરાતી. (બીજા મિત્રો તે સાચવી રાખતા.) સુરેશ જોષીએ 'ક્ષિતિજ'નો સ્પેશ્યલ અંક–'એબ્સર્ડ એકાંકી'નો પ્રકટ કરવાની જાહેરાત કર્યા પછી આવેલાં (રાવજીના નાટક સિવાયનાં) બધાં નાટકો બકવાદ લાગતાં અંક પ્રકટ કરવાનું માંડી વાળ્યું ત્યારે સુરેશ પર ક્રોધે ભરાઇને 'રે'-ઈસ્ટોએ તેમને લખેલ પત્રનો ડ્રાફ્ટ આદિલે ઘડેલો, જેમાં સુરેશને સલાહ આપતાં લખેલું : 'બાફેલું ઈંડું દૂધમાં નાખીને ખાવાથી મર્દાનગી આવવાની તથા છાતી પર વાળ ઊગવાની પૂરેપૂરી શક્યતા છે...' વગેરે. ને બધાએ સુરેશનો બહિષ્કાર કરેલો. સુભાષ શાહ વડોદરામાં સુરેશને ત્યાં જઇને ખીચડી ખાઈ આવ્યો ત્યારે તેની સામે કાર્યવાહી ચલાવવાનો પ્રસ્તાવ પણ આદિલે જ મૂકેલો. ને સુભાષને 'રે'માંથી બરતરફ કરીને છાપામાં જાહેરખબર આપેલી કે 'રે' મઠના નામે સુભાષ શાહ સાથે કોઈએ લેવડદેવડ કરવી નહિ.

પછી આદિલના કહેવાથી 'રે' મઠની ઑફિસ સારંગપુરથી ખસેડીને

ભઠિયાર ગલીમાં લઈ ગયા. આદિલ એક દિવસ રસ્તામાં મળ્યો એટલે મેં પૂછ્યું: '"રે' મઠને સારંગપુરમાંથી ખસેડીને ભઠિયાર ગલીમાં કેમ લઈ ગયા?' ત્યારે તેણે ખુલાસો કર્યો: 'અમારા બ્રાહ્મણ-વૈશ્ય કવિમિત્રોને ભઠિયાર ગલીની મટન-ચાપ ખૂબ ભાવે છે. એ ખાવા સારંગપુરથી રોજ ત્યાં જવા કરતાં ઑફિસ જ ત્યાં ખસેડી લીધી.'

આદિલે ગઝલો લખી છે એના કરતાં તોફાનો વધુ કર્યાં છે. તેના મગજમાં કોઈ તુક્કો આવે કે તરત તેનો અમલ તે કરવાનો જ. એક વાર રાત્રે અઢી વાગ્યે તેનો મૂડ ખરાબ થઈ ગયો. બીજાનો મૂડ ખરાબ કરવાની ઇચ્છા થઈ ગઈ. એટલે ખિસ્સામાંથી ફોન નંબર લખેલી ડાયરી કાઢી પબ્લિક બૂથમાંથી ફોન કરવા માંડ્યા. પહેલો ફોન ગુજરાત યુનિવર્સિટીના ઉચ્ચ પદાધિકારીને કર્યો. અરધી રાતે ભરનીંદરમાંથી જગાડીને પૂછ્યું: 'મહેસાણા જતી પહેલી બસ સવારે કેટલા વાગ્યે ઊપડે છે?'

'ખબર નથી.' જવાબ મળ્યો એટલે સામેથી ધમકાવતાં આદિલે કહ્યું: 'યુનિવર્સિટીનો વહીવટ આ રીતે જ ચલાવો છો?' પછી શહેરની એક જાણીતી કૉલેજના પ્રિન્સિપલને ફોન જોડ્યો: 'હલ્લો! કોણ છો?'

'હું આચાર્ય ફલાણો ઢીંકણો.'

'રાત્રે અઢી વાગ્યે ય આપ ભૂલી શકતા નથી કે આપ આચાર્ય છો?' કહી આદિલે ફોન મૂકી દીધો. આમ લાભશંકરને ય લાણમાં લીધેલા.

એક વાર વેરાવળમાં મુશાયરો યોજાએલો. પીતાંબર પણ શાયરો સાથે ગએલા. પીતાંબર આદિલને 'દાઢીવાળા' 'દાઢીવાળા' કહ્યા કરે. કવિમિત્રો સાથે આદિલ વેરાવળના દરિયે જતો'તો.

'ક્યાં જાઓ છો, દાઢીવાળા?' પીતાંબરે આદિલને પૂછ્યું.

'દરિયે...આવવું છે?' ને પીતાંબર તેમની સાથે દરિયે ગયા. દરિયો જોઈને આદિલને શું યે સૂઝ્યું તે પીતાંબરના હાથમાં પોતાનાં પૅન્ટ-જભ્ભા વગેરે પકડાવીને તદ્દન નિર્વસ્ત્ર થઈને પાણીમાં દોટ મૂકી. પીતાંબર આ દશ્ય જોઈને હેબતાઈ ગએલા.

આદિલને કશું હીણું નથી લાગતું. આનું કારણ કદાચ એ હશે કે પોતાની જાત માટે લઘુતાનો ભાવ તે ક્યારે પણ અનુભવતો નથી. માત્ર પાંચ અંગ્રેજી ભણ્યો હોવા છતાં કોઈ વિદ્વાનથી તે અંજાતો નથી. વડા પ્રધાન મોરારજીભાઈ સાથે હાથ મિલાવતી વખતે ય તે ખંચકાટ ના અનુભવે. કદાચ એમને એવું 'ફીલ' કરાવે કે વડો પ્રધાન તો હું પણ બની શકું તેમ છું, પણ ભલે તમે હમણાં હોદ્દો ભોગવતા. (જો કે એ ખરું કે આદિલ વડો પ્રધાન બને તો દારૂબંધી હરગીઝ દાખલ થવા ના દે.)

તેને મન બધું સહજ છે. કશા ય આયાસ વગર તે બોલે છે, લખે છે, વર્તે છે. સાહિત્યને તે બહુ ગંભીર પ્રવૃત્તિ નથી લેખતો. તેને મન સાહિત્ય, કળા વગેરે પ્રવૃત્તિઓ નકામી-તદ્દન નકામી છે. તે કવિ કેમ બન્યો એવું કોઈ પૂછે તો એ કહી દેશે કે બીજું કોઈ ઉપયોગી કામ સૂઝ્યું નહિ ને સારા સારા માણસોને ય આ વાહિયાત પ્રવૃત્તિ કરતા જોયા એટલે આના પર હાથ અજમાવ્યો.

પણ આજે કવિતા કરવા કરતાં ગંજીફરાકની જાહેરખબર લખવામાં તેને વિશેષ આનંદ આવે છે. છેલ્લા કેટલાક માસથી, ઉંમર વરતાતાં, કવિતાએ તેને છોડી દીધો છે. સાહિત્યની દરેક પ્રવૃત્તિ તરફ આજકાલ તેને જબરી ખીજ છે. મુશાયરાને તે બેસણું ગણે છે. બેસણે જવાના સો રૂપિયા મળે છે માટે તે મુશાયરામાં જાય છે. કવિતા સંભળાવવાનો તેને ભારે કંટાળો છે. પણ એથી ય વધારે કંટાળો સાંભળવાનો છે. પૈસાની જરૂર છે, તે મળે છે, એટલે મુશાયરામાં જવા જેવું કંટાળાજનક કામ તે કરે છે. જો કે લોકોને મુશાયરા કરતાં મુજરામાં વધુ રંગત આવતી હોય છે; પરંતુ ખિસ્સાને પરવડે નહિ એટલે મુશાયરામાં આવે છે. આ વાતની મોટા ભાગના શાયરોને જાણ હોય છે.

પણ આદિલ ક્યારે ય કવિતામાં ડૂબી જતો નથી. સ્ટેઈજ પર પોતાની કવિતા તે ડીટૅચ્ડ થઈને વાંચે છે. પ્રિયકાન્ત કવિતા વાંચતી વેળાએ પોતે જ કાવ્ય-પ્રવાહમાં ખેંચાઈ જતા, જ્યારે આ કવિ ચશ્માંમાંથી ત્રાંસી નજરે એક-બે વાર પ્રેક્ષકો તરફ જોઈ લે, એટલું જ. પછી, કોઈ બીજાની વાંચતો હોય એ રીતે પોતાની કવિતા તે વાંચી નાખે છે. ને કોઈ તેની કવિતાનાં વખાણ કરે ત્યારે તેના ગાલે (દાઢી સોંસરા) તથા આંખમાં શરમના શેરડા પડતા તમે જોઈ શકશો.

તેની વાત કરવાની ઢબછબ, શબ્દો, ચહેરો વગેરે જોવાની મઝા આવે છે. દસ જણના ટોળાની વચ્ચે તે બેઠો હશે તો બધાનું ધ્યાન પોતાની તરફ આકર્ષી શકશે. કોઈ પણ વિષયની વાત હશે તો એની પાસે તે પર એકાદ ફક્કડ શે'ર હશે જ. શેર' જ નહિ, જોક પણ હશે. મિઠ્ઠા લહેજામાં, મલાવીને વાત કરીને બધાનાં મન હરી લેશે, જેના પર મજાક કરશે એને ય ઘડીભર તો હસાવી દેશે. એક વખત જ્યોતીન્દ્ર દવેના પ્રમુખપણા હેઠળ એક મુશાયરો થએલો. મુશાયરો પૂરો થયા પછી બધા વાતોએ ચડ્યા. આદિલે આખી સોપારી જ્યોતીન્દ્ર સામે ધરતાં કહ્યું: 'ફરમાઈએ...'

'આ ઉંમરે આખી સોપારી હું ચાવી નહિ શકું.' જ્યોતીન્દ્રે કહ્યું.

'દાંત જેવા દાંત ચાવી ગયા ને આટલી સોપારી ચાવી નહિ શકો?' આદિલ ઉવાચ.

તેની અ-ગંભીર પ્રકૃતિ તેની રચનાઓમાં ય ડોકાવાની. ગમે તેવી ગંભીર ગઝલમાં પણ એકાદ હઝલ ઘૂસી જવાની. તેની આ ચીજ મને ઘણી પ્રિય છે:

'અપના ઘર ભી મિલતા જુલતા હૈ ગાલિબકે ઘરસે,
દો ઘંટા બરસાત જો બરસે, છ ઘંટા છત બરસે.'

તેનામાં શીઘ્ર કાવ્ય કરવાની શક્તિ ય અજોડ છે. તેનું મગજ હમેશાં નેવું માઈલની સ્પીડે દોડતું હોય છે. અમે બધા સાથે બેસીને હાઈકુ લખતા. તે સૌથી વધુ ઝડપે ને ગુણવત્તામાં ઊંચાં હાઈકુ. સુંદર અક્ષરે લખી નાખતો. અમે બધા એકાદ શબ્દ શોધવા હાંફતા ત્યાં સુધીમાં તે દસ હાઈકુ લખીને બેસી જતો.

એ લખે ત્યારે ઢગલાબંધ લખી નાખે ને, પછી વૈરાગ્ય આવે ત્યારે પાનબીડીની જેમ લખવાનું ય છોડી દે—એ તરફ જુએ સુધ્ધાં નહિ. આ વખતે પાઠ્યપુસ્તકના ઉપલા ધોરણમાં તેની એક રચના લેવાઈ છે. આ અંગે તેનો પ્રતિભાવ પૂછ્યો તો કહે: 'એ કાવ્ય પાઠ્યપુસ્તકમાં લેવાયું છે તે સાંભળીને કાનને આંશિક આનંદ આવે છે, પણ સાચું પૂછો તો આવતી કાલનાં નાગરિકોને (જેની બચુભાઈને સવિશેષ ચિંતા છે) ગેરરસ્તે દોરી રહ્યો છું—એ કાવ્યથી.'

દુનિયાને સુધારવાના તેની પાસે અસંખ્ય પ્લાન્સ છે (બગાડવાના તો એથી ય વધારે છે), જેમાંના કેટલાક ગંભીર ને કેટલાક 'ફની' છે. તેના મત પ્રમાણે લિટરેચરમાં કમ્પલસરી રીટાયરમેન્ટ દાખલ કરી દેવી જોઈએ. કેટલાક કવિઓ સ્મશાન સુધી—તેમની કબર પર પથરા મુકાઈને તે 'સીલ' થાય ત્યાં સુધી છેલ્લો 'મક્તો' સંભળાવી નાખવાની તક જતી નથી કરતા. સાહિત્યમાં કટોકટી સર્જાય ત્યાર પહેલાં આ અંગે કંઈ કરવું જોઈએ. લેખકોની એઈજ લિમિટ બાંધી દેવી જોઈએ, ને એ ઉંમર પછી લખનારને કડક શિક્ષા કરવી જોઈએ. બને તો દેહાંત દંડ કે પછી જમણો અંગૂઠો કાપી નાખવાની સજા. તો જ સાહિત્યનું સ્તર થોડું યે ઊંચું આવશે.

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૫૩ માટેનું 'સંત જ્ઞાનેશ્વર'ના લેખક

પ્રો. વસંત જોષીને મળે છે.

'રે'ઈસ્ટ કવિ મિત્રો માટે તે કહે છે કે એ કવિઓ ઘરડા થઈ ગયા છે. સ્થાપિત હિતોનો વિરોધ કરતાં કરતાં એ જ સ્થાપિત હિત બની ચૂક્યા છે. ને તેમની સર્જનશક્તિ કુંઠિત થઈ ગઈ છે. (મણિલાલ ને રાવજી જેવા) જે સમજદાર હતા તે ગુજરી ગયા છે.

મિત્રો માટેનો તેનો શે'ર બહુ જાણીતો છે:

'પાછળ પ્રવાસીઓમાં ઘણા મિત્ર પણ હતા,
કોણે કર્યો પ્રહાર મને કંઈ ખબર નથી.'

આ શે'રના સંદર્ભમાં મેં તેને પૂછ્યું કે 'મિત્રો માટે ખરેખર તારો આવો અનુભવ છે?' ત્યારે તેણે કહ્યું કે બધા મિત્રો મોઢાથી સારા છે: મોઢે મીઠું બોલે છે—એકાદ-બેને બાદ કરતાં. (એકાદ-બે અપવાદ કહેવામાં તેણે ચાલાકી વાપરી છે. દરેક મિત્ર પોતે એકાદ-બેમાં છે એવું માની લે માટે.) જો કે મનહર મોદીનું આ બાબત જરા જુદું કહેવાનું છે. આદિલે લખેલ શે'ર માટે તે એમ કહે છે કે હકીકતમાં તો આ શે'ર આદિલ માટે મારે લખવા જેવો હતો.

મનહરની વાત મને વધારે સાચી લાગે છે. મોઢામોઢ કહેવાનું આદિલ લગભગ ટાળે છે. મોઢે તો સારું લાગે એવી લખનવી જબાનમાં જ વાત કરે છે. પણ ટોળામાં બેઠેલ કોઈ જવા માટે પીઠ ફેરવીને ઊભો થાય કે તરત જ આદિલની પચ્ચીસ-ત્રીસ કિલોની ગાળ તેના બરડામાં વાગવાની જ. અમે ટાઉનહૉલની હૅવમોરમાં બેસતા ત્યારે હું ખાસ માર્ક કરતો. આઠ-દસ મિત્રો બેઠા હોય. એમાંથી એક ચાલવા માંડે ને આદિલ એને વિષે એકાદ સળગતું લાકડું ફેંક્યા વગર, કૉમેન્ટ કર્યા વગર ભાગ્યે જ રહે. કદાચ આ જ કારણે તેની આસપાસ બેઠેલા મિત્રો તેને છોડીને વહેલા નોંતા નીકળતા: ખાસ કરીને હું. મને લાગ્યા કરતું કે મારા ગયા પછી, મારી પીઠ પાછળ પણ તે આમ જ બોલતો હશે ને!... ને એટલે પછી તેની પાસે હું છેક છેલ્લે સુધી બેસી રહેતો. બધા ઊઠીને જાય, આદિલની ગાળ સાંભળનાર મારા સિવાય કોઈ હાજર ના હોય ત્યારે જ હું ઘેર જવા ઊભો થતો.

પણ મને લાગે છે કે જીવનમાં દરેક ચીજમાંથી આનંદ લૂટવાની તેની તાસીરનો જ આ એક ભાગ હશે. કોઈ લડે-ઝગડે, દુઃખી થાય, એમાં તેને છૂપો આનંદ આવતો હશે. એક વાર તેણે મને પ્રોફેસર રજનીકાન્ત પટેલ સાથે ભેરવી દીધેલો. અમે બધા હૅવમોરમાં બેઠેલા. આદિલે મને રજનીકાન્તનો પરિચય કરાવ્યો. અંગ્રેજી હ્યૂમર વિષે તે મને કહેવા માંડયા. મઝાની રીતે વાત કરતા'તા. અરધો પોણો કલાક આ રીતે એક પક્ષે વાત ચાલી. આદિલે બે વાર મારી સામે તીરછી નજરે જોઈ લીધું. રજનીકાન્તના ગયા પછી આદિલે મને પૂછ્યું: 'પ્રોફેસરે બરાબરની ખચાવીને?' આદિલની આ ચેષ્ટાથી હું હસી પડયો. બીજા દિવસે અમે બેઠેલા, ત્યાં રજનીકાન્ત આવ્યા. મારી સામે જોઈ તે નારાજગીભર્યા અવાજે બોલ્યા: 'મારી વાતોથી તમે 'બોર' થતા'તા તો તમારે મને એ વેળા જ કહી દેવું જોઈતું'તું. મારા ગયા પછી ફરિયાદ કરો એ બરાબર નથી.' મેં પાસે બેઠેલા આદિલ સામે જોયું. તે દાઢીમાં હસી રહ્યો'તો. તેની મિસ્ચીફ હું સમજી ગયો. કશીક ચોખવટ કરવા જતાં પ્રોફેસર વધારે માઠું લગાડી બેસશે એ ભયે મારે ચૂપ રહેવું પડયું.

આદિલનો આ આનંદ છે. તે કોઈ મુશાયરામાં ગયો હોય ને તેને ના ગમતો કવિ મંચ પર કૃતિ બોલવા ઊભો થાય કે તરત જ આદિલ, વાહ! બહોત ખૂબ!! દુબારા!!! એવી વચ્ચે વચ્ચે રાડો પાડયા કરશે. એમાં એનો આશય તો મૂળે એ જ હોય કે એ કવિની રચના પોતાના ઘોંઘાટમાં ડૂબી જઈને પ્રેક્ષકો સુધી પહોંચે જ નહિ! આદિલની આ પરપીડનવૃત્તિ, પારકાના દુઃખે સુખી થવાનો આનંદ મને નથી સમજાતો. કોઇ બિચારા રાંકે તેનું કશું બગાડયું ના હોત તે છતાં તેને દુઃખી કરવાની તક આદિલ જતી કરી શકે જ નહિ. વચ્ચે નિરંજન ભગત ટાઉનહૉલની હૅવમોરમાં બેસતા'તા. તે પોતાના મિત્રો સાથે, અલબત્ત જુદા ટેબલ પર, બેસી જ્ઞાનની વાતો કરે એટલે આદિલ ખીજવાઈ જાય. એક વાર ખીજમાં ને ખીજમાં તેણે શીઘ્રપણે એક કાવ્યપંક્તિ પણ રચી નાખેલી:

'ચાલે છે ધમધમાટ રસોડું ગનાનનું.'

બીજા એક શાયર અંબાલાલ ડાયર છે. પખાલીની પોળના નાકે તેમની દરજીકામની દુકાન છે. તેમના પર એક ગઝલ લખીને આદિલે તેમને મોકલી આપેલી:

'બંદરના માથે બામ મુકદ્દરની વાત છે,
મેરઈ કરે કલામ, મુકદ્દરની વાત છે.'

વર્ષો અગાઉ 'દર્પણ'નું એક નાટક જોવા તે ગએલો. નાટકમાં મઝા ના આવી એટલે પિટ ક્લાસવાળાઓ વગાડે છે એવી જોરદાર સીટી ચાલુ ખેલે વગાડેલી.

તેની મહેચ્છા પણ આવા પ્રકારની જ છે. તે એવું સતત ઈચ્છી રહ્યો છે કે આકાશમાંથી ફેનિકોલનો એવો તો ધોધમાર વરસાદ પડે કે આખી દુનિયા સજ્જડબામ થઈ જાય...એટલું વળી સારું છે કે આ તેના હાથની વાત નથી. નહિ તો— □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૯

થાક

શારીરિક હોય કે માનસિક, અમુક કામ કર્યા પછી તેનો થાક લાગે છે. થાક એ સ્વાભાવિક લક્ષણ છે. કામ કરતાંકરતાં શક્તિ ખૂટી જાય એટલે થાક લાગે જ. તેથી તે કોઈ રોગ ન ગણાય. પરંતુ થોડું કામ કરતાં પણ થાકી જવાય તે જરૂર રોગ ગણાય. ઘણા રોગમાં થાક લક્ષણ રૂપે હોય છે. પરંતુ કોઈ રોગ વગર પણ થાક લાગે તો તે સ્વતંત્ર રોગ જ કહેવાય.

૧) કામનું ભારણ વધારે હોવું, ૨) કામમાં રસ ન હોવો, ૩) પોષક આહારનો અભાવ, ૪) વધુપડતો મેદ હોવો, ૫) વધુપડતી દુર્બળતા હોવી, ૬) કામનું સ્થળ કે વાતાવરણ પ્રતિકૂળ હોય. અને ૭) આરામનો અભાવ હોય તો થાક જલ્દી જણાય છે.

ઉપચાર

૧) દેખીતું કોઈ કારણ હોય તો તે દૂર કરવું. ૨) કોઈ રોગને કારણે થાક વરતાતો હોય તો તે રોગના ઉપચાર પ્રથમ કરવા. ૩) કામનો ક્રમ એવી રીતે ગોઠવવો કે તેમાં વચ્ચે વચ્ચે થોડો આરામ મળે. વળી, રોજેરોજનું કામ કરી જ નાખવું જેથી મગજ પર એનું ભારણ વધે નહિ. ૪) મોજશૉખના ખર્ચમાં કાપ મૂકીને પણ પોષક આહાર લેવાનું રાખવું. ૫) કામ કરવામાંથી છટકવાનું વિચારવાના બદલે એમાં રસ કેળવવો. ૬) રાતની ગાઢ નિદ્રા, પોષક આહાર, રોજનું સ્નાન, આનંદી સ્વભાવ, કામમાં રસ વગેરેથી થાક જણાતો નથી. ૭) ઔષધમાં દ્રાક્ષાસવ, અશ્વગંધારિષ્ટ કે દશમૂલારિષ્ટ જમ્યા પછી ૨-૨ તોલા પાણી સાથે લેવું અથવા સુવર્ણ વસંતમાલતી કે ચ્યવનપ્રાશ (જીવન)નું સેવન કરવું. ૮) નિયમિત થોડો વ્યાયામ કરવાની ટેવ પાડવી ને સમય કાઢી થોડો સમય બહાર ખુલ્લામાં ફરવા જવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

યોગાસનો શરીર મન ને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિની, દામુભાઈ શુક્લ લિખિત પુસ્તિકાની નવા ઉમેરા સાથેની છઠ્ઠી આવૃત્તિ. કિં. રૂ. ૪. પોસ્ટેજ અલગ







પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંની એક વાનગી

રાષ્ટ્રસમૂહ (કૉમનવેલ્થ)ના દેશોનાં પ્રતીક


જગતના પાંચ ખંડોને આવરીને પડેલું અગાઉનું બ્રિટિશ સામ્રાજ્ય, જે હિંદના સ્વતંત્ર થવા પછી રાષ્ટ્રસમૂહ (કૉમનવેલ્થ ઑવ નેશન્સ)ના નામે ઓળખાય છે તેમાંના મોટા દેશોથી માંડી નાનાં સંસ્થાનો સુધીના સર્વ સભ્યોનાં રાજ્યપ્રતીકોનું આ આલેખન, અહીં એટલા માટે રજૂ કર્યું છે કે એમાં પ્રત્યેક દેશની ભાવના તેમજ પરંપરા, તેનાં પ્રતિનિધિરૂપ કુદરતી કલાત્મક યા અન્ય ચિહ્નો દ્વારા સુશોભિતરીતે વ્યક્ત થએલી છે. અને એ પ્રતીકોનો આવો નિઃશેષ સમૂહ એકીસાથે મળવો દુર્લભ હોય છે. એમાં આ લખાણના મથાળાની બરોબર ઉપર વચ્ચોવચ બ્રિટન-નું રાજ્યચિહ્ન છે. અને તેની ચોમેર આવેલાં અન્ય પ્રતીકો નીચે તે તે દેશોનાં નામ લખેલાં છે.







તદ્દન નીચલી પટ્ટીમાં વચ્ચેની તકતીમાં રાણી ઇલિઝાબેથના સત્તાવાર નામાક્ષરો E II R (ઇલીઝાબેથ રેજીના બીજી) છે અને તેની બંને બાજુની ચારચાર તકતીઓમાં અનુક્રમે ઈંગ્લૅંડ-ના રાષ્ટ્રીય ફૂલ ગુલાબ. સ્કૉટલૅન્ડના રાષ્ટ્રપુષ્પ થિસલ, આયર્લૅન્ડના રાષ્ટ્રફૂલ શૅમરૉક તથા વેલ્સના રાષ્ટ્રીય પુષ્પ




લીકનાં સુશોભનો યોજેલાં છે.



ભૂ-સંપત્તિ સર્વેક્ષણ ઉપગ્રહ

માનવસેવામાં
કૃત્રિમ ઉપગ્રહ
[૩]

લેખક
પરંતપ
પાઠક



◁ લૅન્ડસેટ ઉપગ્રહ

અમેરિકાનો પહેલો પ્રાયોગિક ભૂ-સંપત્તિ સર્વેક્ષણ ઉપગ્રહ એટલે કે Earth Resources Technology Satellite અથવા 'ERST-I' નામે ઓળખાતો ઉપગ્રહ ઈ. ૧૯૭૨ના જુલાઈમાં પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો. હવામાન ઉપગ્રહ 'નિમ્બસ' જેવો દેખાતો આ ઉપગ્રહ લગભગ ૯૫૩ કિ. ગ્રા. વજન ધરાવતો હતો અને તેમાં મૂકેલાં સર્વેક્ષણ-ઉપકરણો હમેશાં પૃથ્વી તરફ રહે તે માટે તેની ત્રણેય ધરી નિયંત્રિત કરીને તેને પૃથ્વી-સ્થિત બનાવવામાં આવ્યો હતો. પૃથ્વીની સપાટીથી ૯૦૦ કિ. મી. દૂર લગભગ ધ્રુવીય વર્તુળાકાર ભ્રમણ કક્ષામાં મૂકવામાં આવેલા આ ઉપગ્રહનો ભ્રમણકાળ આશરે ૧૦૩ મિનિટનો હતો અને એટલે એક દિવસમાં તે લગભગ ૧૪ વખત પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરતો હતો. આ ઉપગ્રહની ભ્રમણકક્ષા પૃથ્વીના વિષુવવૃત્તની સાથે લગભગ ૯૯ અંશના ખૂણા ઉપર રાખવામાં આવી હતી, જેથી તેની ભૂમિ-રેખા પૃથ્વીના કોઈ પણ પ્રદેશ ઉપર દર ૧૮ દિવસે અમુક ચોક્કસ સ્થાનિક સમયે જ પસાર થતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, ધારો કે તેની ભૂમિરેખા અમદાવાદ ઉપરથી આજે સ્થાનિક સમય પ્રમાણે બપોરે ૩ વાગ્યે પસાર થતી હોય તો બરાબર ૧૮ દિવસ પછી તે ફરી એ જ રીતે પસાર થાય. આ પ્રકારની ભ્રમણકક્ષા 'સૂર્ય—સમક્રમિક' (Sun-Synchronus)' કહેવાય છે. આ જાતની રચનાનો મુખ્ય લાભ એ છે કે સૂર્યના પ્રકાશની એકસરખી પરિસ્થિતિમાં જ જે તે પ્રદેશનાં પુનરાવર્તિત ચિત્રો મળી શકે. ભૂ-ભૌતિક કારણોથી ઉપગ્રહની ભ્રમણકક્ષામાં થતાં સૂક્ષ્મ પરિવર્તન સામે યોગ્ય નિયંત્રણ કરવા માટે આ ઉપગ્રહમાં 'ભ્રમણકક્ષા નિયંત્રણ ઉપ-તંત્ર' પણ રાખવામાં આવ્યું છે.

પૃથ્વીના પ્રદેશોનાં સર્વેક્ષણ-ચિત્રો મેળવવા માટે આ ઉપગ્રહમાં બે પ્રકારનાં ઉપકરણો રાખવામાં આવ્યાં છે: (૧) દશ્યમાન તરંગ-લંબાઈના ત્રણ જુદાજુદા ગાળામાં એકસાથે કાર્ય કરતા ત્રણ ટી. વી. કૅમેરા અને (૨) ત્રણ દશ્યમાન અને એક અધોરક્ત તરંગ-લંબાઈના ગાળામાં એકસાથે કાર્ય કરતું બહુ-રંગી વિકિરણમાપક. આ બંને ઉપકરણ વડે કોઈ પણ વખતે પૃથ્વી ઉપરનો ૧૮૫ × ૧૮૫ ચોરસ કિ. મી. જેટલો વિશાળ વિસ્તાર જોઈ શકાય છે. આ બંને ઉપકરણ વડે દિવસ દરમિયાન જુદી જુદી તરંગ-લંબાઈના સૂર્યના પરાવર્તિત પ્રકાશથી દર ૨૫ સેકંડે ઉપર્યુક્ત વિશાળ પ્રદેશનાં ચિત્રો બને છે. પૃથ્વીના દૈનિક ભ્રમણને લીધે ઉપગ્રહની ભૂમિ-રેખા પશ્ચિમ દિશા તરફ ખસતી જાય છે, પરંતુ બે ક્રમિક ભૂમિ-રેખા ઉપર લેવાએલાં ચિત્રોમાં લગભગ ૧૪ ટકા જેટલો ભાગ બેવડાય છે એટલે આ ચિત્રોનાં મોઝેઈક તૈયાર કરવામાં સરળતા રહે છે. ઉપર કહ્યું છે એ પ્રમાણે આ ઉપગ્રહ વડે ફક્ત ૧૮ દિવસમાં જ આખી પૃથ્વીના ૮૧° ઉત્તર અક્ષાંશથી ૮૧° દક્ષિણ અક્ષાંશ વચ્ચેના બધા પ્રદેશોનાં ચિત્રો મળે છે.

ઈ. ૧૯૭૫ના જાન્યુઆરીમાં આ જ પ્રકારનો બીજો ઉપગ્રહ 'ERTS-2' અવકાશમાં મૂકવામાં આવ્યો હતો. એ પછી આ બંને ઉપગ્રહનાં નામ બદલીને LANDSAT-I અને LANDSAT-2 રાખવામાં આવ્યાં છે. આ બીજો ઉપગ્રહ પણ બધી રીતે પહેલા જેવો જ છે અને તેની ભ્રમણકક્ષા એ રીતે રાખવામાં આવી છે કે આ બંને ઉપગ્રહની મદદથી ફક્ત ૯ દિવસમાં જ આખી પૃથ્વીનાં સર્વેક્ષણ ચિત્રો તૈયાર થઈ શકે છે.

LANDSAT-I પછી ૧૯૭૩-'૭૪માં Skylab નામના લગભગ ૪૩૫ કિ. મી. ઊંચાઈ ઉપર ઘૂમતા સ-માનવ ઉપગ્રહમાં વૈજ્ઞાનિક કાર્ય માટે ગએલા અવકાશવીરોએ કૅમેરા વડે પૃથ્વીના અનેક પ્રદેશોનાં ચિત્રો લીધાં છે, જે દ્વારા ઘણી ઉપયોગી માહિતી મેળવવામાં આવી છે. Skylabમાં નિષ્ક્રિય અને સક્રિય પ્રકારનાં સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપક પણ મૂકવામાં આવ્યાં હતાં. આ ઉપકરણો દ્વારા સમુદ્ર, જમીનનો ભેજ અને પૃથ્વીના જળ-પ્રદેશો વિષે ઘણી માહિતી મેળવી શકાઈ છે.

લૅન્ડસેટ-૧ અને ૨ ઉપગ્રહ દ્વારા મળેલાં જુદા-જુદા પ્રદેશોનાં ચિત્રોનો અભ્યાસ કરીને ઘણા ક્ષેત્રોમાં અગત્યની ઉપયોગી માહિતી મેળવવામાં આવી છે, જ્યારે અમુક ક્ષેત્રમાં આ સાધનની મર્યાદાઓ વિષે પણ સ્પષ્ટ ખયાલ મેળવી શકાયો છે. કેટલાંક ક્ષેત્રોમાં આ ચિત્રોની સાથે ભૂમિ ઉપરની અમુક માહિતી અને હવામાન ઉપગ્રહ દ્વારા મેળવેલી માહિતીનો એકસાથે ઉપયોગ કરવાથી વધારે અર્થપૂર્ણ વિગતો

મથાળે 'લૅન્ડસેટ-૧' ઉપગ્રહની આકૃતિ આપી છે. ERTS-૧ અથવા લૅન્ડસેટ-૧ ઉપગ્રહ ૧૯૭૨ના જુલાઈમાં ૯૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર લગભગ ધ્રુવીય વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો હતો. ૯૫૩ કિલોગ્રામ વજનના આ ઉપગ્રહને તેની ત્રણેય ધરીનું નિયંત્રણ કરીને પૃથ્વી-સ્થિત બનાવ્યો હતો, જેથી તેમાં મૂકેલાં દૂર-સંવેદન ઉપકરણો હમેશાં પૃથ્વીની દિશામાં જ રહી શકે. આ ઉપગ્રહને વિદ્યુતશક્તિ પૂરી પાડવા માટે તેના સૌર-કોષ (આકૃતિમાં ૧) બે મોટી પાંખમાં મૂકવામાં આવ્યા હતા, જેમાંથી લગભગ ૫૦૦ વૉટ જેટલી વિદ્યુતશક્તિ મળતી હતી. એનાં દૂર-સંવેદન ઉપકરણો દ્વારા લેવાતાં પૃથ્વીનાં ચિત્રો ભૂમિ ઉપર મેળવવા માટે ખાસ પ્રકારનાં ભૂમિ-મથકો બનાવવામાં આવ્યાં છે. આ જાતનાં કુલ ૭ ભૂમિ-મથકોમાંનાં ૩ ભૂમિ-મથક ઉત્તર અમેરિકામાં છે જ્યારે બાકીનાં ૪ કૅનેડા, બ્રાઝિલ અને ઈટલીમાં રાખવામાં આવ્યાં છે. આવું એક ભૂમિ-મથક ભારતમાં પણ સ્થાપવા માટે અમેરિકા સાથે સમજૂતી થઈ ગઈ છે. આકૃતિમાં ૨ લૅન્ડસેટ-૧ના કૅમેરા તથા ૩ બહુરંગી વિકિરણમાપક છે.

મેળવી શકાઈ છે. નીચે આ વિવિધ વિષયના અભ્યાસનાં મુખ્ય પરિણામો વિષે ટૂંકમાં ચર્ચા કરી છે.

કૃષિક્ષેત્રે આ ચિત્રોના ઉપયોગથી જુદાજુદા પાકના કુલ વાવેતર અંગે માહિતી મેળવી શકાઈ છે. વિશાળ, (ક્ષેત્રફળ લગભગ ૨૦ એકર) લંબચોરસ આકારનાં ખેતરોમાં જ્યાં ઘઉં કે ચોખા જેવા એક કે બે જાતના પાકનું જ વાવેતર કરેલું હોય તેવા પ્રદેશો માટે લગભગ ૯૦ ટકા જેટલી ચોકસાઈથી પાક ઓળખી શકાયા છે, જ્યારે નાનાંનાનાં અનિયમિત આકારનાં વિવિધ જાતના પાકના વાવેતર વાવતાં ખેતરો માટે આ ચિત્રોની મદદથી જુદાજુદા પાક ઓળખવાનું ઘણું મુશ્કેલ છે.

આ ચિત્રોનો ઉપયોગ કરીને કોઈ પણ પાકના એકર દીઠ ઉતાર વિષે અંદાજ કાઢવાનું શક્ય નથી. આનું કારણ એ છે કે કોઈ પણ પાકના ઉતારમાં કૃષિવિષયક પરિબળો ને યોગ્ય હવામાન બંને ખૂબ અગત્યનાં છે. આ દૃષ્ટિએ ફક્ત લૅન્ડસેટ ઉપગ્રહ દ્વારા લેવાએલાં ચિત્રોની મદદથી કોઈ પણ પાકના ઉતાર વિષે આગાહી નથી કરી શકાતી. પરંતુ ઉપર બતાવ્યા પ્રમાણે કૃષિવિષયક અને હવામાનની માહિતી સાથે આ ચિત્રો દ્વારા વધારે ચોક્કસ માહિતી મળી શકશે એમ માનવામાં આવે છે. આ બધી બાબતો ધ્યાનમાં લઈને 'નાસા' તરફથી ઘઉંના પાક વિષે આગાહી કરવા માટે એક પ્રાયોગિક કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે જે 'LACIE' (Large Area Crop Inventory Experiment) નામથી ઓળખાય છે. જો આ કાર્યક્રમ સફળ થશે તો આ દિશામાં સક્રિયાત્મક કક્ષાએ પ્રયત્નો શરૂ કરવામાં આવશે.

લૅન્ડસેટ ઉપગ્રહ દ્વારા લેવાએલાં આ ચિત્રોમાં જુદાજુદા પ્રકારની જમીનની લાક્ષણિકતા ઓળખી શકાઈ છે, એટલે જમીનની મોજણી કરવામાં આ પદ્ધતિ ખૂબ ઉપયોગી સાબિત થઈ છે. આ ઉપરાંત ગોચર જમીન (Range land) સંબંધિત માહિતી (જેવી કે વધુ પડતું ચરાણ, સૂકા ઘાસનું પ્રમાણ પણ) મળી શકી છે. આ જાતની માહિતી પશુપાલનના વ્યવસાય માટે ઘણી ઉપયોગી થઈ છે.

વન-સમૃદ્ધિ વિષે સામાન્ય મોજણી કરવી શક્ય નથી, પરંતુ એક જ પ્રકારનાં વૃક્ષો ધરાવતાં વનમાંથી કેટલા પ્રમાણમાં ઈમારતી લાકડું મળી શકશે તે વિષે સાધારણ અંદાજ મેળવી શકાયો છે. આ ઉપરાંત વૃક્ષછેદનના પ્રમાણનો અંદાજ તથા વનમાં લાગતા અમુક પ્રકારના દવ વિષે પણ તાત્કાલિક માહિતી મળી શકી છે, જે બીજી રીતે મેળવવી ખૂબ મુશ્કેલ અને અત્યંત ખર્ચાળ છે.

જળ સંપત્તિના વિષયમાં ભૂમિ ઉપરનાં જળાશય તથા ભૂગર્ભના જળભંડાર વિષે અત્યંત સંતોષકારક માહિતી મળી શકી છે. આ ચિત્રોમાં જળ અને જમીન વચ્ચેનો તફાવત સ્પષ્ટતાથી જોઈ શકાય છે, એટલે ૧૦ એકરથી વધારે ક્ષેત્રફળ ધરાવતાં જળાશય લગભગ ૯૯ ટકા જેટલી ચોકસાઈથી ઓળખી શકાય છે. કૉમ્પ્યુટરની મદદથી કરેલા પૃથક્કરણમાં ઓછામાં ઓછા ૬ એકર ક્ષેત્રફળ ધરાવતાં જળાશયો પણ ઓળખી શકાયાં છે. આ ચિત્રો દ્વારા ભૂગર્ભના જળભંડાર વિષે પણ માહિતી મળી શકી છે. આ માહિતીનો ઉપયોગ કરીને છીછરા કૂવા ખોદવા માટે ઘણી ચોકસાઈથી સ્થળની પસંદગી કરી શકાઈ છે. આ ચિત્રો દ્વારા પર્વતો ઉપરના હિમાચ્છાદન વિષે પણ સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી છે. આ માહિતીનો ઉપયોગ કરીને બરફ ઓગળવાથી નદીના પ્રવાહમાં થતા વધારા (પૂર) વિષે પણ આગાહી કરવામાં આવી છે, જે ઘણી ચોક્કસ સાબિત થઈ છે. આ ચિત્રોમાં પૂરગ્રસ્ત વિસ્તાર અને તેમાં થતા લાંબા ગાળાના ફેરફારો પણ સ્પષ્ટતાથી દેખાય છે. પૂરની આપત્તિમાંથી બચવા માટેના ભૂમિ-આયોજન માટે આ માહિતી ઉપયોગી થઈ છે.

આ ચિત્રોમાં દેખાતાં બાહ્ય ભૂસ્તરીય લક્ષણો ઉપરથી ખનિજ ને પેટ્રોલિયમ માટેનાં અન્વેષણકાર્યમાં ઘણી ઉપયોગી માહિતી મળી છે. ઉપરાંત ભૂગર્ભીય ઉષ્ણ પ્રદેશો ને સક્રિય જ્વાળામુખી પણ ઓળખી શકાયા છે. ભૂકંપ કે મોટાં વાવાઝોડાં પછી ભૂ-આકૃતિમાં થતાં પરિવર્તનો પણ આ ચિત્રોમાં જોવા મળ્યાં છે. દાખલા તરીકે બંગાળાના ઉપસાગરમાં આવેલા એક વાવાઝોડા પછી લેવાએલાં ચિત્રોમાં બંગલાદેશના અમુક ટાપુઓની જમીનમાં વધારો થએલો જોવા મળ્યો છે.

આ ચિત્રોનો સહુથી વધારે અગત્યનો ઉપયોગ ભૌગોલિક નકશા બનાવવા માટે કરવામાં આવ્યો છે. ફક્ત ૧૮ દિવસ જેટલા ઓછા સમયમાં સમગ્ર પૃથ્વી ઉપરના પ્રદેશનાં ખૂબ જ સ્પષ્ટ ચિત્રો મળતાં હોવાથી દરેક ખંડ કે ઉપ-ખંડના નકશા અત્યંત ચોકસાઈથી મળી શક્યા છે. વળી, જુદાજુદા સમયે લેવાએલાં એક જ પ્રદેશોનાં ચિત્રો સરખાવવાથી ભૂમિ-પ્રદેશમાં લાંબા ગાળે થતા સૂક્ષ્મ ફેરફારો વિષે પણ માહિતી મળી શકી છે.

ભૂમિ-ઉપયોગ આયોજન (Land use Planning)ના ક્ષેત્રમાં આ ચિત્રો ઘણાં ઉપયોગી થયાં છે. દાખલા તરીકે વિશ્વ બૅન્કની સહાયથી ભારતના ઓરિસ્સા રાજ્યના પ્રદેશોનાં ઉપગ્રહ-ચિત્રો ઉપરથી જળાશય, જુદાજુદા પાકનાં વાવેતર, જંગલ અને અન્ય ભૌગોલિક લક્ષણો ઘણી સ્પષ્ટતાથી ઓળખી શકાયાં છે. આ અભ્યાસનાં પરિણામો તે રાજ્યના ભૂમિ-ઉપયોગ આયોજન માટે અત્યંત ઉપયોગી થયાં છે.

ભૂ સર્વેક્ષણ માટે 'નાસા' તરફથી બીજા બે ઉપગ્રહ 'લૅન્ડસેટ ૩'* ને 'સીસેટ' (SEASAT) તૈયાર કરવામાં આવી રહ્યા છે. લૅન્ડસેટ-૩માં અધોરક્ત તરંગલંબાઈના એક વધારાના ગાળામાં કાર્ય કરી શકે તેવું બહુ-રંગી વિકિરણ માપક મૂકવામાં આવશે. સીસેટ ઉપગ્રહમાં નિષ્ક્રિય અને સક્રિય પ્રકારનાં સૂક્ષ્મ-તરંગ ઉપકરણો રાખવામાં આવશે, જેની મદદથી સમુદ્ર સંબંધિત ઘણી ઉપયોગી માહિતી—સમુદ્રનાં મોજાંની ઊંચાઈ. સમુદ્રની સપાટી ઉપર પવનની ગતિ, સમુદ્રના પ્રવાહો, સમુદ્રની સપાટીનું ઉષ્ણતામાન, સમુદ્રમાં તરતા હિમ-પર્વતો વગેરે—મળી શકશે. અગાઉ કહ્યું છે એ પ્રમાણે આ ઉપગ્રહ, તેનાં સૂક્ષ્મ-તરંગ ઉપકરણોને લીધે રાત-દિવસ અને દરેક ઋતુમાં કાર્ય કરી શકશે.

ભારતમાં દૂર-સંવેદન પદ્ધતિનો ઉપયોગ

દૂર-સંવેદન પદ્ધતિના ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવ મેળવવા તથા આ વડે આપણા દેશની ભૂ-સંપત્તિનું સર્વેક્ષણ કરી શકાય તે માટે યોગ્ય ટૅક્નૉલૉજી અને નિપુણતા કેળવવાના હેતુથી 'ભારતીય અવકાશ સંશોધન સંગઠન' (ISRO) તરફથી આ ક્ષેત્રમાં વ્યવસ્થિત કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જુદાંજુદાં ઉપકરણો વિકસાવવામાં આવે છે તથા દૂર-સંવેદન પદ્ધતિ દ્વારા મેળવેલી માહિતીનું પૃથક્કરણ કરવા 'દાર્શનિક અર્થઘટન પદ્ધતિ' અને કૉમ્પ્યુટરના ઉપયોગ વિષે અભ્યાસ કરવામાં આવે છે.

ભારતમાં આ પદ્ધતિનો સહુ પ્રથમ ઉપયોગ ૧૯૭૦માં કેરાળામાં નારિયેળીના વૃક્ષમાં થતા રોગ વિષે માહિતી મેળવવા માટે કરવામાં આવ્યો હતો. આ પ્રયોગમાં હેલિકૉપ્ટરમાંથી કૅમેરા વડે અધોરક્ત ફિલ્મનો ઉપયોગ કરીને લીધેલાં ચિત્રોમાં નારિયેળીનાં રોગિષ્ઠ વૃક્ષોને જુદાં તારવી શકાયાં હતાં. આ પછી વિમાનમાં મૂકેલા બહુ-રંગી ફિલ્મ-કૅમેરા વડે ભારતના ઘણા જુદાજુદા પ્રદેશોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. આમાં સહુથી અગત્યના પ્રયોગો ૧૯૭૪-૭૫ દરમિયાન અનંતપુર (આંધ્રપ્રદેશ) અને પતિયાળા (પંજાબ) ખાતે કરવામાં આવ્યા હતા, જેમાં 'ઈસરો' અને 'ભારતીય કૃષિ સંશોધન સમિતિ'ના વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. આ પ્રયોગના પરિણામે જાણવા મળ્યું હતું કે દૂર-પદ્ધતિના ઉપયોગથી જુદાજુદા પાક અને કૃષિસંપત્તિ ઓળખી શકાય

* ઉપગ્રહ ૫ માર્ચ ૧૯૭૮ના રોજ પ્રક્ષેપિત કરવામાં આવ્યો છે.

છે અને તેનું વર્ગીકરણ પણ કરી શકાય છે. આ પ્રયોગ દ્વારા મેળવેલાં ચિત્રો ઉપરથી પાકના કુલ વાવેતરનો અંદાજ મેળવી શકાયો હતો અને ભૂમિ-ઉપયોગનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. પરંપરાગત પદ્ધતિથી મેળવેલી માહિતી કરતાં ઉપર્યુક્ત પ્રયોગ દ્વારા કરેલા સર્વેક્ષણમાં સવિશેષ વિગતથી માહિતી મળી શકી હતી.

કૃત્રિમ ઉપગ્રહ વડે દૂર-સંવેદન પદ્ધતિથી ભૂ-અવલોકન, કરવા માટે ભારતનો બીજો પ્રાયોગિક ઉપગ્રહ 'SED' (Satellite for Earth Observations) અત્યારે તૈયાર થઈ રહ્યો છે. બાહ્ય દેખાવમાં બરાબર 'આર્યભટ' જેવા આકારનો આ ઉપગ્રહ લગભગ ૪૦૦ કિલોગ્રામ વજનનો થશે. દૂર-સંવેદન પદ્ધતિથી ભૂ અવલોકન કરવા માટે તેમાં નીચેનાં બે ઉપકરણો રાખવામાં આવશે: (૧) દશ્યમાન અને અધોરક્ત તરંગ-લંબાઈના બે જુદાજુદા ગાળામાં સૂર્યના પરાવર્તિત પ્રકાશથી કાર્ય કરતા બે ટી. વી. કૅમેરા અને (૨) સૂક્ષ્મ-તરંગની બે જુદીજુદી તરંગ-લંબાઈમાં કાર્ય કરતા સૂક્ષ્મ-તરંગ વિકિરણાત્મક. આ ઉપગ્રહ ચાક-સ્થિત રાખવામાં આવશે અને તેની ચાક ધરી અને ભ્રમણકક્ષાની સપાટી વચ્ચે હમેશાં ૯૦ અંશનો કોણ જાળવવામાં આવશે. ઉપગ્રહમાં ઉપર્યુક્ત બંને ઉપકરણો એવી રીતે સામસામે મૂકવામાં આવશે કે જેથી ઉપગ્રહના દરેક ચાક દરમિયાન આ બંને ઉપકરણો વારાફરતી પૃથ્વી તરફ જોઈ શકે.

૧૯૭૮ના અંત પહેલાં રશિયન રૉકેટ વડે આ ઉપગ્રહ લગભગ ૫૦૦ કિ. મી. ઊંચાઈ ઉપર વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. આ ઊંચાઈએથી તેના ટી. વી. કૅમેરા પૃથ્વી ઉપરના ૩૨૫×૩૨૫ ચોરસ કિ. મી. જેટલા વિશાળ પ્રદેશો જોઈ શકશે, જ્યારે તેનું વિભેદન-માપ લગભગ ૧ કિ. મી. હશે. દિવસ દરમિયાન જ્યારે ઉપગ્રહ ભારત ઉપરથી પસાર થશે ત્યારે અમદાવાદ અથવા શ્રીહરિકોટાના ભૂમિમથક દ્વારા તેને રેડિયો-આદેશ આપીને તેના ટી. વી. કૅમેરા વડે પૃથ્વીની છબિ લેવામાં આવશે. ઉપગ્રહના ટ્રાન્સમીટર દ્વારા પ્રસારિત થતા રેડિયો-સંકેત ઉપર્યુક્ત ભૂમિ-મથક ઉપર ગ્રહણ કરીને આ ચિત્રોની ફિલ્મ તૈયાર કરવામાં આવશે અને પછી તેનો ઉપયોગ કરવામાં આવશે. આ ચિત્રો દ્વારા ખેતીલાયક જમીન, વન-પ્રદેશ, જળાશય વગેરે વિષે માહિતી મળી શકશે.

આ ઉપગ્રહના સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપકની મદદથી સમુદ્રની સપાટી દ્વારા ઉત્સર્જિત થતું. સૂક્ષ્મ-તરંગ વિકિરણ માપવામાં આવશે અને તે ઉપરથી સમુદ્રની સ્થિતિ (શાંત કે તોફાની), સમુદ્રની સપાટીનું ઉષ્ણતામાન વગેરે વિષે માહિતી મળી શકશે. (અનુસંધાન પૃ. ૨૦૩)

અનુસંધાન] **હેન્રી મૉર્ટન સ્ટેનલી** [પૃ. ૧૯૭થી

આદમી છું. કૉંગોના આ જંગલી પ્રદેશને સુધારવા માટે હું હવે અહીં મારા ૭૦ જેટલા ઝાંઝીબારીઓ ને સોમાલીઓને ઉતારું છું.'

આખો આફ્રિકા ખંડ પૂર્વથી પશ્ચિમ સુધી પાર કરનાર સ્ટૅનલી પહેલો જ હતો. લગભગ ૨૮૦૦ માઈલનો પ્રવાસ ખેડી પંદર લાખ ચોરસ માઈલ જેટલા વિશાળ કૉંગો પ્રદેશને જગતના નકશા ઉપર લાવનાર એ પહેલો જ શોધસફરી હતો. કેટલાક તો એનું સ્થાન એની મહત્ત્વની ભૌગોલિક શોધોને લઈને કોલંબસની બરાબરનું ગણે છે. આફ્રિકાનું આ સંમોહન એના પર એવું સવાર થઈ બેઠેલું કે લંડનના રસ્તાઓ પર ફરતાં પણ તેને કૉંગોનાં જંગલો એની નજર સામે તર્યા કરતાં, કાને એના પંખીઓનો કલરવ એના કાનમાં ગુંજ્યા કરતો.

કૉંગોના રબર અને હાથીદાંતથી સમૃદ્ધ પ્રદેશે બેલજિયમના રાજા લીઓપોલ્ડને લલચાવ્યો અને સ્ટૅનલીની જ સરદારી તળે એક બેલજિયન શોધક ટુકડીને કૉંગો મોકલી આપી. ઝનૂની જંગલી જાતિઓ—જેમાંની કેટલીક તો માણસખાઉ હતી—અને રોગિષ્ઠ વાતાવરણ વચ્ચે સાડા પાંચ વર્ષ ગાળી તેણે કૉંગો નદી ને તેને મળતી શાખાઓ પર ૨૨ જેટલાં સ્ટેશનો ઊભાં કરી તેમાં ૪ નાની સ્ટીમરો ફરતી મૂકી, તેણે કેટલાયે રસ્તા બાંધ્યા, નદીના પ્રવાહને રોધતા કેટલા યે ખડકોને જાતે હથોડા વતી દૂર કર્યા. આ એની ખડકતોડ પ્રવૃત્તિને લઈને દેશીઓએ એનું નામ જ પાડી દીધું 'બુલા માતારી', એટલે કે ખડકોનો તોડનારો.

એ અંધારિયા ખંડને પ્રકાશમાં લાવતી પોતાની શોધસફરોથી પરવારી એ પાછો સુધરેલા જગત વચ્ચે આવી પહોંચતાં તેને વધાવી લેવામાં આવ્યો. તેણે પોતાના સમયનો ઉપયોગ હવે વ્યાખ્યાનો આપવા અને પુસ્તકો લખવા પાછળ કરવા માંડ્યો, જેમાંનાં આ ત્રણ પુસ્તકો ખૂબ જાણીતાં છે: 'હાઉ આઈ ફાઉન્ડ લિવિંગ્સ્ટન', 'ધ ડાર્ક કૉન્ટિનેન્ટ', તથા 'ધ કૉંગો ઍન્ડ ધ ફાઉન્ડિંગ ઑવ ધ ફ્રી સ્ટેટ'.

એવામાં ઇજિપ્તની દક્ષિણે આવેલા દસ લાખ ચોરસ માઈલના સુદાનના પ્રદેશ પર કબજો જમાવી બેસનાર બ્રિટન સામે ત્યાંની પ્રજાએ બંડ ઉઠાવ્યું અને તેની સામેના યુદ્ધમાં બ્રિટિશ સેનાપતિ ગૉર્ડન માર્યો ગયો. ગૉર્ડનનો જ એક જર્મન લેફ્ટેનન્ટ દક્ષિણ સુદાનમાં અટવાઈ પડેલો તેને હેમખેમ લાવવા માટે બ્રિટિશ સરકારે સ્ટૅનલીની જ સહાય માગી. સૂર્યનાં કિરણો સુધ્ધાં જ્યાં પેસવાને શક્તિમાન નહોતાં એવાં કૉંગોનાં ગીચ જંગલો વીંધી તે દક્ષિણ સુદાન પહોંચ્યો અને પોતાને સોંપાએલું કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું. તે લંડન પાછો ફરતાં પ્રજાએ તેમ જ સરકારે તેને અભિનંદવામાં મુદ્દલ કચાશ ન રાખી. દરમિયાન ૩૬ વર્ષની કુ. ડૉરોથી ટૅનન સાથેનો તેનો પરિચય ગાઢ બની પ્રણયમાં પરિણમતાં ૪૯ વર્ષના સ્ટૅનલીએ ૧૮૯૦માં તેની સાથે લગ્ન કરી નાખ્યાં. એની વ્યાખ્યાનપ્રવૃત્તિ હવે યુનાઇટેડ સ્ટેટ્સથી માંડી ઑસ્ટ્રેલિયા ને ન્યૂઝીલૅન્ડ સુધી વિસ્તરી. પણ એ વ્યાખ્યાનોનો જ નહિ, તેની વાતચીત સુદ્ધાંનો વિષય એકમાત્ર આફ્રિકા રહેતો. આ પરથી એની પત્નીને એવી બીક લાગવા માંડી કે એ અંધારિયો ખંડ પોતાના પતિને પોતાની પાસેથી કયાંક ઝૂટવી ન લે. આથી તેણે સ્ટૅનલીને પાર્લમેન્ટમાં ચૂંટાઈ ત્યાં આફ્રિકન હિતો આગળ ધરવાની સલાહ આપી અને સ્ટૅનલીએ તે સ્વીકારી લીધી. એમાં પહેલી વાર તો એ હારી ગયો, પણ તે પછીની ચૂંટણીમાં વિજયી નીવડી પાંચ વર્ષ સુધી પાર્લમેન્ટનો સભ્ય રહ્યો.

છતાં આફ્રિકાનું આકર્ષણ તો એને રહેલું. વચ્ચે એ આફ્રિકાની એક ટૂંકી મુલાકાતે જઈ પણ આવ્યો. પરંતુ ગૃહજીવનનો આરંભ કર્યા પછી તેને પત્ની ડૉરોથી અને દત્તક લીધેલા પુત્ર વિના જીવન સૂનુંસૂનું લાગવા માંડ્યું એટલે તે તરત જ પાછો ફર્યો અને સરેમાં પરબ્રાઈટ મુકામે મકાન ખરીદી કુટુંબસુખ માણતાં જીવનનાં શેષ વર્ષો ત્યાં જ પૂરાં કર્યાં. તેના અઠ્ઠાવનમા વર્ષે તેને 'નાઈટહૂડ'થી નવાજવામાં આવેલો.

આ મહાન પ્રવાસીનો છેલ્લો પ્રવાસ લંડનનો હતો—અને તે પણ ઍમ્બ્યુલન્સમાં, આ જગતની વિદાય લેવાની છેલ્લી સ્થિતિમાં. આ મરણાસન્ન સ્થિતિમાં પણ તેનું મન તો આફ્રિકાનાં જંગલોમાં જ ભટકતું હતું અને તે બરાડી ઊઠતો: 'ઓહ, મારે મુક્ત થવું છે! જંગલમાં પહોંચી મારે મુક્ત બનવું છે.' અને બિગબેન ઘડિયાળે સવારના ચારના ડંકા પાડયા કે તે બોલી ઊઠયો: 'કેટલું વિચિત્ર! હં, તો સમય થઈ ચૂકયો છે!' અને એના બે કલાક બાદ એનો અજંપ આત્મા એનો દેહ છોડી ચાલી નીકળ્યો. એ દિવસ હતો ઈ. ૧૯૦૪ના મેની ૧૦મીનો.

એના મૃતદેહને પરબ્રાઈટ મુકામે જ્યાં દફનાવવામાં આવ્યો છે એ આરામગાહ પર એના નામ અને એના જીવનની મહત્ત્વની તારીખો સાથે આફ્રિકાના દેશીઓએ એને આપેલું નામ 'બુલા માતારી' કોતરેલાં છે, જ્યારે એના નિમ્ન ભાગે એના સમગ્ર જીવનના સરવૈયા રૂપ એક જ શબ્દ કોતરેલો છે—'આફ્રિકા.' □

સાહિત્યસંપર્ક

શબ્દકથા: કઠેરો · કઠોડો · કથરોટ · મથરાવટી

કઠેરો, કઠેડો, કઠોડો એવા વિવિધ રૂપે મળતા શબ્દનો 'દાદર વગેરે આગળની લાકડાની માંડણી, આડ' એ મૂળ અર્થ અને 'બહાર નીકળેલો ગોખ, રવેશ' એ પછીથી વિકસેલો અર્થ હોવાનું જણાય **છે.**

સં. **काष्ठगृह**, પ્રા. **कट्ठघर**, **कट्ठहरय** 'લાકડાનું ચોકઠું' ઉપરથી **કઠેરો** નિષ્પન્ન થઈ શકે. **ह** ની અસરથી આગલો **સ્વર** **ए** કે **ओ** બને, તે અનુસાર **કઠોરો** પણ થાય. **પછી** **ભરધું અડધું** ની જેમ **કઠેડો** અને **કઠોડો** એવાં રૂપ બને.

સિંધી, **कटहडो**, પંજાબી **कटहिडा**, હિંદી, મરાઠી **कठडा** ને સમજાવવા **काष्ठघट** 'ઘડીને બનાવેલું લાકડાનું ચોકઠું' એવું મૂળ રૂપ હોવાનું ટર્નરને અનુસરીને આપણે સ્વીકારવું પડે–જો કે ટર્નરે તો **र** વાળાં તથા **ड** વાળાં રૂપો માટે **काष्ठघर** કે **काष्ठघट** એ બેમાંથી કોઈ પણ વિકલ્પ અનિશ્ચિતપણે લઈને ચાલી શકાય એમ સૂચવ્યું છે.

પણ ગુજરાતી **कथरोट**નું મૂળ નક્કી કરવા માટે અન્ય ભાષાની સામગ્રી નિર્ણાયક કામ આપે **છે.** નેપાળી, બિહારી, હિંદી **कठौती**, **कठौता**ના મૂળ તરીકે સં. **काष्ठपात्र** પ્રા. **कट्ठवत्त** સહેજે સૂઝે તેમ **છે.** તે પછી મરાઠી **काठवत**, **काथवट**માં થયું **છે** તેમ ગુજ. **कथरोट** માં પણ **છેલ્લો** દંત્ય વર્ણ મૂર્ધન્ય થયો **છે** અને આગળનો મૂર્ધન્ય વર્ણ દંત્ય થયો છે. વધારેમાં ગુજરાતી શબ્દરૂપમાં **र** કાર વધારાનો ભળ્યો છે–જેમ **मस्तकपठिका** પરથી પ્રા. **मत्थावट्टिआ** દ્વારા થયેલ **माथावटी**, **मथावटी** ને **मथोटी** ઉપરાંત **मथरावटी**માં **र** કાર ઉમેરાયો છે.

'મસાલો વગેરે રાખવાની ખાનાં ને ઢાંકણાંવાળી નાની પેટી' એવા અર્થના **कठोडुं**, કઠોડોના મૂળમાં સં. **काष्ठपुट**, પ્રા. **कट्ठउड** હોવાનું માનવું પડશે. **હરિવલ્લભ ભાયાણી**

એક સ્વપ્નસિદ્ધ ગ્રન્થ

ધીરુ પરીખ

પ્રેમાનંદનીકાવ્યકૃતિઓ: મધ્યકાલનો શ્રેષ્ઠ ગણાએલો પરલક્ષી કવિ પ્રેમાનંદ આજના વાચકો–વિદ્વાનોને પણ શ્રેષ્ઠ લાગ્યા વગર રહેતો નથી. આમ તો એની છૂટકછૂટક કૃતિઓ અવારનવાર અભ્યાસક્રમોમાં આવતી હોય છે, પરન્તુ ત્યારે સુજ્ઞ અને રસાર્દ્ર ભાવકને એ કવિની અનેક કૃતિઓ વાંચવાનું મન થતાં પ્રેમાનંદનો સમગ્ર સંગ્રહ સુલભ નહિ હોવાથી જે કંઈ મળ્યું તે વાંચીને સંતોષ માની લેવો પડતો હોય છે. પ્રસ્તુત પ્રકાશનથી પ્રેમાનંદના ભાવકની વાચનભૂખ હવે અતૃપ્ત રહેશે નહિ. પ્રેમાનંદની નાનીમોટી બધી જ રચનાઓને સમાવી લેવાના આ સ્વપ્નસિદ્ધ ગ્રંથની યોજના બે ભાગની છે, તેમાંથી આ પ્રથમ ભાગ પ્રકટ થાય છે. અનેક હસ્તપ્રતોનો વ્યવસ્થિત અભ્યાસ કરી સંપાદકોએ સમુચિત વાચના તૈયાર કરી છે અને જોડણીની એકવાક્યતા જાળવી લીધી છે તેથી અર્વાચીન વાચકને રસક્ષતિ થવાનો સંભવ રહેતો નથી. એમણે મૂળ પ્રતમાં ભાષાગત કયા કયા ફેરફારો કર્યા છે તેની નોંધ એમના નિવેદનમાં આપેલી છે. આ નોંધ પણ અભ્યાસીઓને ગ્રંથારંભ પૂર્વે ઉપયોગી થઈ પડશે. ત્યાર પછી પ્રેમાનંદના જીવન અને તેમની કૃતિઓનો અધિકૃત પરિચય આપ્યો છે. જો કે આ પહેલાં પણ આટલો પરિચય તો રસિક ગુજરાતી વાચકને ના હોય તેવું ભાગ્યે જ બને. પણ સંપાદનપદ્ધતિની એક શિસ્ત લેખે પણ આ પરિચયની અનિવાર્યતા ઉચિત લેખાશે જ.

આ પ્રથમ ખંડમાં પ્રેમાનંદની 'ઓખાહરણ', 'ચંદ્રહાસ–આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'મદાલસા–આખ્યાન', 'હૂંડી', 'સુદામાચરિત્ર', 'મામેરું', 'સુધન્વાખ્યાન', 'નળાખ્યાન' અને 'રણયજ્ઞ' એમ દસ કૃતિઓ સમાવિષ્ટ કરવામાં આવી છે. વળી, જ્યાંજ્યાંથી જેજે હસ્તપ્રતો મળી છે તેનો ઉલ્લેખ કૃતિના આરંભમાં કરવામાં આવ્યો છે, અને પાઠફેરો તે તે પૃષ્ઠ નીચે આપવામાં આવ્યા છે. આ રીતે જોવા જતાં એક શાસ્ત્રીય દૃષ્ટિથી તૈયાર કરવામાં આવેલું આ સંપાદન મધ્યકાલના સાહિત્યરાશિમાં અભૂતપૂર્વ ઉમેરો કરે છે. બીજા ખંડની આપણી અધીરાઈને પણ કંઈક સારું પામવાની આથી પ્રતીતિ થાય તેમ છે. બીજા ખંડની પૂર્વપ્રકાશિત કિંમત રૂ. ૨૫ રાખવામાં આવી છે.

[સંપા. કેશવરામ કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા; પ્રકા. શિવલાલ જેસલપુરા, સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ, શાહપુર ચકલા, રાજાજીની પોળ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૬૦૪, રૂ. ૩૨]

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
૧૬૪ સામળદાસ ગાંધી માર્ગ · મુંબાઈ–૨

અર્ધશતાબ્દીની અખબારી યાત્રા: અખબારની પણ એક આલમ છે, અને અખબારયાત્રીની પણ એક જિંદગાની હોય છે! પીઢ પત્રકાર શ્રી યજ્ઞેશ હ. શુક્લે પોતાના પત્રકાર જીવનનાં ૫૦ વર્ષ પૂરાં કર્યાં એ પ્રસંગે પોતાના અનુભવો અને પત્રકારત્વના ક્ષેત્રની વિવિધ અજ્ઞેય વાતો આ ગ્રંથમાં રજૂ કરી છે, તે અખબારી આલમમાં રસ ધરાવનાર સહુ કોઈને ઉપયોગી અને આનંદપ્રદ થઈ પડશે. આ ગ્રંથને પાંચ ખંડમાં વહેંચી નાખવામાં આવ્યો છે: ૧) ગુજરાતી પત્રકારત્વ ૨) પત્રકારની નિષ્ઠા, ૩) ગુજરાતી મુદ્રણકળા, ૪) અખબાર કેમ તૈયાર થાય છે અને ૫) પુરવણી. પ્રથમ ખંડમાં ગુજરાતી પત્રકારત્વના ગતકાલ-તત્કાલનો ઇતિહાસ આલેખી તેની આવતી કાલ કેવી હશે તેના એક અનુભવીની આંખે તારવેલાં નિદર્શનો અપાયાં છે. બીજા ખંડમાં પત્રકારની નિષ્ઠા વિષેની વાતો કરતાં કરતાં ગુજરાતી પત્રકારત્વ વિષેના વિચારો સદૃષ્ટાંત રજૂ કર્યા છે. ત્રીજા ખંડમાં મુદ્રણને કલા તરીકે વિકસાવી રહેલા આજના યુગમાં મુદ્રણની સિદ્ધિઓની ઝાંખી કરાવવાની સાથે સાથે આપણાં અખબારો વિષે અને કેટલાક સમર્થ પત્રકારો વિષે, સમીક્ષા કરવામાં આવી છે. ચોથા ખંડમાં અખબાર કઈ રીતે તૈયાર થાય છે તેની વ્યાવસાયિક વાતો કરવામાં આવી છે, જેમાંનો માહિતીભાગ જિજ્ઞાસુઓને સંતર્પે તેવો છે, અને નવા પત્રકારોને માર્ગદર્શન પૂરું પાડે તેવો પણ છે. પાંચમો ખંડ પુરવણીનો છે, જેમાં વર્તમાનપત્રોના છેલ્લા આંકડા આપવામાં આવ્યા છે, તથા પોતાને પુછાએલી એક પ્રશ્નાવલી અને પોતાના પુસ્તક 'એક વ્યવસાયી પત્રકારની ઘડતરકથા'નું જ્યોતીન્દ્ર હ. દવેએ કરેલું અવલોકન મૂકવામાં આવ્યાં છે. સમગ્ર પુસ્તક એની લખાવટ અને માહિતીને લીધે રોચક અને ઉપયોગી બન્યું છે. (પાકું પૂઠું. પૃ. ૪૭૭, રૂ. ૩૦.)

આપણી શ્રેષ્ઠ નવલિકાઓ: આ પુસ્તકના સંપાદક શ્રી ગુલાબદાસ બ્રોકર પોતે એક નીવડેલા વાર્તાકાર છે. આમ, એક સૂઝવાળા વાર્તાકારને હાથે અહીં મલયાનિલની 'ગોવાલણી' વાર્તાથી સુરેશ જોશીની 'ગૃહપ-

વેરા' સુધીની ૧૯ વાર્તાઓ સંગૃહીત થએલી છે, તે ગુજરાતી ટૂંકી વાર્તાના ઇતિહાસની ઝાંખી કરાવી આપવા પર્યાપ્ત છે, જોકે સંપાદકે પુસ્તકના આરંભમાં 'ટૂંકી વાર્તાનું કલાસ્વરૂપ' અને 'ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા' એવા બે અભ્યાસપૂર્ણ લેખો તો જોડેલા જ છે. વાર્તારસિકોને માટે ગમી જાય તેવું આ સંપાદન આવકાર્ય છે, અને આ તેની પાંચમી આવૃત્તિ એ આવકાર્યતાની ગવાહી પૂરે છે. (કાચું પૂઠું, પૃ. ૩૦૨, રૂ. ૮.)

નારીજીવન પરિમલ : પીઢ ચિંતક અને લેખક કાકાસાહેબ કાલેલકરના સ્ત્રીવિષયક ચિંતનાત્મક ૨૮ લેખોનો આ સંચય નારીજીવન વિષેની એમની ઉદાત્ત ભાવના અને પૂજ્યવૃત્તિ પ્રકટ કરે છે. (કાચું, પૃ. ૨૦૩, રૂ. ૧૦.) –ધી. પ.

આવકાર

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય

ગાંધીરોડ, અમદાવાદ

મહાન મુસાફરો ભાગ ૧ થી ૫ : **લે.** યશવંત મહેતા, કાચું પૂઠું, સેટના રૂ. ૨૨-૫૦

પ્રેરણા પરબ : લે. ફાધર વાલેસ, કાચું પૂઠું, પૃ. ૧૪૭, રૂ. ૫

દીપ બુઝાયો : **લે.** પ્રેમશંકર **હ.** ભટ્ટ, પાકું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૫–૦૦

કલા અને સાધના : **લે.** આનંદ, કાચું પૂઠું, પૃ. ૭૮, રૂ. ૫–૨૫

આપણો ઘડીક સંઘ : લે. દીગીશ મહેતા, પાકું પૂઠું, પૃ. ૧૭૫, રૂ. ૮–૫૦

અમાસના આભિયા : લે. અશ્વિનીકુમાર વ્યાસ, પાકું પૂઠું, પૃ. ૩૪૦, રૂ. ૧૭-૫૦

કચ્છની રસધાર ભાગ ૪થો : લે. દુલેરાય કારાણી, પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૧૦–૦૦

કુરુક્ષેત્રને પંથે ખંડ ૩જો : **લે.** દક્ષિણકુમાર જોશી, પાકું પૂઠું, પૃ. ૩૬૮, રૂ. ૧૮–૫૦

કુરુક્ષેત્રને પંથે ખંડ ૪થો : દક્ષિણકુમાર જોશી, પાકું પૂઠું, પૃ. ૩૪૫, રૂ. ૯૮–૫૦

આઈનસ્ટાઇન : લે. ડૉ. ઉષા જોશી, કાચું પૂઠું, પૃ. ૧૩૧, રૂ. ૬–૫૦

વોરા ઍન્ડ કંપની

ગાંધીરોડ, અમદાવાદ-૬

એક પગ ઉંબર બહાર : **લે.** મોહમ્મદ માંકડ, પાકું પૂઠું, પૃ. ૪૩૭, રૂ. ૧૯–૨૫

છલ છલ : લે. શિવકુમાર જોશી, પાકું પૂઠું, પૃ. ૨૨૨, રૂ. ૧૦–૫૦

ટીપે...ટીપે... : લે. લક્ષ્મીકાન્ત ભટ્ટ, કાચું પૂઠું, પૃ. ૮૪, રૂ. ૪–૫૦

રોમાંચ : લે. સુરેશ દલાલ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૫–૦૦

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી આબિદ સૂરતી

જન્મ : સૌરાષ્ટ્રના વાવેરા ગામમાં, તા. ૫મી મે, ૧૯૩૫. ૧૯૬૦માં મુંબાઈમાં કલાનો અભ્યાસ પૂરો કર્યા પછી સિનેમાક્ષેત્રમાં સહાયક દિગ્દર્શક અને સહાયક પટકથા લેખક તરીકે કામ કર્યું. હિંદી-ગુજરાતીમાં નવલકથાઓ અને નાટકો લખ્યાં, પોતાની કલાકૃતિઓનાં અનેક પ્રદર્શનો પણ કર્યાં અને રેડિયો ટેલિવિઝન પર પણ અવારનવાર ભાગ લે છે. પ્રેક્ષકો પોતાના પ્રતિબિંબ દ્વારા ચિત્રરચનાનું એક અંગ બની રહે તે રીતે લગાડેલાં દર્પણ સાથેના 'મિરર કૉલાજ'નો એમનો ચિત્રપ્રયોગ બહુ સારી એવી ખ્યાતિ પામ્યો હતો. જીવનની અનેક ચડતી-પડતીને સહી લઇને પોતાની બહુવિધ અને પ્રયોગશીલ પ્રતિભાને વિકસાવનાર લેખક, કાર્ટૂનિસ્ટ અને અચ્છા કલાકાર.

૧ શ્રીમંતાઈની છોળ જોયા પછી આવી પડેલી આર્થિક ભીંસ ને અન્ય અનેક મુસીબતોના વસમા દિવસોમાં આપના મનની સ્થિતિ કેવી હતી? અને એનો સામનો કેવી રીતે કરેલો?

ઉ. વિનોદ ભટ્ટના શબ્દોમાં એ વખતે હું ખરેખર 'દુઃખોનો કરોડપતિ' બની ગએલો. માનસિક રીતે, ને પછી શારીરિક રીતે ભાંગી જ પડેલો. પાગલ થઈ જવા જેવી એ સ્થિતિમાં: મારા જ જીવનના એક પ્રકરણ પરથી 'કૅનાલ' નામની લઘુનવલ લખી નાખી. એ પછી મારામાં બમણી શક્તિનો સંચાર થયો ને ગુરુદેવના પરિચય પછી તો દુઃખ બધાં દવા બની ગયાં.

૨ આપ 'સેલ્ફ મેઈડ' સૂરતી લાલા છો. સેલ્ફ મેઈડની આપની વ્યાખ્યા? એવા થવા શું શું કરવું ઘટે?

ઉ. અથાગ પરિશ્રમ, રંગીન સ્વભાવ. દરેક પળની કિંમત હું સમજું છું અને એ પળમાં જીવું છું. વિશેષમાં ગુરુદેવ શ્રી ગોયંકાના આશ્રમમાં દસ દિવસ રહીને 'વિપશ્યના'ની સાધના શીખ્યો છું. રોજ સવારે એકાદ કલાક અમે પતિપત્ની એ સાધના કરીએ છીએ. 'વિપશ્યના'નો સાધક ગમે તે સ્થિતિ હસતાં હસતાં જીવી શકે છે.

૩ આપની જાણીતી નવલકથા 'ડાઘ' કેવા સંજોગોમાં લખાએલી?

ઉ. કારમી બિમારીમાં અનેક મહિનાઓ જે. જે. ઑસ્પિટલમાં ગાળીને ત્યાંનું વાતાવરણ જોયા પછી લખાઈ છે. ડૉક્ટરો તથા નર્સ વિષે એમાં લખ્યું છે, એનો હેતુ રાષ્ટ્રીય એકતાનો છે.

૪ આપનાં અનેક ચિત્રપ્રદર્શનોમાંથી આપના મતે કયું વધારે સફળ થએલું? અને કયું ચિત્ર લોકપ્રિય બનેલું?

ઉ. કદાચ સાતમું કે આઠમું પ્રદર્શન. 'મિરર કૉલાજ' શૈલીનું એ પ્રથમ હતું. 'કૃષ્ણલીલા' નામનું મ્યૂરલ ઘણું લોકપ્રિય બનેલું અને જાપાનમાં 'એક્સ્પો-૭૦'માં પણ રજૂ થએલું.

૫ આપનો પ્રિય લેખક, પ્રિય પુસ્તક ને પ્રિય પાત્ર?

કામૂ, મોહન રાકેશ, શરદચંદ્ર જેવા લેખકો વાંચવા મને ગમે છે. હાલમાં વાંચેલું 'રોઝેન ટ્રાયલ' મને ખૂબ ગમ્યું. સિનેસૃષ્ટિનાં લૉરેલ-હાર્ડીની જોડીને મારાં પ્રિય પાત્રો કહી શકાય.

૬ આપને મનગમતી રમત? કુદરતમાં પ્રિય સ્થળ? અને સાહિત્યનો કયો પ્રકાર વધુ ગમે?

ઉ. બેડમિન્ટન. આજે યે હું રમું છું. ઓરિસ્સાના ગોપાલપુરનો સાગરતટ મારું પ્રિય સ્થળ છે. અને સાહિત્યમાં મારા હૃદયને સ્પર્શી જાય તે મને ગમે છે.

૭ આપને મન જિંદગી એટલે?

ઉ. જિંદગી એટલે લૉલીપૉપ. એને ચૂસી લેવામાં ખરો આનંદ રહેલો છે. જેમના પેટમાં કરમિયા હશે તેઓ એ આનંદ માણી નહિ શકે!

૮ જોક્સ માટે આપ જાણીતા છો. દર્દ અને સાહિત્યને ગૂંથતી એકાદ જૉક કહો.

ઉ. મારા હિંદીના પ્રકાશકે મને મારી આત્મકથા લખવા કહ્યું. મેં જણાવ્યું : 'મારા જીવનમાં અગત્યનો ભાગ ભજવનારા અનેક પાત્રો હજીજીવે છે.અને તેમાંનાં થોડાંક શરીરે કસાએલાં પણ છે.'

આબિદ સુરતી

મનનું કારણ : લે. જયવંત દળવી અને જયા મહેતા, પાકું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૮.૫૦

બિહારયાત્રા–૨ : ઘેર ઘેર સોનાના ચૂલા: લે : ફ્રાંમર વાલેસ, કાચું, પૃ. ૧૪૮, રૂ. ૫–૫૦

હાસ્યાયન : સંપાદક : વિનોદ ભટ્ટ, પાકું પૂઠું, પૃ. ૪૩૫, રૂ. ૧૮–૦૦

સપનું પાછલા પહોરનું : લે. મોહમ્મદ માંકડ, પાકું પૂંઠું, પૃ, ૩૧૨, રૂ. ૧૪–૦૦

બાનો ભીખુ : બીજી આવૃત્તિ, લે. ચન્દ્રકાંત પંડયા, પાકું પૂઠું, પૃ. ૧૮૭, રૂ. ૮–૦૦

હરિને હસતા દીઠા : લે. રંભાબેન ગાંધી, કાચું પૂઠું, પૃ. ૧૯૯, રૂ. ૧૦–૦૦

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
એલિસબ્રિજ, અમદાવાદ–૬

રાજ્યનૈતિક સિદ્ધાંતનો ઇતિહાસ ભાગ ૧લો : લે. સિદ્ધાર્થ ન. ભટ્ટ અને હસમુખ જ. પંડયા, પાકું પૂઠું, પૃ. ૫૧૪, રૂ. ૪૬–૦૦

રાજ્યનૈતિક સિદ્ધાંતનો ઇતિહાસ ભાગ ૨જો : લે. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૫૬૫; રૂ. ૪૬–૦૦

આધુનિક રાજ્ય : લે. હસમુખ જ. પંડયા, પાકું પૂઠું, પૃ. ૫૨૯, રૂ. ૧૯–૦૦

ગુજરાતી નવલકથા : લે. રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા, પાકું પૂઠું, પૃ. ૩૧૯, રૂ. ૧૨–૦૦

ભારતીય સંવિધાનનો કાયદો : લે. હરસુખરાય ધોળકિયા અને સુરેશચંદ્ર પરીખ, પાકું પૂઠું, પૃ. ૧૧૮૨, રૂ. ૨૬–૦૦

ભારતનો ઇતિહાસ : લે. પ્રા. જશુ બી. પટેલ, પાકું પૂઠું, પૃ. ૫૬૮, રૂ. ૨૫

ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર : લે. ડૉ. ગીરીશ ઠક્કર, પાકું પૂઠું, પૃ. ૫૩૫, રૂ. ૧૫–૦૦

મોટર વાહનમાં શક્તિ-સંચારણ અને યંત્રરચના : લે. મીતુ એ. દાદાચાનજી અને બળવંત એમ. સંઘવી, પાકું, પૃ. ૩૪૦, રૂ. ૨૦

વિશ્વ રાજ્યકારણ : લે. હસમુખ જ. પંડયા, કાચું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૭–૫૦

ગુજરાતી ભાષા : લે. ડૉ. ટી. એન. દવે અને ડૉ. મીનાક્ષી કનુભાઈ દવે, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૩–૫૦

અન્ય પ્રકાશકોનાં

સંમોહિતા : લે. યશવંત મહેતા, પ્રકાશક : નેહલ પ્રકાશન, માદલપુર, અમદાવાદ-૬. પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૫–૦૦


નિશા નિમંત્રણ : લે. યશવંત મહેતા; પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૩૮, રૂ. ૧૩–૦૦

અશ્માનની કબર : લે. કનુભાઈ આચાર્ય,

શતરંજના કોયડા . . . . 'સુરેશ મોદી

ગયા અંકમાં Vertical Cylinder વાળો એક કોયડો આપણે જોયો હતો. તેમાં 'a' અને 'b' પંક્તિ જોડીને ઊભું નળાકાર બોર્ડ બનાવાયું હતું. પહેલી અને આઠમી હરોળ જોડીને Horizontal Cylinder બોર્ડ બનાવી શકાય, પણ તેનો એકલો ઉપયોગ ભાગ્યે જ થાય છે. a અને h પંક્તિ તેમ જ પહેલી અને આઠમી હરોળ બન્ને જોડીએ તો Anchor Ring બોર્ડ બને છે. આ વખતના કોયડામાં Anchor Ring બોર્ડનો ઉપયોગ થયો છે અને તેથી તેની એક પણ બોર્ડર બતાવી નથી.

A. S. M. Dickins



Anchor Ring Bo1rd
Mate In Two

Anchor Ring બોર્ડને લીધે મ્હોરાંની ચાલમાં શો ફરક પડે છે તે આપણે જોઇએ. h1 પરનો ઘોડો સાધારણ બોર્ડ પર ફક્ત f2 અને g3 પર જઈ શકે. બોર્ડ Vertical Cylinder હોત તો તેને a3 અને b2 એમ બે વધુ ખાનાં પર જવા મળત. બોર્ડ જો Horizontal Cylinder હોત તો f2 અને g3 ઉપરાંત g7 અને f8 એમ બે વધુ ખાનાં મળત. Anchor Ring બોર્ડમાં સાધારણ બોર્ડનાં બે, Vertical Cylinderનાં વધારાનાં બે, Horizontal Cylinderનાં વધારાનાં બે અને તે ઉપરાંત, બે ખાનાં a7 અને b8 પણ મળે છે. હવે ઘોડો h1 પરથી એક જ ચાલમાં a7 પર કેમ જઇ શકે તે જોઈએ. ઘોડાની અઢી ઘરની ચાલ પહેલાં બે ખાનાં અને પછી કાટખૂણે એક ખાનું એમ દર્શાવી શકાય. h1 પરથી નીચે બે ખાનાં એટલે b7 અને ત્યાંથી જમણી તરફ એક ખાનું એટલે a7 ખાનું આવે. આ દ્દષ્ટાંત Anchor Ring બોર્ડ પરની વિશિષ્ટ ચાલ સમજવા ઘણું ઉપયોગી છે. હવે આપણે કોયડાનો ઉકેલ જોઈએ.

ચાવીની ચાલ : 1 S (a3) g4 ! Waiting move–ધમકી નથી.

વિકલ્પો : 1...KE4; 2s (h1) g3 $\neq$. (h1 પરનો ઘોડો ઊઠતાં g8 પરના ઊંટનો d5 પર કાબૂ આવે છે.)

1...Kc4; 2s (h1) a3 $\neq$. (અહીં ઘોડા તેમજ ઊંટની બેવડી શેહ છે.)

1...Kc6; 2s (h1) a7 $\neq$.

1...KE6; 2s (h1) g7 $\neq$ (અહીં પણ બેવડી શેહ છે.)

આ અતિ સુંદર કોયડાના જુદાજુદા વિકલ્પોમાં Anchor Ring બોર્ડને લીધે ઊંટ અને ઘોડાને મળતી વિશેષ ચાલોનો સંપૂર્ણ ઉપયોગ જોવા મળે છે.

પ્ર. ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૮–૨૫

હું અને તમે : લે. વિજય શાહ, પ્ર. હેતલ પ્રકાશન, શ્રદ્ધા, કલ્યાણ બાગ, અમદાવાદ ૨૨. કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૪–૦૦

ઝંઝા : લે. હિંમત ખાટસુરિયા, પ્ર. વિશ્વકાંતિ પ્રકાશન, રાણિકા, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૨–૦૦

પરદુઃખભંજન પેસ્તનજી : લે. ધીરુબેન પટેલ, પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા લિ , મુંબઈ-૨. પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૬–૨૫

ગંદાનાલા : લે. અનિલ કોઠારી ને આર. જે. ચીનવાલા, પ્રકાશક : ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ ૩૬૮, રૂ ૧૮–૦૦

'કટોકટીના કાવ્યોદ્દગારો : લે. રતુભાઈ દેસાઈ, પ્રકાશક : મૃણાલ દેસાઈ, પરિમલ પ્રકાશન, પ્રતિષ્ઠાન, પાર્વતી નિવાસ, મુંબાઈ-૫૭. કાચું પૂઠું, પૃ. ૯૮, રૂ. ૧૦

શ્રી વીરકથામૃત ભાગ ૧લો : પ્ર. શ્રી વીર જ્ઞાનભંડાર, ભચાઉ, કચ્છ, પાકું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૩–૫૦

ભારતનાં અભયારણ્યો (પુ. ૪૬૧) : લે. પદ્માકર કુલકર્ણી, પ્રકાશક : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫

એન.સી સી (પુ. ૪૬૨) : લે. ર. ચી. શાહ, પ્ર. ઉપર મુજબ. કાચું પૃ. ૩૨, રૂ. ૦–૭૫

જીવનમાં સફળતા મેળવવી છે : લે. સુકુન્દ પી. શાહ, પ્ર. કુસુમ પ્રકાશન, ૬૧ એ, નારાયણનગર, સરખેજ રોડ, અમદાવાદ–૭, કાચું પૂઠું. પૃ. ૬૨, રૂ. ૨–૫૦

અટંકી ઈશ્વરભાઈ : લે. હરેન્દ્ર હ. શુક્લ, પ્રકાશક : ઈશ્વરભાઈ દેસાઈ સન્માન સમિતિ, સૂરત. પાકું પૂઠું, પૃ. ૧૨૮

કલાવાર્તા

શ્રીમતી સરિતાબેન શાહ

(પરિચય: નટુભાઈ પરીખ)



ગૃહિણી ઘરને સજાવે અને સુંદર બનાવે. ગૃહિણી એટલે જ ઘર. ઘરની સાજ-સજાવટનો આધાર ગૃહિણી પર જ હોય છે. આમાં યે ગૃહિણી જો કલાકાર હોય તો સોનામાં સુગંધ ભળે. શ્રીમતી સરિતાબેન આવાં એક ગૃહિણી છે. એમના આંગણામાં પગ મૂકો કે કલાત્મકતાનાં દર્શન થાય. એમના ઘરનો એકેએક ખૂણો સુશોભિત. ક્યાંક શિલ્પ, ક્યાંક ચિત્ર, ક્યાંક વળી કંઈ અવનવી કલાકણિકા. તેમનો ડ્રૉઇંગ રૂમ તો નવા આગંતુકો માટે મ્યૂઝિયમનો ખંડ જ બની રહે. પોતે વનસ્પતિશાસ્ત્રનાં સ્નાતક હોઈ બાગાયતમાં પણ એમને ઊંડો રસ છે. એમના પતિ મહેન્દ્રભાઈ આવાં કલાકાર પત્ની માટે ગૌરવ અનુભવતા કહે છે: 'મારું જીવન માત્ર સુખી જ નહિ, સુંદર પણ છે.'

લગ્ન પૂર્વે સરિતાબેનને કલાના સંસ્કાર માતા તરફથી મળેલા. માતા કમળાબેન ઑઈલ પેઇન્ટિંગ પણ કરી જાણતાં. સરિતાબેન ૧૮ વર્ષની ઉંમરે પહોંચતાં એ માતા અને પિતા બન્નેની છત્રછાયા ગુમાવેલી. પિતાની ઇચ્છા પુત્રીને ડૉક્ટર બનાવવાની હતી. પણ કલારસિક દીકરી ચિત્ર, નૃત્ય ને નાટકમાં વધુ પ્રવૃત્ત હતી. લગ્ન પછી ચિત્રકલાને જ પોતાનો મુખ્ય વિષય બનાવી એમણે તેની તાલીમ લીધી.

પિતા બાલાભાઈ જમનાદાસ નાણાવટીને તેલની મિલ હતી. આ કુટુંબ મૂળથી જ કલારસિક ને આગળપડતું. દીકરી માટે નાનપણથી શિક્ષક રાખી તાલીમ આપવાનો ખયાલ રાખેલો. આ સંસ્કારી ને આગળપડતા કુટુંબમાં ૧૯૨૬માં સરિતાબેનનો જન્મ થયો. અમદાવાદમાં અનેકવિધ પ્રવૃત્તિ માટે ખૂબ જાણીતી શિક્ષણસંસ્થા 'શારદામંદિર'માં એમણે શિક્ષણ લીધું. ત્યાં નાનપણથી ચિત્ર, સંગીત અને નૃત્યમય વાતાવરણ મળતાં કલાનો સ્પર્શ પામ્યાં. વડીલોની સંમતિ મેળવીને પ્રેમલગ્ન કર્યા બાદ એમના પતિ મહેન્દ્રભાઈએ તેમના કલાશૉખને પ્રોત્સાહન આપ્યું અને સરિતાબેન તે સમયમાં ચાલતા શ્રી રવિભાઈના કલાવર્ગમાં જોડાયાં. રોજિંદા ઘરકામથી પરવારીને તેઓ ચિત્રકામ કરવા જતાં. એમનાં ચિત્રો પ્રકટ પણ થયાં અને 'મદ્રાસ આર્ટ ગૅલેરી' માટે તેમનું એક ચિત્ર પણ ત્યારે ખરીદાએલું.

ચિત્રકામની એ એકધારી પ્રવૃત્તિમાં પછી થોડો પલટો આવ્યો. શેઠ ચી. ન. વિદ્યાલયમાં કલાના વર્ગો ચાલતા. શ્રી રસિકભાઈ તેના સૂત્રધાર હતા. ત્યાં ચિત્રકળા સાથે શિલ્પકામ પણ શીખવાતું. સરિતાબેને હવે એ શીખવા માંડ્યું. અને સમય જતાં તેઓ શિલ્પી પણ બન્યાં. વચગાળામાં સિરૅમિક પણ શીખી લીધું. આમ, કલામાં વિવિધ સિદ્ધિ પામવા છતાં તેઓ પોતાને માત્ર કલાનાં શૉખિન જ ગણે છે.

વર્ષોસુધી પ્રણાલિગત કલાસર્જન કરી.તેમાં પ્રભુત્વ મેળવ્યા પછી એમણે અદ્યતન કલા ક્ષેત્રે પણ પ્રયોગો કર્યા. અગાઉ તેઓ રસિકભાઈની કળાશૈલીને અનુસરતાં પણ હવે તેમણે નવા પ્રયોગો આદર્યા. શિલ્પના શિક્ષણમાં એમણે દત્તાત્રેય કેળકર પાસે પણ તાલીમ લીધેલી. ચિત્ર, શિલ્પ અને પૉટરી એ જાણે તેમના જીવન સાથે વણાઈ ગયાં છે. સતત કાર્યશીલતાને તેઓ જીવનનું મહત્ત્વનું અંગ ગણે છે.

શિલ્પકલાને ક્ષેત્રે ઈ. '૧૯૭૫માં કલાના વિ-



સરિતાબેનની કેટલીક શિલ્પકૃતિઓ

ઉપર: 'મા અને બાળકો–આધુનિક ઢબે કરેલો શિલ્પપ્રયોગ. નીચે અનુક્રમે: કેશસંમાર્જન, પનિહારીઓ અને ચિંતામગ્ન.









△ બે ઘડીની નિરાંત



△ માતા વાત્સલ્ય

ધાર્થી'. શ્રેણીમાં એમને ગુજરાત રાજ્ય તરફથી ઈનામ પણ મળેલું. તેમનાં શિલ્પ ખૂબ ઋજુ અને મુલાયમ હોઈ લોકભોગ્ય છે. ટેકનિક અને રચનાની દૃષ્ટિએ પણ એ પરિપૂર્ણ છે. એક કલાશોખીન તરીકે એમણે સાધેલી પૂર્ણતા અભિનંદનીય છે. વર્ષો સુધી શિલ્પ કર્યા પછી હવે ફરી તેઓ ચિત્રકામ પ્રતિ વળ્યાં છે. તેઓ કહે છે કે 'જે દિવસે હું કળાનું કંઈ સર્જનકાર્ય કરું છું તે દિવસે મન ખૂબ પ્રસન્ન રહે છે.' મહેન્દ્રભાઈ પણ સ્વભાવે ખૂબ જ રમૂજી હોઈ ટીખળ સાથે એમના કલાશૉખને પ્રોત્સાહન આપતા રહે છે.

ઈ. ૧૯૭૩માં છાણ, માટી, ડામર વગેરેના મિશ્રણથી ગારો કરી તો પર આભલાં ચોડીને ને રંગથી ચીતરીને એમણે કેટલાંક સુંદર નમૂના તૈયાર કરીને મુંબાઈના 'કુમારસ્વામી હૉલ'માં એ પ્રદર્શિત કરેલા. એમાં એમણે પ્રયોજેલી લોકકલા આધારિત શૈલીને મુંબાઈમાં સારો આવકાર મળેલો અને એમાંના મોટા ભાગના નમૂના વેચાઈ ગએલા.

એમની પુત્રી શેફાલી સ્થાપત્યકલા (આર્કિટેક્ચર)નો અભ્યાસ કરે છે. કલાના શૉખથી પરિતૃપ્ત એમનું જીવન અનેક ગૃહિણીઓને પ્રેરણારૂપ બને એવું છે. □





ટિકિટસંગ્રહ: આ માસની ૯મીથી ૧૮મી તારીખ દરમિયાન કૅનૅડામાં ટૉરૉન્ટો મુકામે ત્યાંનું દ્વિતીય આંતરરાષ્ટ્રીય ટપાલટિકિટ પ્રદર્શન 'કૅપેક્સ-૭૮' યોજાયું હતું. આ પ્રસંગે કૅનૅડાના ટપાલખાતાએ ૧૦મી જૂને ૧૪ સેન્ટ, ૩૦ સેન્ટ તથા ૧.૨૫ ડૉલરનાં મૂલ્યોની ત્રણ ખાસ ટિકિટો તથા આ ટિકિટો સાથેનું સૂવેનીઅર શીટ બહાર પાડયાં છે. ૧૪ સેન્ટની ટિકિટ પર ૧૮૫૪માં કૅનૅડાએ બહાર પાડેલી ૧૦ પેનીની ભૂરા રંગની 'જૅક્સ કાર્ટર' ટિકિટોની જોડી આલેખવામાં આવી છે. ૩૦ સેન્ટની ટિકિટ પર ૧૮૫૭માં બહાર પડેલી અર્ધી પેનીની મૂલ્યની રાણી વિક્ટોરિયાની ટિકિટોની જોડી તથા ૧.૨૫ ડૉલરની ટિકિટ પર ૧૮૫૧માં બહાર પડેલી છ પેન્સની પ્રિન્સ કૉન્સોર્ટની ટિકિટોની જોડી આપી છે. U યુનાઈટેડ સ્ટેટ્સ પોસ્ટલ સર્વિસે પણ ૧૦મી જૂને આ 'કૅપેક્સ-૭૮' નિમિત્તે એક ખાસ સૂવેનીઅર શીટ બહાર પાડયું છે. આ શીટમાં અમેરિકાનાં પક્ષી-પ્રાણીઓનાં ચિત્રોવાળી તેર તેર સેન્ટની કિંમતની કુલ આઠ ટિકિટો આપી છે. (ઉપર ડાબી તરફ કૅનૅડાની ટિકિટો તથા જમણી બાજુ યુ. એસ. એ.નું સૂવેનીઅર શીટ આપ્યું છે.) ભારતીય તાર ટપાલખાતાએ પણ 'કૅપેક્સ-૭૮'માં ભાગ લઈને આપણા દેશની ટપાલટિકિટો રજૂ કરી હતી આ પ્રસંગે ભારતીય ટપાલખાતાએ એક ખાસ આવરણ (કવર) પણ બહાર પાડયું હતું અને 'ઇન્ડિયા સ્ટૉલ'માંથી ખાસ રદ્દીકરણ પણ આપ્યું હતું.

પ્રેષક: જગદીશ બિનીવાલે–અમદાવાદ

દ્વાદશ જ્યોતિર્લિંગ-૬ : ભીમાશંકર

એક પુરાણકથા છે કે લોહ, સુવર્ણ ને રૂપાના ગગનસંચારી દુર્ગના સ્વામી ત્રિપુરાસુરે અગ્નિવર્ષા કરીને દેવો પર ત્રાસ વરસાવ્યો ત્યારે હતઃબલ દેવતાઓએ વિનતિ કરવાથી ભગવાન શંકર એ અસુરને સંહારવા પ્રવૃત્ત થયા. પ્રથમ તો દૈત્યે મચક આપી નહિ, પણ અંતે પાશુપત મંત્રથી અભિમંત્રિત બાણ વડે શિવે તેનો સંહાર કર્યો. આ પછી યુદ્ધશ્રમિત શિવ વિશ્રામ લેવા બેઠા ત્યારે એમના દેહ પરથી વહેવા લાગેલા પ્રસ્વેદની ધારા જોઈ, એ સ્થળે શિવની ઉપાસના કરતા રાજા ભીમકે એને પુણ્યધારા નદીનું સ્વરૂપ આપવા વિનતિ કરી. આમ, શિવે જ્યાં વિશ્રામ કર્યો એ પુણ્યભૂમિમાં પ્રકટેલી એ નદી ભીમકના નામ પરથી ભીમા કહેવાઈ, અને એના મૂળ પાસે રચાએલું શિવમંદિર ભીમાશંકરનું કહેવાયું. બાર જ્યોતિર્લિંગોમાંનું એ એક છે. પૂણે જિલ્લામાં ખેડથી ૩૦ માઈલ વાયવ્યે સહ્યાદ્રિમાં ભોવારગિરિગામ પાસે એ આવેલું છે. જ્યોતિર્લિંગોના સ્તોત્રમાં 'ડાકિનીના ભીમશંકર' એવો ઉલ્લેખ છે, પણ અહીં ડાકિની નામક કોઈ સ્થળ નથી. આસામમાં ગૌહાટી પાસે બ્રહ્મપુર ડુંગર પરનું શિવમંદિર પણ ભીમશંકરનું જ્યોતિર્લિંગ મનાય છે. પણ બહુમત સહ્યાદ્રિના ભીમાશંકરને જ ખરું જ્યોતિર્લિંગ ગણે છે. ભીમાશંકરને ઘણા ભીમશંકર પણ કહે છે. ભીમશંકરના પ્રાકટ્ય અંગે બીજી પણ અનેક આખ્યાયિકાઓ પ્રચલિત છે.

સહ્યાદ્રિમાં જે મંદિર છે એનો જીર્ણોદ્ધાર નાના ફડણિસે કરાવવા માંડેલો ને એની પત્નીએ તે કાર્ય પૂરું કરાવેલું. મંદિરનો જે મંડપ છે તેનો જિર્ણોદ્ધાર તો છેક હમણાં થયાનું મનાય છે. મંદિરના કટિબંધ ઉપર વિવિધ દેવતાઓની સુંદર પ્રાચીન પ્રતિમાઓ કંડારેલી છે. આ મંદિરની પાસે બીજું પણ એક કાળા પથ્થરોનું પ્રાચીન મંદિર છે જેમાંના પંચમુખી શિવલિંગને પણ ઘણા ખરું જ્યોતિર્લિંગ માને છે. એ મંદિરની બહાર એક મોટો નંદિ પણ છે.

બાજુની ટેકરીમાંથી નીકળતી ભીમા નદી નીચે મોક્ષકુંડમાં થઈને દૂર એક શિલાખંડની બખોલમાંથી આગળ વધે છે અને ભામા, ઇંદ્રાયણી, મૂલામુઠા, ઘોડ, નીરા વગેરે નદીઓને મળતી જઈ અંતે કર્ણાટકમાં કૃષ્ણા નદીમાં ભળી જાય છે.

ભીમાશંકર ક્ષેત્રમાં દેવી કમળજા, સાક્ષી વિનાયક અને હનુમાનનાં મંદિરો છે. યાત્રીઓ મોક્ષકુંડ અને તેની પાસેના જ્ઞાનકુંડમાં સ્નાનમાર્જન કરીને પછી ભીમાશંકરનાં દર્શન કરે છે. અહીં ઘણા શ્રાદ્ધ પણ કરે છે. દર મહાશિવરાત્રીએ મોટો મેળો ભરાય છે. —ચંદ્રકાંત પ્રો. શુક્લ



માધુકરી

જીવન એ જલસાગર હો મહા,
મરણ એ લઘુ ઊર્મિ લહેર રે,
ઘડીક ઉચ્છલી સાગરમાં ઢળે,
વિરતિ ના જ, વિયોગ ન, ભેદ ના.

—શ્રીકાન્ત માહુલીકર

સ્વ. વિઠ્ઠલરાવ ઘાટે

મહારાષ્ટ્રના એક જ્યેષ્ઠ કવિ, કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી વિઠ્ઠલરાવ દત્તાત્રેય ઘાટેનું પૂનામાં બુધવાર તારીખ ત્રીજી મેએ અવસાન થયું અને એમના મિત્રોએ વિષાદની ઘેરી લાગણી અનુભવી. મિત્રવર્તુળોમાં તે 'દાદા' એવા પ્રિય ઉપનામથી ઓળખાતા હતા.

દાદાના સંપર્કમાં આવવું એ જીવનનો એક વિશિષ્ટ અનુભવ અને આનંદ હતો. તેઓ જ્યાં જતા ત્યાં લોકોનાં મન પ્રફુલ્લિત કરી દેતા. જીવનમાં એમણે ઘણું દુઃખ સહન કર્યું હતું, પણ એનું કોઈ ચિહ્ન એમના વાર્તાલાપમાં દેખાતું નહિ. સ્વભાવે કવિ પણ જીવનમાંથી એટલું શીખ્યા હતા કે લાગણીઓ હમેશાં કાબૂમાં રાખવી. લોકોને હસાવે, મજાક ઉડાવે પણ આખો વખત એમ લાગ્યા કરે કે એ પોતાના હૃદયનો અમુક ભાગ જાણીજોઇને છાનો રાખે છે. એમની જગ્યાએ બીજો કોઈ પોચો માણસ હોય તો આપવીતી કહી હૈયાફાટ રુદન કરે અને કરાવે. પણ દાદાનો સ્વભાવ જ જુદો હતો. એમનામાં એક દુર્દમ્યતા હતી. જીવનનાં છેલ્લાં સત્તર-અઢાર વર્ષ ઝામરને લીધે તેઓએ દૃષ્ટિ ગુમાવી હતી, પણ એ વિષે એમણે કદી ફરિયાદ કરી ન હતી. વહાલાં સ્વજનો ગયાં, મિત્રો ગયા, પણ એમણે કદી દુઃખનું પ્રદર્શન કર્યું નહિ. એમનું દુઃખ એમનું ઓશીકું જાણતું. રાતના એ એકલા રડી લેતા, અને દુનિયાની સામે હાજર થતાંની સાથે પાછા હસમુખા દેખાતા. એમને ખાસ ઓળખતા લોકોને જ અંદરના વડવાનળનો ખયાલ હતો. એમણે લોકોને ઘણું આપ્યું. એ સૌંદર્યદર્શી હતા. જીવનમાં જ્યાં જ્યાં સૌંદર્ય દેખાયું ત્યાં ત્યાં એમણે એનું આકંઠ પાન કર્યું. એ સૌંદર્ય વાચકોને બતાવ્યું. આખી જિંદગી એ લોકોને આનંદ આપતા રહ્યા. એમના સ્વભાવમાં કરકસર જેવી વસ્તુ ન હતી. ખુશ થાય ત્યારે બધું આપી દે. કેટલાયે લોકોને એમણે દ્રવ્યસહાય કરી. લોકોએ માગી એ વસ્તુઓ આપી. આપ્યું નહિ પોતાનું દુઃખ. 'મારું દુઃખ મારું પોતાનું અંગત છે. આનંદ સમાજનો છે,' એ હું છૂટથી આપીશ.' એવું ક્યાંક એમણે લખેલું યાદ આવે છે.

દાદાના પિતા શ્રી દત્તાત્રેય દોંડો ઘાટે સારા કવિ હતા. ચોવીસ વર્ષની ઉમરે પ્લેગમાં ૧૮૯૯માં એમનું અવસાન થયું. મૂળ વતની અહમદનગરના, પણ નોકરી ખાતર વડોદરા આવેલા. સિતાર સરસ બજાવતા. કુટુંબની સ્થિતિ પ્રમાણમાં ઠીક હતી. પણ દત્ત કવિના મૃત્યુ પછી કુટુંબને માથે કપરા દિવસો આવ્યા. 'જ્યાં મોતી વીણ્યાં ત્યાં છાણાં વીણવા રહેવાય નહિ' એમ વિચારી દાદાના કુટુંબે અહમદનગર છોડ્યું, અને ફરી ઑફિસર તરીકે રૂઆબથી જઈ શક્યા ત્યારે જ ત્યાં પાછા ગયા. પછીનું એમનું જીવન વડોદરા, ઈંદોર, ગ્વાલિયર, અમદાવાદ, પૂના વગેરે શહેરોમાં.



દાદાને મિત્રો બનાવવાની ખાસ આવડત હતી. નિશાળોના ઈન્સ્પેક્ટર તરીકે એક વાર પાર્લાની એક શાળામાં ગયા. શાળા એમને ગમી ગઈ અને ત્યાંના આચાર્ય 'સ્નેહરશ્મિ'—ઝીણાભાઈ પણ. આખર સુધી તેઓ ઝીણાભાઈના પ્રશંસક અને મિત્ર રહ્યા. તેવી જ રીતે ઉમાશંકર સાથે પણ એમને સખ્ય થયું.

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની ૫૦૦મી જયંતી

1478
1978

◁ પંચશતાબ્દી જયંતી-મુદ્રા

ગુજરાતમાં જ્યારે મહમદ બેગડો રાજ કરતો હતો, ઈટાલીમાં લીઓનાર્દો દ વિન્ચી પૅરેશ્યૂટ બનાવવાના પ્રયોગો કરી રહ્યો હતો અને યુરોપના નાવિકો હિંદુસ્તાન પહોંચવાનો જળમાર્ગ ખોળવા દરિયો ખૂંદી રહ્યા હતા એ સમયમાં, એટલે કે જર્મનીમાં મુદ્રણકળા શોધાયા પછી ૩૦ વર્ષે બાદ ઈ. ૧૪૭૮માં ઇંગ્લૅન્ડમાં ઑક્સફર્ડ મુકામેથી થીઓડૅારિક રૂડે પાદરીઓના પંથ વિષે લૅટિન ભાષામાં એક પુસ્તક છાપીને પ્રકટ કર્યું, આજે દુનિયાભરમાં અગ્રગણ્ય પ્રાચીનતમ પ્રકાશક ગણાતા. પોતાની ૫૦૦મી જયંતી ઊજવી રહેલા વિખ્યાત ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસનો એ પ્રારંભ હતો.

પોતાની એ સ્થાપના પછી સળંગ ૫૦૦ વર્ષ સુધી ઉત્તરોત્તર વિકાસ પામીને ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ જુદાજુદા દેશોમાં ફેલાએલી એની ૨૩ જેટલી શાખાઓ સાથે દુનિયાભરમાં મોટામાંમોટું પ્રકાશનગૃહ બની ગયું છે. વળી, માત્ર જ્ઞાનપ્રચુર અભ્યસનીય પુસ્તકો, સંદર્ભગ્રંથો, સંગીતલિપિઓ વગેરે જેવાં જ્ઞાનવર્ધક અને ઉચ્ચ કક્ષાનાં જ પ્રકાશનો કરવાની એની નીતિના કારણે મુદ્રણ અને પ્રકાશનક્ષેત્રે ઉપરાંત વિદ્યાજગતમાં પણ એનું સ્થાન સર્વોચ્ચ અને ગૌરવયુક્ત રહ્યું છે. એનાં પ્રકાશનોની પસંદગીમાં એની વેચાણક્ષમતાને નહિ પણ એમાં રહેલી વિદ્વત્તાને પ્રથમ મહત્ત્વ અપાય છે. એનાં એવાં ઘણાં પ્રકાશનો છે જેની લાંબા ગાળે પણ બહુ જ ઓછી નકલો ખપી છે.

પણ બીજાં એવાં યે પ્રકાશનો છે જેમાંથી એને સારી કમાણી પણ થાય છે. અત્યાર સુધીમાં ઑક્સફર્ડ યુનિ. પ્રેસે ૧૭,૦૦૦ જેટલાં વિવિધ પ્રકાશનો કર્યાં છે જેની કરોડો નકલના વેચાણનો આંકડો વર્ષે લગભગ ૭૦ કરોડ રૂપિયાથી પણ વધુ રહે છે. અને આ બધો નફો એના વહીવટ તથા વધુ ઉમદા પ્રકાશનો પાછળ જ ખર્ચાય છે.

આ સમગ્ર સંકુલની માલિકી ઑક્સફર્ડ યુનિવર્સિટીની છે. ઑક્સફર્ડની વૉલ્ટન સ્ટ્રીટમાં એનું કેન્દ્રવર્તી મથક છે. યુનિવર્સિટીએ ચૂંટેલા ૧૯ પ્રતિનિધિઓ એનો વહીવટ સંભાળે છે ને પ્રકાશન યોગ્ય લખાણની પસંદગી પણ તેઓ જ કરે છે. પ્રકાશનાર્થે રજૂ થતી સમગ્ર સામગ્રીમાંથી દસેક ટકા જેટલી કૃતિઓ જ પસંદગી પામે એટલું ઊંચું એમની પસંદગીનું ધોરણ છે. શૈક્ષણિક, સાહસિક કે સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાનાં પ્રકાશનો એ એનું લક્ષ્ય રહ્યું છે.

પાંચસો વર્ષનો એનો સુદીર્ઘ ઇતિહાસ અનેક શ્રેષ્ઠ વ્યક્તિના કાર્યથી ઊજળો છે. આર્ચબિશપ લાઉડ એના પ્રથમ વહીવટદાર હતા. આરંભમાં તો અહીં ધાર્મિક પ્રકાશનો જ થતાં. બાઈબલના સત્તાવાર પ્રકાશક તરીકે ચાર્લ્સ પહેલાએ એને શાહી સનદ આપી હતી. અન્ય વિદ્યાપ્રચુર ગ્રંથોના પ્રકાશનમાં જતી આર્થિક ખોટ બાઈબલના મબલખ વેચાણમાંથી ભરપાઈ થતી રહેતી. લાઉડના કાર્યને ડૉ. જ્હૉન ફેલે આગળ ધપાવ્યું. ક્રાઈસ્ટ ચર્ચના ડીન અને ઑક્સફર્ડના બિશપ ડૉ. ફેલે, વિખ્યાત સ્થપતિ ક્રિસ્ટૉફર રેને બાંધેલું શેલ્ડોનિયન-થીએટર નામનું ભવ્ય મકાન પ્રેસ માટે મેળવી આપ્યું. પ્રકાશનોની અનેક મહત્ત્વાકાંક્ષી યોજનાઓ એમના સમયમાં થઈ. છેક હોલૅન્ડથી નવા ટાઈપ અને ટાઈપફાઉન્ડરને લાવીને એમણે ઑક્સફર્ડ યુનિ. પ્રેસને નવું જ સ્વરૂપ આપ્યું. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં છાપકામમાં મંદી પણ આવી ગઈ. ૪૦ વર્ષના ગાળામાં ત્યારે માંડ ૪૦ જેટલાં પ્રકાશનો કરેલાં, પણ ૧૭૫૫થી વિલિયમ બ્લૅકસ્ટોને ફરી એમાં વેગ આણ્યો. અને બાર્થોલોમ્યુ પ્રાઇસે ઑક્સફર્ડ યુનિ. પ્રેસને નવું જ સ્વરૂપ આપી એને આત્મનિર્ભર બનાવ્યું.

ઓગણીસમી સદીમાં બાઈબલની છપાઈએ પ્રેસને ભરપૂર કામ આપ્યું, અને કમાણી પણ. ઈ. ૧૮૮૧માં 'ન્યૂ ટેસ્ટામેન્ટ'ની નવી સુધારેલી આવૃત્તિ તો પ્રકટ થઈ એ જ દિવસે એની દસેક લાખ નકલો વેચાઈ ગઈ! ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ પ્રેસે એ સહકારમાં છાપેલી. બંને સ્થળે એ ખરીદવા લોકોનો એટલો જબ્બર ધસારો થએલો કે એની વ્યવસ્થા માટે પોલીસની મદદ લેવી પડી હતી. બાઈબલનાં વિવિધ પ્રકાશનોની કરોડો નકલના વેચાણે ઑક્સ. યુનિ. પ્રેસને મબલખ કમાણી આપી છે.

દાદા સ્વભાવે કવિ, પણ એમણે પ્રમાણમાં કાવ્યો ઓછાં લખ્યાં છે. એમની કેટલીક કવિતા લોકપ્રિય નીવડી હતી. એકનું ધ્વનિમુદ્રણ પણ ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. પણ યુવાવસ્થા પછી દાદાએ ગદ્યલેખક તરીકે કલમ અજમાવી અને એમાં અસાધારણ સિદ્ધિ મેળવી.

દાદા વાચકોમાં જાણીતા થયા એમના પુસ્તક 'કેટલાક ડોસા, અને એક ડોશી'થી. જીવનમાં મળેલી કેટલીક અવિસ્મરણીય વ્યક્તિઓનાં એમાં વ્યક્તિચિત્રો છે. 'પાંઢરે કેસ—હિરવીં મનેં' ('ધોળા વાળ અને લીલાં મન') નામનું એમનું એવું જ બીજું પુસ્તક છે. દાદા કેટલું સુંદર લખી શકતા એનો નક્કર પુરાવો એ પુસ્તક પૂરો પાડે છે. એ પુસ્તક પણ વ્યક્તિચિત્રોનો સંગ્રહ છે. ગુજરાતના વાચકોને ખાસ રસ પડે એવાં 'મોહનલાલ પંડ્યા ડુંગળી ચોર', 'ગુજરાતના પૂજ્ય(રવિશંકર)મહારાજ' જેવા લેખો તો દરેકે વાંચવા જોઈએ.

'દિવસ અસે હોતે' (દિવસ આવા હતા) એ દાદાનું આત્મચરિત્ર છે. એમાં એમણે પોતાના બાળપણનાં વર્ણનો છૂટથી કર્યાં છે, પણ એ પછીના જીવન વિષે ઝાઝું તેઓ બોલતા નથી. દિલની બારી બંધ કરીને જાણે લખતા હોય એવું લાગે છે. પણ 'દિવસ અસે હોતે' એ મરાઠી સાહિત્યનું હમેશાં ભૂષણ ગણાશે. 'વિચાર વિલાસિતે'માં એમના સંકીર્ણ નિબંધ જેવા લેખો સંઘરાયા છે. 'મનોગતે' એમના લઘુનિબંધોનો સંગ્રહ છે.

સદા ય હસમુખા લાગતા દાદા કેટલા લાગણીપ્રધાન થઈ શકતા એ જોવા માટે એમનો 'ઈરાવતી કર્વે', 'હીરાબાઈ પેડણેકર' જેવા લેખો ખાસ વાંચવા જોઇએ. કવિ માધવ જ્યૂલિયન એમના ખાસ મિત્ર. એમનું અવસાન થયું ત્યારે દાદાએ રેડિયો વાર્તાલાપમાં જે શોક વ્યક્ત કર્યો એવાં શોકનિદર્શક ભાષણો મહારાષ્ટ્રમાં ભાગ્યે જ થયાં છે એવું એક વિવેચકે નોંધ્યું છે.

દાદાના કુટુંબમાં ચાર પેઢીથી કવિતા લખાતી આવી છે. પિતા દત્ત કવિ તો બહુ સારા કવિ હતા જ. પુત્રી અનુરાધા પોતદાર પણ કવિ તરીકે જાણીતાં છે અને દૌહિત્રી યશોધરા પણ કાવ્યો લખે છે.

અમદાવાદમાં મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલન ભરાયું એને પ્રમુખપદે દાદા હતા. એમને ગુજરાતી ભાષા સરસ આવડતી હતી. નાનપણમાં એમણે 'કલાપી'નાં કાવ્યો વાંચ્યાં હતાં. 'સ્નેહરશ્મિ'ની નવલકથા 'અંતરપટ' એમને જ અર્પણ થએલી છે.

દાદા ઈશ્વરમાં માનતા નહિ. 'ઈશ્વર નથી એમ હું કહી શકતો નથી તેમ જ ઈશ્વર છે એમ પણ હું કહી શકું નહિ' એવું એમણે લખ્યું છે. માનવીની બીકમાંથી દેવોની નિર્મિતિ થઇ એવું એમનું માનવું હતું, એટલે કોઈ દેવમૂર્તિ સમક્ષ એમનું મસ્તક કદી ઝૂકતું નહિ. એ માત્ર ગુણપૂજક હતા. વિધાનસભાના સભ્ય થયા ત્યારે માથે ધોળી ટોપી

પણ ઑક્સફર્ડ યુનિ. પ્રેસનું (અને અંગ્રેજી ભાષાનું પણ) ગૌરવ તો છે 'ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરી'. તેર ભાગમાં વહેંચાએલો અને કુલ એંશી રતલ વજનનો એ દળદાર મહા શબ્દકોશ એ ઑક્સ. યુનિ. પ્રેસની એક મહાન સિદ્ધિ છે. એક સ્કૉટિશ શિક્ષક સર જેઈમ્સ મરૂરેએ ઈ. ૧૮૭૯માં એનું સંપાદન શરૂ કરેલું. સેંકડો સંપાદકો, ઉપસંપાદકો અને સ્વયંસેવકોના મોટા કાફલાએ અર્ધી સદી સુધી સતત એ મહાકાર્ય ચલાવેલું. ઈ. ૧૯૨૫માં સર મરૂરેનું અવસાન થયું ત્યાં 'આર' અક્ષર સુધી એ કાર્ય પહોંચેલું, પણ એમના સાથીઓએ એ જારી રાખ્યું અને ૧૯૨૮માં એનો છેલ્લો ભાગ પ્રકટ થયો ત્યારે એમાં ૪,૧૪,૮૨૫ જેટલા શબ્દોની સમજ સમાવાઈ હતી અને એ સમજાવવા માટે વીસેક લાખ જેટલા શબ્દો વપરાયા હતા. આ મહાવૃક્ષ સમા શબ્દકોશ પરથી નાના-મોટા બીજા ૧૮ કોશ પ્રકટ થયા છે, અને દરેક નવા મુદ્રણ વખતે તેમાં છેલ્લામાં છેલ્લા નવા શબ્દો સમાવાતા ગયા છે. અન્ય કોઈ પણ પ્રકાશન કરતાં આ શબ્દકોશોએ ઑક્સ. યુનિ. પ્રેસને દુનિયાભરમાં વધુ ખ્યાતિ અપાવી છે. ડૉ. મરૂરેના આ મહાકાર્યથી કોશરચનાનું એક આગવું શાસ્ત્ર જ રચાયું.

અન્ય અનેક દેશોની પેઠે ભારતમાં પણ ઑક્સ. યુનિ. પ્રેસની શાખાઓ છે. ઈ. ૧૯૧૩માં મુંબાઈમાં એની પ્રથમ શાખા સ્થપાઈ. એના પ્રથમ સંચાલક હતા ઈ. વી. રીઉ. હોમરની 'ઓડેસી'ના એ ખ્યાતનામ ભાષાંતરકાર. પછી તો કલકત્તા અને મદ્રાસમાં પણ શાખાઓ ચાલુ થઈ. છેલ્લે ૧૯૭૨માં દિલ્હીમાં ખૂલેલી શાખા ભારતની એની બધી શાખાઓનું મુખ્ય દફતર બની.

આરંભમાં તો અહીં ઇંગ્લૅન્ડથી મંગાવેલાં પુસ્તકોનું જ કામ થતું, પણ પછી ધીરેધીરે કરતાં વિવિધ વિષયનાં લગભગ ૨૫૦૦ જેટલાં પ્રકાશનો અહીં જ છપાયાં, જેમાં સર્વ પ્રથમ પ્રકાશનોમાં એક હતું સર્વપલ્લી રાધાકૃષ્ણનનું 'ઇસેન્શીઅલ્સ ઑવ સાઇકૉલૉજી', આ જ ડૉ. રાધાકૃષ્ણનના પુત્ર ડૉ. સર્વપલ્લી ગોપાલન્ પણ ઑક્સ. યુનિ. પ્રેસનાં પ્રકાશનોમાં સ્થાન પામેલા છે. એમણે લખેલા પં. નેહરુના જીવનચરિત્રને તો સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળ્યું છે.

આ ઉપરાંત, ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ નેહરુ, રાજગોપાલાચારી, ઈકબાલ, રાજા રાવ, કવિ રામાનુજન, ગિરીશ કર્નાડ,



ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસનું મુખ્ય મથક – ઑક્સફર્ડ

બી. બી. મિશ્રા, નીલકંઠ શાસ્ત્રી, રોમિલા થાપર, એ. અન્નાદુરાઈ, ડૉ. ગજેન્દ્ર ગડકર, એ. એ. એ. ફૈઝી, એ. કે. સેન દાસગુપ્તા, ધનંજયરાવ ગાડગીળ, એ. કે. દીક્ષિત, એમ. એન. શ્રીનિવાસ, આંદ્રે બિટાઈલ, ફાધર વેરીઅર એલ્વિન, જિમ કૉર્બેટ, મીનુ મસાણી, કે. પી. એલ. મેનન અને સાલીમ અલી વગેરે જેવા અનેકવિધ વિષયોના અનેક ભારતીય નિષ્ણાતોની કૃતિઓ ઑક્સ. યુનિ. પ્રેસે પ્રકટ કરી છે. આમ, એની ભારતીય શાખાનું પોતાનું કાર્ય પણ મુદ્રણ ને પ્રકાશન ક્ષેત્રમાં ગૌરવાસ્પદ રહ્યું છે.

પણ આજે હવે દુનિયામાં લગભગ બધે જ મુદ્રણખર્ચમાં જે વધારો વરતાઈ રહ્યો છે તેની સામે ટકી રહેવા ઑક્સફર્ડ યુનિ. પ્રેસ કેવળ વિદ્યા-ગ્રંથોનાં પ્રકાશનોનો જ આગ્રહ થોડો ઢીલો કરીને વધુ વ્યાપક અસરવાળાં પ્રકાશનો તરફ ઢળી રહ્યું છે. રંગબેરંગી સચિત્ર અને કાચાં પૂઠાંવાળાં અને વધુ વૈવિધ્યવાળાં પુસ્તકો છાપવાની જરૂર એને પણ પડી છે. અલબત્ત, પોતાનો સદીઓ જૂનો રવૈયો છોડવાનું એને ગમે તેવું તો નથી જ, પણ એવાં પ્રકાશનોમાં પણ એ ગુણવત્તાનો આગ્રહ તો નહિ જ છોડે. એ જ તો એની સૌથી મોટી પ્રતિષ્ઠા છે. એના વિના તો આ સમગ્ર સંકુલ, એમના જ શબ્દકોશમાં છાપેલા મોટામાં મોટા શબ્દ 'Floccinaucinihilipilification' (વસ્તુને વગરની ધારણા કરવી તે) તરફ જ ઢળી જાય. (સંકલિત)

પહેરવી એવું એમને સૂચવવામાં આવ્યું ત્યારે 'હું કોઈને માથે ચડાવવામાં માનતો નથી.' એવો એમણે જવાબ આપ્યો હતો અને ઉઘાડે માથે જ એ વિધાનસભાની બેઠકોમાં જતા.

દાદાને ફૂલ ગમતાં, સારી વસ્તુઓ ગમતી, ખાવામાં એમને ખૂબ રસ હતો ને 'ટેસ'થી ખાતા—જોકે થોડું ખાતા. અમદાવાદ માટે એમના હૃદયમાં ખાસ પ્રેમ હતો અને અહીં તેઓ ઘણી વાર આવતા.

દાદાને પુસ્તકો બહુ ગમતાં. કોઇએ એક વાર ફરિયાદ કરી કે સારાં પુસ્તકો વંચાવા જાય છે તે પાછાં આવતાં નથી. દાદાનો જવાબ લાક્ષણિક હતો: 'તમે પુસ્તકો જાય છે એ વિષે ફરિયાદ કરો છો, પણ સારા માણસો જાય છે એ વિષે શું?'

આ સવાલનો જવાબ કેવી રીતે આપી શકાય? દાદાનાં પુસ્તકો પચાસ વર્ષથી જોતો-વાંચતો આવ્યો છું. એ જીવનના કાયમના સાથી રહેવાના છે એવો ભોળો ખ્યાલ મનમાં ક્યાંક હતો. હવે મારા ને મારા કુટુંબના જીવનમાંથી એક પ્રિય વ્યક્તિ ચાલી ગઈ છે. કુદરતનો ક્રમ એવો જ હોય છે એમ વિચારી દુઃખ સહન કરવું એટલું જ હાથમાં છે.

—વસંત જોષી

ફાલસા

ઘેરા જાંબલી રંગના ખટમીઠા ફાલસા એ ગ્રીષ્મ ઋતુનું એક બહુ જાણીતું ફળ છે. ચીકાશ વગરની માટીવાળી કે રેતી ભળેલી જમીનમાં એનાં વૃક્ષ થાય છે. દાબકલમથી તૈયાર કરેલા ફાલસાના છોડને ક્યારામાં કાયમ કરી ઉનાળામાં દર અઠવાડિયે અને શિયાળામાં પંદર દિવસે પાણી આપવાથી તથા દિવેલનો ખોળ અને ચૂનો ભેળવીને તૈયાર કરેલું છાણનું ગળતિયું ખાતર આપવાથી ફાલસાનો સારો ફાલ ઊતરે છે. ફાલસાના ઝાડનું થડ ઉપર બહુ વધતું નથી, પણ એની સીધી સોટી જેવી ડાળો ચોપાસ ફેલાય છે. તેના પર મોટાં લાંબાં-પહોળાં ગોળ પાન હોય છે, જેની ઉપરની બાજુએ સુંવાળી રૂંવાટી હોય છે. ડાળીઓમાં એકથી બીજા છેડા સુધી પીળાં ફૂલનાં ગુચ્છ ઊગે છે. જે ખરી ગયા બાદ ત્યાં મોતીના દાણા જેવાં નાનાંનાનાં ફળ બેસે છે, જે જેઠ માસના અરસામાં પાકે છે. ફાલસાનો ફાલ ઉતારી લીધા પછી લીલી ડાળીઓને કાપી નાખવાથી ઝાડ જોરમાં રહે છે અને સારો ફાલ આપતું રહે છે.


ગ્રીષ્મ ઋતુનાં બધાં ફળોની પેઠે કાચા ફાલસા પણ પ્રથમ તુરાશવાળા હોય છે. એ પછી તેમાં ખટાશ વધે છે ને છેલ્લે પાકે ત્યારે એનો સ્વાદ મધુર હોય છે. કાચા ફાલસા પચવામાં ભારે છે, પણ પાકેલાં ફળ પચવામાં હલકાં હોવા ઉપરાંત બીજા ખોરાક પર પણ રુચિ પ્રકટાવે છે. ગ્રીષ્મના તાપ અને લૂ સામે એ રક્ષણ આપે છે. દાહ, અકળામણ, લોહીની ગરમી અને વાયુને દૂર કરવાનો એનામાં ગુણ છે. મીઠાં ફળો મધુ-

મેહના રોગીને નુકસાન કરે છે, પણ ગ્રીષ્મમાં ફાલસા ને વર્ષામાં જાંબુનું ગળપણ મધુમેહના રોગીને નડતું નથી. સાકર મેળવીને બનાવેલું ફાલસાના રસનું શરબત શરીરમાં ઠંડક અને તૃપ્તિ પેદા કરે છે. સાકર સાથે ફાલસા ખાવાથી દાહ શાંત થાય છે. ફાલસાની ચટણી પણ બની શકે. ઉનાળામાં બાળકોને એસેન્સ ને સેકેરિનવાળા શરબત છાંટેલા બરફના ગોળા ખવડાવવા કરતાં ફાલસા આપવા અનેકરીતે હિતકર છે.

મહાસાગરોની મહત્તા

સૂર્યના સમગ્ર ગ્રહપરિવારમાં પૃથ્વી જ એક એવો ગ્રહ છે જેના પર મહાસાગરોનાં જળ હિલોળી રહ્યાં છે. આનું કારણ જેમાં પાણી પોતાનું પ્રવાહી રૂપ જાળવી શકે તેવું પૃથ્વી પરનું માફકસર ઉષ્ણતામાન છે. અન્ય ગ્રહો કાં તો વધુ ઉષ્ણ છે યા વધુ ઠંડા, એટલે ત્યાં એ શક્ય નથી. આ સમુદ્રો વિના જીવન અતિશય મુશ્કેલ બની રહે. સાગરજળના પ્રવાહોની સીધી અસરથી અને તેની ઉપરના વાતાવરણમાં પેદા થતા હવાના પ્રવાહો દ્વારા આડકતરી રીતે મહાસાગરો પૃથ્વી પરના હવામાનમાં ઠંડી-ગરમીના ફેરફાર સર્જીને તેની ઉગ્રતાને નિયમનમાં રાખે છે, અન્યથા વિષુવવૃત્ત પર અતિ ગરમીને કારણે અને ધ્રુવપ્રદેશોમાં ઠંડીને કારણે જીવનની સ્થિતિ અતિશય મુશ્કેલ બની રહે.

સારણીસંદોહ: ગુજરાતી ભાષાના વિકાસની ભૂમિકા



ગુજરાતી ભાષાના આદિ સ્રોતનો સાધારણ ખ્યાલ આપતો આ આલેખ છે. આપણી આર્ય ભાષાના લેખિત સ્વરૂપના પ્રાચીનતમ દૃષ્ટાંત અશોકના શિલાલેખોમાંથી મળે છે. આ લેખો, પાછળથી જેને 'બ્રાહ્મી' નામ અપાયું છે તે અને પ્રાકૃત લિપિમાં કોરાએલા છે. પૂર્વમાં બિહાર–ઓરિસ્સાથી માંડી પશ્ચિમે પેશાવર અને સૌરાષ્ટ્રમાં ગિરનાર તથા દક્ષિણમાં કર્ણાટકના બ્રહ્મગિરિ સુધી આવા શિલાલેખો મળ્યા છે. એમાંનું કથ્ય અને ભાષા લગભગ એકસરખાં છે, પણ તેમાં પ્રાદેશિક બોલીનો પ્રભાવ પણ જોવા મળે છે. આમાં ઉત્તર-પશ્ચિમ અને ગુજરાત ક્ષેત્રની અશોકકાલીન બોલીઓ સંસ્કૃત ભાષાની વધુ નજીકની જણાઈ છે. જે તફાવત દેખાય છે તે મુખ્યત્વે ધ્વનિમૂલક છે. વાક્યવિન્યાસ કે વ્યુત્પત્તિમૂલક અંતર નગણ્ય છે, અને વ્યાકરણ તો એક જ છે. એ પછી કાળાંતરે ભાષાનાં સ્વરૂપો બદલાતાં રહીને જે પ્રાદેશિક વિકાસ થયો તેમાં પ્રાચીન હિંદી અને ગુજરાતી ભાષાનો પ્રાદુર્ભાવ ઈ. ૧૦૦૦ના અરસામાં થયાનું મનાય છે. હિંદીના ઘડતરમાં વિદેશી શાસનોની અને ગુજરાતીના વિકાસમાં એના દરિયાપારના વ્યાપારી સંબંધોનો પ્રભાવ પણ નોંધનીય છે.

('राष्ट्रवीणा'માંના ડૉ. માલતી દુબેના લેખમાંથી)

પાકશાસ્ત્રનો અપૂર્વ ગ્રંથ

ચાલો રસોડામાં


લે. માલતીબેન દલાલ

અનુભવ, જાતમહેનત, પરિશ્રમ અને વર્ષોની સિદ્ધિનો પરિપાક એટલે જ અદ્ભુત જ્ઞાનની પ્રેરણા સમો આ અમૂલ્ય ગ્રંથ. જાતજાતનાં શાકભાજી, મુરબ્બા, અથાણાં, કચુંબરો, ફરસાણ, મુખવાસો, પંજાબી–મદ્રાસી–સીંધી વાનગીઓ, ૧૩૦૦થી વધુ વાનગીઓની એક એકથી ચઢે તેવી સરળ સમજૂતી આપતો ગ્રંથોનો મહારાજા સમો આ ગ્રંથ છે.

ચાલો રસોડામાં

કયા વ્રતમાં, કયા તહેવારમાં શું જમશો વગેરે માહિતી પ્રચુર આ ગ્રંથ દીકરીઓને, વહુઓને, સખીઓને લ્હાણીમાં આપી તેમના ગૃહસંસારમાં જમણની – જ્ઞાનની સુવાસ ફેલાવો.

કિંમત રૂ. ૫૦




એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.

૧૬૪ સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨

અને અન્ય વિક્રેતાઓ

આ માસનું આકાશદર્શન



ગ્રીક પુરાણોના પેલા શિકારી ઓરાયન નું નામ યાદ છે? એના શિકારના અતિરેકથી કદાચ સમગ્ર પ્રાણીસૃષ્ટિ નાશ પામશે એવા ભયથી પૃથ્વીએ એક અતિ ઝેરી વીંછીને ઓરાયનને ડંખ દઈ મારી નાખવા મોકલેલો, અને વીંછીએ એ કાર્ય બજાવીને ઓરાયનનું મોત નિપજાવી પૃથ્વીની ચિંતા ટાળી હતી. આકાશમાં એ ઓરાયન ('મૃગ'-Orion) અને એ વીંછી (વૃશ્ચિક-Scorpius) બંનેનાં નામનાં તારામંડળોમાં એમની સ્મૃતિ અમર કરેલી છે.

દક્ષિણ આકાશમાં અગ્નિ કોણે ઈશાનથી નૈઋત્ય બાજુ ઢળતી દેખાતી આકાશગંગાના પટમાં હાલમાં એ વૃશ્ચિકનું તારામંડળ એના વિશાળ કદ અને યથાનામ આકારને કારણે સ્પષ્ટપણે અલગ તરી આવે છે. બધાં તારામંડળોમાં આ જ એક એવું મંડળ છે કે જેનો આકાર એના નામ પ્રમાણે વૃશ્ચિક-વીંછીની આકૃતિ જેવો જ છે. આકાશગંગામાં પોતાનો પોણા ભાગનો દેહ વિસ્તારીને પડેલા આ વૃશ્ચિકનો દેખાવ બહુ પ્રભાવશાળી છે. 'મૃગ', 'સપ્તર્ષિ' વગેરેની જેમ એક વાર ઓળખાયા પછી એ સહેજે ન ભુલાય એવો છે. બાર રાશિઓમાં વૃશ્ચિકની પણ ગણના છે અને એના મુખ પાસેના ચીપિયાના સ્થાને 'અનુરાધા', પેટના સ્થાને 'જયેષ્ઠા' અને એની વળાંકદાર પૂછડીના સ્થાને 'મૂળ' નક્ષત્રનો સમાવેશ છે.

'પારિજાત' (Antares)એ આ તારામંડળનો યોગતારો છે, એટલે કે આ તારામંડળનો એ મુખ્ય તારો છે. 'આર્દ્રા'ના જેવા આ એક અતિવિરાટ તારાનો વ્યાસ એટલો તો મોટો છે કે સૂર્યની આસપાસ ફરતી પૃથ્વીની પ્રદક્ષિણાના પથનું જે વર્તુળ રચાય છે એવાં બે વર્તુળો પારિજાતના વ્યાસમાં સમાઈ જાય. સૂર્ય કરતાં એ ૫૦૦૦ ગણો તેજસ્વી તારો છે. પણ એનું વાયુરૂપ દળ સૂર્યના કરતાં દસ લાખમા ભાગનું જ છે. મતલબ કે પ્રયોગશાળામાં આપણે જે શૂન્યાવકાશ રચી શકીએ છીએ તેમાં વાયુનું જેટલું ઘટત્વ હોઈ શકે એટલું પાંખું પારિજાતનું ઘટત્વ છે. પારિજાત આપણાથી ૫૨૦ પ્રકાશવર્ષ દૂર છે. રતુમડો દેખાતો હોવાથી પારિજાત ક્યારેક ભૂલથી મંગળ ગ્રહ માની બેસાય એવો છે. એથી એને મંગળનો હરીફ–શત્રુ—'મંગલારિ' પણ કહે છે. આ મહાકાય તારાને એક નાનકડો સાથીદાર પણ છે જે બહુ જ ઝાંખો ને લીલાશ પડતા રંગનો દેખાય છે.

વૃશ્ચિકના ડંખને સ્થાને તેજસ્વી દેખાતો તારો એનું સ્થાન પૂર્ણતઃ ચરિતાર્થ કરે એવો જ છે. ૨૧૦ પ્ર. વ. દૂરના એ તારાની સપાટી ૨૦થી ૩૦ હજાર સે. ગ્રે. અંશ જેટલી ગરમ હોવાનું નિષ્ણાતો કહે છે. વીંછીના ડંખનો જેમને અનુભવ હશે તે સમજી શકશે કે આ તારાનું સ્થાન કેટલું યોગ્ય સ્થાને છે. એને Shaula નામ આપ્યું છે. વૃશ્ચિકમાં કેટલાંક તારાગુચ્છો પણ છે જેમાંના બે 'એમ-૬' ને 'એમ-૭' મુખ્ય છે. —બિ. ટાંક

સૂર્યનું આયુષ્ય

પોતાના દળમાંથી એક સેકંડે ૪૦ લાખ ટન જેટલું દળ ગુમાવતો કોઈ પણ પદાર્થ બહુ થોડા સમયમાં નાશ પામે એ સ્વાભાવિક લાગે છે. પણ દર સેકંડે ૫૬,૪૦,૦૦,૦૦૦ ટન જેટલા હાઈડ્રોજનને ૫૬,૦૦,૦૦,૦૦૦ ટન જેટલા હેલિયમમાં ફેરવી નાખતી પ્રક્રિયામાં છેલ્લાં ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષોથી સૂર્ય પર આવું જ થઈ રહ્યું છે, અને છતાં હજી લગભગ બીજાં ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ જેટલાં વર્ષો સુધી સૂર્ય પર આ પ્રક્રિયા જારી રહે તેમ છે, એટલું જ નહિ, પણ એ પછી યે આણ્વિક પ્રતિક્રિયાનો જે નવો દોર ચાલુ થાય તેમ છે તે બીજાં લગભગ ૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો સુધી ચાલતો રહે તેમ છે.

નંબર ૩૭ની અજાયબી

તમારા મિત્રને ત્રણ આંકડાની કોઈ પણ એક સંખ્યા લખવા કહો. આ પછી તમે તુરત બીજા ત્રણ કે છ આંકડાઓ પેલી લખેલી સંખ્યાની ડાબી કે જમણી બાજુ લખો કે જેથી એ આખી યે છ કે નવ આંકડાની સંખ્યાને ૩૭ વડે અચૂક નિઃશેષ ભાગી શકાય.

ધારો કે એણે ૩૮૭ લખ્યા. તમે હવે એની કોઈ પણ બાજુ ૬૧૨ લખી એ સંખ્યાને છ આંકડાની બનાવો. જેમ કે ૬૧૨૩૮૭ અથવા ૩૮૭૬૧૨. આ બંને સંખ્યા ૩૭થી નિઃશેષ ભાગી શકાશે.

આની ખૂબી એ છે કે ૬ આંકડાની સંખ્યામાંથી ત્રણ-ત્રણ આંકડાના બે ભાગ કરો અને આ બંને ઉમેરો. હવે આ સરવાળાને ૩૭થી ભાગી શકાય તેમ હોય તો એ આખી છ આંકડાની રકમ ૩૭થી ભાગી શકાશે. દા.ત. ૧૫૩૨૧૭ના બે ભાગ ૧૫૩+૨૧૭=૩૭૦. ૩૭૦ ને ૩૭થી નિઃશેષ ભાગી શકાય છે, એટલે ૧૫૩૨૧૭ને પણ ૩૭થી ભાગી શકાશે.

આ ગમ્મત ઝડપથી કરવા માટે એટલું જાણવું જરૂરી છે કે ૧૧૧, ૨૨૨, ૩૩૩, ૪૪૪, ... ૯૯૯. આ બધી જ એક સરખા ૩ આંકડાવાળી સંખ્યા ૩૭થી ભાગી શકાય તેવી છે. એટલે કોઈ પણ ૩ આંકડાવાળી સંખ્યા ગમ્મતની શરૂઆતમાં લખવામાં આવે તેને ૩૭થી ભાગવા માટે આપેલી સંખ્યાને ઉપર બતાવેલી સંખ્યાની નજીકની કે એવી તમને માફક આવે એવી ૩૭થી ભાગી શકાય તેવી સંખ્યામાંથી બાદ કરી બીજી સંખ્યા બનાવવી.

શરૂઆતમાં જણાવેલા ૩૮૭ની સંખ્યાને ૯૯૯માંથી સહેલાઈથી બાદ કરીને ૬૧૨ની સંખ્યા બાજુમાં મૂકી છે. આમાં ૩૮૭ની આજુબાજુમાં ૧૬૮ની સંખ્યા પણ મૂકી શકાત.

દા. ત. ૩૮૭+૧૬૮=૫૫૫÷૩૭=૧૫ વગેરે......

નવ આંકડાની સંખ્યા બનાવવા માટે એ ત્રણ આંકડાની સંખ્યા બે ભાગમાં જુદી પાડવી. જેમ કે ૬૧૨=૩૨૨+૨૯૦ અને આ બે સંખ્યા ૩૮૭ની ગમે તે બાજુ કે ગમે તેમ મૂકી શકાય. જેમ કે—
૩૨૨૩૮૭૨૯૦ ÷ ૩૭ (નિશેઃષ) અથવા તો ૩૮૭૨૯૦૩૨૨ ... વગેરે.

—કિશોર ન. ગોરધનદાસ

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૧/૧૮૭૮ પ્રકૃતિ અને માનવજાતના અદના ચાહક, સાગરજીવનના ગાયક ને ઇંગ્લૅંડના



૧૭મા રાજકવિ જ્હૉન મેઈઝફીલ્ડનો જન્મ. આ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. સોલિસિટર પિતાનું અકાળ અવસાન થતાં બચપણમાં જ એમને વ્યાપારી જહાજાતની તાલીમમાં જોડાઇને દરિયો ખેડવો પડ્યો; પણ એ પ્રતિકૂળ નીવડતાં ન્યૂ યૉર્ક જઈ એમણે નાનીમોટી મજૂરી પણ કરી. એ દરમિયાન કવિ ચૉસરની કૃતિ ઉપરથી પ્રેરાઇને એમણે રંગદર્શી શૈલીમાં કાવ્યો પણ લખવા માંડયાં. ઈ. ૧૮૯૭માં ઈંગ્લૅન્ડ પાછા ફરી વિવિધ સામયિકોમાં લખવા માંડયું. 'સ્પીકર'-ના સાહિત્ય વિભાગનું સંપાદન કર્યું, ઈ.૧૯૦૨માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સૉલ્ટવૉટર બૅલડ્ઝ' પ્રકટ થયો. આરંભથી જ એમણે જનસામાન્યને લક્ષમાં રાખીને જ લખવાનો મનસૂબો કરેલો. ૧૯૨૬માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ એમને ડૉક્ટરેટની ઉપાધિ આપી. ૧૯૩૦માં રૉબર્ટ બ્રિજિઝના અવસાન પછી પાંચમા જ્યૉર્જે એમને 'પૉએટ લૉરીએટ'નું રાજકવિપદ આપ્યું હતું.

જિંદગીના અનેક રંગ જોઈ-જીરવીને કવિ તરીકેની અનુભૂતિથી પોતાના ૯૦ જેટલા ગ્રંથોમાં એમણે કાવ્યો, નાટકો, નવલિકાઓ, નવલો, કિશોરકથાઓ, નિબંધો, જાહેર વ્યાખ્યાનો અને શેક્સપીઅર વિષેના અભ્યાસલેખ વગેરેના સર્જન દ્વારા જગત સાહિત્યને મોટું ને મોંઘું પ્રદાન કર્યું છે. તેઓ અણીશુદ્ધ સુજન હતા. ઈ. ૧૯૨૭ની ૧૨મી મેના રોજ વર્ષોથી પીડતી હૃદયની નબળાઈના કારણે એમનું અવસાન થયું. (વ્યક્તિવિશેષ)

તા. ૩/૧૯૧૬ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા મહાવિદ્યાલયની સ્થાપના.

તા. ૭/૧૯૦૫ નૉર્વે અને સ્વીડનના રાષ્ટ્રીય એકીકરણની જાહેરાત થઈ.

તા. ૮/૬૩૨ ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમદ પયગંબર સાહેબનું અવસાન.

તા. ૧૦/૧૯૦૦ 'કેકારવ'ના કવિ 'કલાપી'—લાઠીના ઠાકોર શ્રી સૂરસિંહજીનું અવસાન.

તા. ૧૩/૧૮૭૬ ચીનમાં પહેલવહેલી રેલવે ખુલ્લી મુકાઈ.

તા. ૧૫/૧૨૧૫ ઇંગ્લૅન્ડના તુમાખી રાજા જૉને જ્યારે બધા કાયદાકાનૂનો નેવે મૂકીને મનસ્વી રીતે વર્તવા માંડયું ત્યારે મુખ્યત્વે એના અમીરો (બૅરનો)એ તેની સામે માથું ઊંચકીને તેને નમાવ્યો, અને રનીમીડના બીડમાં આ તારીખે પ્રજાના હક્કનામા પર મહોર મારી આપવા ફરજ પાડી. ઇંગ્લૅન્ડની પ્રજાના હક્કપત્ર રૂપ મનાતા એ મોટા ખરીતા (મૅગ્ના ચાર્ટા) પર રાજાની સહી થઈ તે દિવસથી ઇંગ્લૅન્ડની લોકશાહીનો પાયો નખાયો મનાય છે. (પ્રસંગવિશેષ)

તા. ૧૮/૧૮૫૮ ભારતની વીરશ્રી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું સ્વાતંત્ર્યયુદ્ધમાં અવસાન.

તા. ૧૯/૧૯૧૮ ભારતમાં સર્વ પ્રથમ ઈન્ફ્લ્યુએન્ઝાની બીમારીના પ્રકોપનો મુંબાઈમાં આરંભ.

તા. ૨૦/૧૮૩૭ ઈંગ્લૅન્ડના રાજા વિલિયમ ચોથાનું અપુત્ર અવસાન થતાં, તથા તેનો ભાઈ ડ્યૂક ઑવ કેન્ટ આ અગાઉ જ અપુત્ર મરણ પામ્યો હોઈ એની ૧૮ વર્ષની પુત્રી વિક્ટોરિયાને બ્રિટનની રાજગાદી મળી. ઇંગ્લૅંડનાં હાલનાં રાણી ઇલિઝાબેથ બીજાંનો રાજ્યાભિષેક પણ આ જ માસની ૨જી તારીખે ઈ. ૧૯૫૮માં થએલો. (પ્રસંગવિશેષ)

તા. ૨૨/૧૮૯૭ 'કેસરી'માં હિંસાની ઉશ્કેરણીના આરોપસર લોકમાન્ય ટિળકને જન્મકેદ.

તા. ૨૩/૧૭૫૭ પલાશીના યુદ્ધમાં રૉબર્ટ ક્લાઈવની સામે નવાબ સિરાજુદ્દોલાની હાર.

તા. ૨૪/૧૯૪૦ માત્ર અગિયાર દિવસના યુદ્ધમાં ફ્રાંસ હિટલરને શરણે ગયું.

તા. ૨૫/૧૯૩૯ ગુજરાતમાં મૉન્ટેસોરી શિક્ષણ પદ્ધતિના પ્રથમ પુરસ્કર્તા અને ગુજરાતી બાલસાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવનાર ગિજુભાઈ બધેકાનું અવસાન.

તા. ૨૮/૧૮૭૯ હિંદુસ્તાનમાં એક પૈસાવાળા પોસ્ટકાર્ડનો ટપાલવ્યવહાર શરૂ થયો.



એક સરદારજી એક ઊંચા મિનારા પર ચડી ગએલા, ને નીચે એકઠા થએલા લોકોની અનેક સમજાવટ છતાં નીચે ઊતરતા નહોતા. એવામાં એક બીજા સરદારજી ત્યાં આવી ચડયા. તેણે પેલાને ધમકાવીને કહ્યું : 'ઊતરે છે કે નહિ; નહિતર હમણાં બ્લેડથી મિનારો કાપી નાખીશ.'

અને એ સાંભળીને પેલા સરદારજી સડસડાટ નીચે ઊતરી ગયા.

વિમાનમાં ચડનારા ઉતારુઓની લાઈન લાંબી હતી, તેથી તેને થોડો સમય થોભાવવાના ઈરાદે એક સરદારજી આગળ વિમાનના નોકરે અટકાવીને કહ્યું : 'વૅઈટ પ્લીઝ.'

'એક સોને પાંસઠ રતલ' સરદારજી બોલ્યા.

એક દિવસ એક પ્રોફેસર ઉમંગમાં આવી ગયા ને પત્નીને કાંઈક ભેટ આપીને આશ્ચર્યમાં નાખી દેવાનો વિચાર કરી મજૂરને બોલાવી તેને માથે ટેબલ મુકાવી બજાર ગયા. રસ્તામાં એક મિત્ર મળી ગયો. તેણે પૂછ્યું : 'કેમ પ્રોફેસર, મકાન બદલ્યું?'

'નહિ દોસ્ત, પત્નીને માટે ટેબલક્લૉથ ખરીદવા જાઉં છું'. 'પ્રોફેસરે જવાબ આપ્યો.

એક : મારી પત્ની એટલા આળા સ્વભાવની છે કે નાની સરખી વાતમાં છણકાઈ જાય છે.

બીજો : તું વળી એટલો નસીબદાર છે. મારી તો 'સેલ્ફ સ્ટાર્ટર' છે.



(જનસત્તામાં 'શિવ')

જગતની ભૂલભુલામણીમાં રખે, બાપુ! ભૂલો પડતો:
જજે શર શો જીવનપન્થે સીધો ઇતિહાસને ઘડતો.

— ન્હાનાલાલ —

મહારાષ્ટ્રીય સંત એકનાથ ખૂબ નમ્ર ને પ્રેમભાવી હતા. તેમને ગુસ્સે કરવાના ઈરાદે એક માણસ, તે મંદિરમાં ભક્તિલીન હતા ત્યાં જઈ તેમને ખભે ચડી બેઠો. એકનાથે હસીને તેને કહ્યું : 'આવ ભાઈ આવ; મને મળવા તો ઘણા આવે છે. પણ તારા જેટલો પ્રેમ કોઈએ દાખવ્યો નથી. તું ભલે આવ્યો.'

અને પેલો માનવી આ ક્ષમાશીલતાથી શરમાઈ તેમનાં ચરણે ઢળી પડચો.

કહેવતોના અર્થ : 'આવતી વહુ ને બેસતો રાજા.'–આ જાણીતી કહેવતનો સુવિદિત અર્થ એ છે કે (બંનેની બાબતમાં) માણસે પાડેલી પહેલી છાપ ઉપરથી જ તેની કિંમત અંકાય છે. પણ એ આખો છપ્પો વળી કાંઈક બીજો જ (અને અનુભવે સાચો પડેલો) અર્થ દાખવે છે :

આવતી વહુ ને બેસતો રાજા,
પહેલી રાખે શરમ ને પછી મૂકે માઝા.

૧થી માંડીને ગમે તેટલી મોટી સંખ્યા સુધીના બધા આંકડાનો સરવાળો કરવાની એક સહેલી રીત છે : છેલ્લી સંખ્યાને એના પછીની જ સંખ્યા વડે ગુણી, અર્ધા કરતાં આવે તે જવાબ. જેમ કે ૧થી૬ સુધીની સંખ્યાનો સરવાળો (૧+૨+૩+૪+૫+૬=) ૨૧ થાય છે; તેને આ સહેલી રીતે ગણતાં ૬×૭=૪૨÷૨=૨૧.




હજી યે દુનિયાના ઘણા દેશોમાં પ્રવર્તતા રંગભેદને દૂર કરવા પ્રતિ પ્રવૃત્ત થવા સારુ ગઈ ૨૧મી માર્ચથી આરંભાએલા 'ઇન્ટરનૅશનલ ઍન્ટીઍપર્થાઇડ ઈઅર'ની ધ્યાન-સંજ્ઞા. સંયુક્ત રાષ્ટ્રસંઘની સંજ્ઞાસૂચક પાનડાળની વચ્ચે કાળી પીળી–ઘઉંવર્ણી ને ગોરી પ્રજાઓના ઐક્યનું એમાં સરળ સૂચક આલેખન છે.

કાચને ગરમ કરતાં ઠંડા પાણીથી સાફ કરવાથી તે વધુ ચળકાટ આપે છે.

व्याघ्रीव तिष्ठति जरा परिकर्त्तयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति गात्रे।
आयुः परिस्त्रवति भिन्न-घटादिवांभो
लोको न चात्म-हितमाचरतीति कष्टम् ॥

વૃદ્ધાવસ્થા વાઘણની જેમ કરડવા આવી રહી છે, શત્રુઓની જેમ નાના વ્યાધિઓ શરીર પર આક્રમણ કરી રહ્યા છે, ફૂટેલા માટલામાંથી ગળી જતા પાણીની જેમ આયુ ક્ષીણ થતું જાય છે, છતાં ખેદની વાત તો આ છે કે લોકો આત્મહિતનું આચરણ નથી કરતા.



વરાળના બળથી ચાલતું 'સ્ટીમ ટર્બાઈન' એ નવા જમાનાનો એક મહાન શક્તિસ્રોત ગણાય છે, પણ એની પાયાની શોધ તો ૨૦૦૦ વર્ષ પૂર્વે ઍલેક્ઝાંડ્રિયાના હેરોએ કરી હતી.

કબજિયાતના ઘરગથ્થુ ઉપચાર

* ૨૦ થી ૨૫ કાળી સૂકી દ્રાક્ષ સવારે પાણીમાં પલાળી રાખવી. બીજા દિવસે સવારે તેને નરણા કોઠે ખૂબ ચાવી ખાવાથી કબજિયાત મટે છે.

* જમ્યા પછી એકાદ કલાકે ત્રણથી પાંચ હિમેજ ખૂબ ચાવીને ખાવાથી કબજિયાતની કડીઓ તૂટે છે.

* બે કપ પાણીમાં એક ચમચી ત્રિફળા ચૂર્ણ નાખી ઉકાળવું. ઊકળતાં ઊકળતાં અરધો કપ બાકી રહે ત્યારે ઉતારવું. થોડું થોડું ગરમ હોય ત્યારે આ દ્રાવણ રાત્રે સૂતી વખતે પીવાથી કબજિયાતની ફરિયાદ દૂર થાય છે.

* એક કપ પાણીમાં બે થી અઢી તોલા ગરમાળાનો ગોળ નાખી ઉકાળીને પીવાથી, વર્ષો જૂની કબજિયાત મટે છે.

એક માણસની ચામડી સરેરાશ સોળ ચોરસ ફૂટ જેટલી થાય છે.


એક થાળી લઈ તેની અંદર સહેજ દિવેલ ચોપડી દેવું. પછી તે પર કોરા રંગ વડે રંગોળી પાડવી. થોડી વાર પછી તેના પર ધીરી ધારે પાણી રેડીને થાળી ભરી દેવી. સાચવીને પાણી રેડશો તો રંગોળી જરા પણ ભૂંસાશે નહિ અને જોનારાને ભારે નવાઈ લાગશે.



ટિકિટકથા : ઈ. ૧૯૦૩ના ડિસેમ્બરમાં નૉર્થ કૅરોલિનાના કિટ્ટી હૉક કિનારે રાઈટ બંધુઓએ કરેલા સૌ પ્રથમ વિમાની ઉડ્ડયનની ૭૫મી જયંતી નિમિત્તે હિંદી મહાસાગરમાં આવેલા માલદીવ પ્રજાસત્તાકે યાંત્રિક ઉડ્ડયનના ઐતિહાસિક પ્રસંગોને રજૂ કરતી નવ ટિકિટોની શ્રેણી બહાર પાડી છે. તેમાંની આ એક પાંચ રૂપિયાની ટિકિટ પર પ્રથમ વિશ્વયુદ્ધના સમયના વિખ્યાત વિમાન 'બી ઈ–૨'ને વિલ્ટશાયરના યુપાવૉનની સેન્ટ્રલ ફ્લાઇંગ ટ્રેનિંગ સ્કૂલના ઍરોડ્રોમ પર દર્શાવતું ચિત્ર આપ્યું છે.

અંકસંદર્ભ–**આઠ :** અષ્ટ દિશા–પૂર્વ, આગ્નેય, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન્ય.

કીટલીનો આંકડિયો ઘણી વાર ગરમ થઇ જાય છે ત્યારે ઉપાડતાં પડતી અડચણ અટકાવવા આંકડિયા પર મજબૂત દોરી કે સૂતળીનાં બે ત્રણ પડ કસોકસ વીંટી લેવાં. નહિ દઝાય.



કલાકણિકા : કાગળ કટાઈના આ નમૂનામાં એક સફેદ કાગળને અનેકગણી ગડી પાડીને તેની કિનારો સુંદર આકૃતિમાં કાતરથી કાપી લેસ જેવો આકાર બનાવ્યો છે.